અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : 13 સપ્ટેમ્બર 2026 રવિવાર
વિક્રમ સંવત 2082, ભાદરવા સુદ - 2

વર્ષ : 18
અંક : 74

તંત્રી: પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. 2.00
પાના : 8


» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3

સાઉદી અરેબિયા પર મોટો ડ્રોન હુમલો : 50 લાખ બેરલ તેલ આપતી ઈસ્ટ-વેસ્ટ પાઈપલાઈન બંધ, પમ્પિંગ સ્ટેશનો ભડકે બળ્યા; ગ્લોબલ ઓઈલ સંકટ ઘેરાયું

4

ગણપતિ પૂજામાં તુલસી કેમ છે વર્જિત? મૂર્તિ સ્થાપના વખતે આ ભૂલો કરી તો પૂજાનું ફળ નહીં મળે

6

આલિયા ભટ્ટના બોડીગાર્ડે ચાહકને સાઇડમાં ખસેડ્યો : સેલ્ફી લેવા નજીક ગયો હતો; 'ડોન્ટ બી શાય'ના ટ્રેલર લોન્ચ ઈવેન્ટમાં Gen-Z સ્લેંગ પર આપ્યો મજેદાર જવાબ

7

અંબાણી-અદાણીની સંપત્તિ ₹1.41 લાખ-કરોડ ઘટી, છતાં ટોપ પર : ફોર્ચ્યુન ઈન્ડિયા ટોપ-100માં 56 અબજોપતિઓની સંપત્તિ વધી, 31ની ઘટી; 13 નવા ચહેરા શામેલ

### ટેરર ફંડિંગ રોકવા પર ભાર; કહ્યું- આતંકવાદીઓને આશ્રય આપનારાઓ પર સાથે મળીને કાર્યવાહી કરીશું

# BRICSના સંયુક્ત નિવેદનમાં પહેલગામ હુમલાની નિંદા

## ભારત માટે મોટી રાજદ્વારી સફળતા તરીકે BRICS દેશોએ શનિવારે નવી દિલ્હી ઘોષણાને સર્વસંમતિથી મંજૂરી આપી દીધી

**નવી દિલ્હી, તા.12**

રશિયા અને ચીન સહિત BRICS દેશોએ પહેલગામ આતંકી હુમલાની નિંદા કરી છે. દેશોએ કહ્યું કે આતંકવાદીઓને આશ્રય આપનારાઓ સામે મળીને કાર્યવાહી કરવામાં આવશે.આ સાથે જ, આતંકવાદીઓ સુધી પહોંચતી ફંડિંગ રોકવા અને તેમને સુરક્ષિત ઠેકાણાં આપનારાઓ પર કાર્યવાહી કરવા પર પણ સહમતિ બની છે. BRICS દેશો વચ્ચે સંયુક્ત નિવેદન જાહેર કરવા પર સહમતિ એવા સમયે બની છે, જ્યારે પશ્ચિમ એશિયામાં તણાવ છે અને ઈરાન, સાઉદી અરબ અને UAEના ઘણા મુદ્દાઓ પર અલગ-અલગ વલણ છે. ભારતે સતત વાતચીત દ્વારા આ મતભેદોને દૂર કરવા અને સભ્ય દેશો વચ્ચે સામાન્ય સહમતિ બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી. ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પજશકિયાન BRICS સમિટ દરમિયાન UAEના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન ઝાયદને મળ્યા. બંને નેતાઓની આ મુલાકાત એવા સમયે થઈ છે, જ્યારે પશ્ચિમ એશિયામાં તણાવ વધ્યો છે અને ઘણા પ્રાદેશિક મુદ્દાઓ પર બંને દેશોના વલણ અલગ છે. જોકે, ઈરાન અને UAE છેલ્લા કેટલાક વર્ષોથી સંબંધો સુધારવાનો પ્રયાસ કરી રહ્યા છે. આવા સમયે, આ મુલાકાત તણાવ વચ્ચે બંને દેશો માટે વાતચીતનો માર્ગ ખુલ્લો રાખવાનો સંકેત છે. બ્રિક્સ દેશોએ આતંકવાદ વિરુદ્ધ કડક વલણ અપનાવતા કહ્યું કે આતંકવાદને કોઈ ધર્મ, રાષ્ટ્રીયતા કે સમુદાય સાથે જોડવો જોઈએ નહીં. સભ્ય દેશોએ આતંકવાદના દરેક સ્વરૂપની નિંદા કરી અને તેની સામે મળીને કાર્યવાહી કરવા પર ભાર મૂક્યો. ઘોષણામાં કહેવામાં આવ્યું કે આતંકવાદને કોઈપણ કારણસર યોગ્ય ઠેરવી શકાય નહીં. આતંકવાદીઓને ભંડોળ પૂરું પાડનારા અને તેમને સુરક્ષિત આશ્રય આપનારાઓ સામે પણ કાર્યવાહી જરૂરી છે. ભારત માટે મોટી રાજદ્વારી સફળતા તરીકે BRICS દેશોએ શનિવારે નવી દિલ્હી ઘોષણાને સર્વસંમતિથી મંજૂરી આપી દીધી. પશ્ચિમ એશિયાના સંઘર્ષને લઈને ઈરાન અને UAE વચ્ચેના મતભેદો છતાં અનેક રાઉન્ડની વાતચીત બાદ સહમતિ સધાઈ. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બે દિવસીય BRICS સમિટના પ્રથમ દિવસની બેઠકના અંતે ઘોષણાને મંજૂરી આપવાની જાહેરાત કરી. વડાપ્રધાન મોદીએ BRICS સમિટના સમાપન પર કહ્યું કે દેશોના વિચારો અલગ હોઈ શકે છે, પરંતુ BRICS સાથે મળીને કામ કરવાની પ્રતિબદ્ધતા સ્પષ્ટ છે. તેમણે કહ્યું કે બદલાતી દુનિયાને જૂની સંસ્થાઓના ભરોસે ચલાવી શકાય નહીં. વૈશ્વિક સંસ્થાઓમાં પ્રતિનિધિત્વ, કામ કરવાની રીતો અને નિયમો બનાવવાની પ્રક્રિયામાં સુધારા જરૂરી છે. મોદીએ કહ્યું કે ગ્લોબલ સાઉથની ભવિષ્યની તકનીકો અને તેનાથી સંબંધિત નિયમો બનાવવામાં સમાન ભાગીદારી હોવી જોઈએ. BRICS દેશોએ પોતાના નિર્ણયો અને તેના પરિણામો વચ્ચેનું અંતર સમાપ્ત કરવા માટે સાથે મળીને કામ કરવું પડશે. તેમણે કહ્યું કે આજે અપનાવવામાં આવેલી નવી દિલ્હી ઘોષણા BRICSના આગળ વધવાની દિશા સ્પષ્ટ કરે છે.




### 'કિર્તીદાન ગઢવી અને તેમના દીકરા 8-10 કરોડના સ્પોન્સર લાવવાના હતા' : સ્પોન્સર આવ્યા પણ તેમના પૈસા આવ્યા નથી

### દર્શન શાહનું ભાગીદારીમાં નામ નથી છતાં ફરિયાદ: પાર્શ્વ જ્વેલર્સના વકીલ

**અમદાવાદ, તા.12**

જાણીતા ગુજરાતી ગાયક કિર્તીદાન ગઢવીના 2025માં નોરતા નગરીના નામે ગરબા યોજાયા હતા. જેમાં ભાગીદાર અને પાર્શ્વ જ્વેલર્સના માલિક દર્શન શાહે બારોબર પાસ વેચીને 10 કરોડની ઉચાપત કરી હોવાના આક્ષેપ સાથે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે. જોકે દર્શન શાહના વકીલ કિશન ચકવાવાલાએ કહ્યું હતું કે, નોરતા નગરીના ગરબામાં દર્શન શાહ ભાગીદાર જ નથી. કિર્તીદાન ગઢવીએ ઓળખાણનો ઉપયોગ કરી તેમના ગ્રુપે પોલીસથી ખોટી ફરિયાદ નોંધાવી છે. જે અંગે હાઈકોર્ટમાં પોલીસ અને કિર્તીદાન ગઢવીના ગ્રુપ સામે અરજી કરીશું.

**'કિર્તીદાન ગઢવીના ગ્રૂપે ખોટી ફરિયાદ નોંધાવી'**

પાર્શ્વ જ્વેલર્સના માલિક દર્શન શાહના વકીલ કિશન ચકવાવાલાએ જણાવ્યું હતું કે, નોરતા નગરી ગરબામાં દર્શન શાહ ભાગીદાર નથી. નોરતા નગરીમાં દર્શન શાહના પરિચિત જ્યેશ પરમાર ભાગીદાર હતા. એગ્રિમેન્ટ ડીડ પર જ્યેશ પરમાર, અર્જન ભૂતિયા, કૃષ્ણ ગઢવી અને જીગર ચૌહાણ ભાગીદાર હતા, છતાં સરખેજ પોલીસ સ્ટેશનમાં કિર્તીદાન ગઢવીના ગ્રુપ દ્વારા ખોટી ફરિયાદ નોંધાવવામાં આવી છે.



ગરબામાં કિર્તીદાન ગઢવી અને તેમના દીકરા કૃષ્ણ ગઢવીએ 8થી 10 કરોડના સ્પોન્સર લાવવાના હતા, સ્પોન્સર આવ્યા પણ તેમના પૈસા આવ્યા નથી. 'કિર્તીદાને નક્કી કરેલ કોઈ પણ રકમ ભાગીદારોને મળી નથી'

કિર્તીદાન ગઢવીએ નક્કી કરેલ કોઈ પણ રકમ ભાગીદારોને મળી નથી. સમગ્ર પ્રકરણમાં ઉલ્ટા ચોર કોટવાલ કો ડાટે તેવી સ્થિતી ઉભી થઈ છે. કિર્તીદાન ગઢવીની ભલામણથી જ અગાઉ પણ જ્યેશ પરમારને પોલીસ દ્વારા હેરાન કરવામાં આવ્યા હતા જે અંગે કોર્ટમાં અરજી કરી હતી. અગાઉની અરજીમાં પણ કિર્તીદાન ગઢવી અને અન્ય લોકો કોર્ટમાં હાજર રહ્યા નથી. દર્શન શાહ બિલકુલ નિર્દોષ હોવા છતાં તેમને ખોટી રીતે આ કેસમાં ફસાવવામાં આવી રહ્યા છે.

**તમામ પ્રકરણ ગુજરાત હાઈકોર્ટમાં પેન્ડિંગ**

અમારી ત્રણ ફરિયાદ પેન્ડિંગ છે અને તે સાથે અમે ગુજરાત હાઈકોર્ટમાં પણ ચાર પિટિશન કરી છે. જેમાં ફેબ્રુઆરી, મે અને જૂનમાં અમારા લાભમાં ટાઈમ ટુ ટાઈમ ઓર્ડરો થયા છે. આ તમામ પ્રકરણ ગુજરાત હાઈકોર્ટમાં પેન્ડિંગ હોવા છતાં, કોગ્નિઝન્સ લેવાઈ ગયા હોવા છતાં અત્યારે 9 સપ્ટેમ્બર, 2026ના રોજ તાજેતરમાં આ ફરિયાદ નોંધવામાં આવી છે તે પણ એક શંકાનો વિષય છે. કારણ કે આ સમગ્ર પ્રકરણ હતું ગયા વર્ષનું અને અત્યારે નવરાત્રિનો પર્વ આવી રહ્યો છે, જેથી અમને બદનામ કરવા માટે મોટિવેટેડ અટેમ્પ્ટ છે અમને રિડિક્યુલ કરવાનું.

### ગીર સોમનાથના ઉના-ગીરગઢડા, મહિસાગરમાં ધોધમાર વરસાદ :

## આજે 3 જિલ્લામાં અતિભારે અને 7 જિલ્લામાં ભારે વરસાદની આગાહી

**ગીર સોમનાથ, તા.12**

12 સપ્ટેમ્બરે ગુજરાતના કેટલાક વિસ્તારોમાં વરસાદ ખાબક્યો હતો. ગીર સોમનાથ જિલ્લાના ઉના અને ગીર ગઢડામાં ક્યાંય ધીમીધારે તો ક્યાંય ધોધમાર વરસાદ વરસ્યો હતો. જ્યારે મહિસાગર જિલ્લામાં લુણાવાડામાં સવારે વરસાદી ઝાપટું તો બપોર બાદ સંતરામપુરના કેટલાક વિસ્તારોમાં ભારે પવન ફૂંકાવાની સાથે ધોધમાર વરસાદ વરસ્યો છે. ગુજરાતમાં આગામી 4 દિવસમાં વરસાદી માહોલ વધુ સક્રિય થવાની આગાહી હવામાન વિભાગે કરી છે. આજે 12 સપ્ટેમ્બરથી 15 સપ્ટેમ્બર સુધી રાજ્યના કેટલાક વિસ્તારોમાં અતિભારે અને કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આજે નવસારી, વલસાડ અને ડાંગમાં ઓરેન્જ એલર્ટ અને સુરત, વડોદરા સહિત 7 જિલ્લામાં ભારે વરસાદનું યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જ્યારે આવતીકાલે એટલે કે 13 સપ્ટેમ્બરે તો નવસારી, વલસાડ, દમણ, દાદરા અને નગર હવેલીના છુટાછવાયા સ્થળોએ અત્યંત ભારે વરસાદનું રેડ એલર્ટ આપવામાં આવ્યું છે.



**ગીર ગઢડાના સનવાવમાં ધોધમાર વરસાદ વરસ્યો**

ગીર સોમનાથના ઉના શહેરમાં ધીમીધારે તો કોઠારી ગામમાં ધોધમાર વરસાદથી રસ્તાઓ પર પાણી ફરી વળ્યા હતા. જ્યારે ગીર ગઢડા તાલુકાના સનવાવમાં પણ ધોધમાર વરસાદ વરસ્યો છે. લાંબા વિરામ બાદ મેઘમહેરથી ખેડૂતોમાં રાહત થઈ છે. સુકાઈ રહેલા પાકને નવજીવન મળવાની આશા છે. મહીસાગર જિલ્લામાં લુણાવાડામાં વહેલી સવારે વરસાદી ઝાપટા બાદ સાંજના સમયે પણ વાતાવરણમાં પલટો આવ્યો હતો. વીજળીના કડાકા ભડાકા સાથે વાદળો છવાયા હતા. જે બાદ શહેરમાં ધોધમાર વરસાદ ખાબક્યો હતો. તો આ તરફ સંતરામપુરના અનેક વિસ્તારોમાં ભારે પવન ફૂંકાવાની સાથે વરસાદ ખાબક્યો હતો.

**40 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા**

હવામાન વિભાગ મુજબ ઉત્તર-પશ્ચિમ તથા પશ્ચિમ મધ્ય બંગાળની ખાડી અને ઓડિશા-ઉત્તર આંધ્રપ્રદેશના દરિયાકાંઠા નજીક લો-પ્રેશર એરિયા સક્રિય છે. આ સાથે સાયક્લોનિક સર્ક્યુલેશન પણ સક્રિય છે અને આગામી 24 કલાકમાં વધુ મજબૂત બની પશ્ચિમ-ઉત્તરપશ્ચિમ તરફ આગળ વધવાની શક્યતા છે. આ ઉપરાંત ઉત્તર રાજસ્થાનથી લો-પ્રેશર વિસ્તાર સુધીની ટ્રફ પણ સક્રિય છે. આગામી દિવસોમાં ગાજવીજ અને વીજળી સાથે 30થી 40 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની પણ શક્યતા છે.

### 25થી વધુ ઉલટીઓ થઈ છતાં પોલીસને ન કહેવા દબાણ કર્યું; ભાવનગર લઠ્ઠાકાંડમાં વધુ એકનું મોત

# નકલી રોયલ સ્ટેગની બોટલ સંતાડી રાખી, બબાલ થતા મિત્રને પીવડાવી

### લઠ્ઠાકાંડ વખતે પોલીસે પૂછપરછ કરતાં મુકેશે દારૂ ઢોળી નાખ્યો હોવાનું ખોટું કહીને બોટલ પોતાના ઘરના દાદરા નીચે સંતાડી રાખી

**ભાવનગર, તા.12**

ભાવનગરમાં જે નકલી રોયલ સ્ટેગ દારૂ પીને 13 લોકો મોતને ભેટ્યા હતા, તેમાં એકનો વધારો થયો છે. આનંદનગર વિસ્તારમાં ધંધાકીય અદાવતમાં મુકેશ પટેલ નામના રિક્ષા ચાલકે તેના જ મિત્ર ભાવેશ વિસાણીને લઠ્ઠાકાંડવાળી જ નકલી રોયલ સ્ટેગ આપી. બાદમાં આ ઝેરી દારૂ પીતા તેની તબિયત લથડી.

ભાવેશ વિસાણીને 25થી વધુ ઉલટી થઈ છતાં પોલીસને ન કહેવા મુકેશે દબાણ કર્યું ને અંતે હોસ્પિટલમાં મોત થતા લઠ્ઠાકાંડમાં મોતનો આંકડો 14એ પહોંચ્યો છે.

ઉલ્લેખનીય છે કે લઠ્ઠાકાંડ વખતે પોલીસે પૂછપરછ કરતાં મુકેશે દારૂ ઢોળી નાખ્યો હોવાનું ખોટું કહીને બોટલ પોતાના ઘરના દાદરા નીચે સંતાડી રાખી હતી.

ભાવનગર લઠ્ઠાકાંડ મામલે ગાંધીનગર સ્ટેટ મોનીટરીંગ સેલે તપાસ હાથ ધરી મુખ્ય સૂત્રધાર, મટીરીયલ સપ્લાયર, ઝેરી દારૂનું વેંચાણ કરનારા અને મુખ્ય સૂત્રધાર સાથે સંકળાયેલા પોલીસ કર્મચારી સહિત 40 આરોપીની ધરપકડ કરી હતી અને રિમાન્ડ બાદ તમામ 40 આરોપીને જેલહવાલે કરી દેવાયા છે.



ગત 4 સપ્ટેમ્બરે આનંદનગર, હુડકો ખાતે રહેતા અને રિક્ષા ચલાવતા 48 વર્ષીય ભાવેશ ધીરુભાઈ વિસાણીને અચાનક તાવ, ગભરામણ અને સતત ઉલટીઓ થતાં સારવાર અર્થે ભાવનગરની સર ટી. હોસ્પિટલના MICU-2માં દાખલ કરાયા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નિપજ્યું હતું. તબીબોને પ્રાથમિક દ્રષ્ટિએ આલ્કોહોલ લીધો હોવાની આશંકા જણાતાં પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી. મૃતકના બ્લડ સેમ્પલ FSL ગાંધીનગર ખાતે મોકલાતા રિપોર્ટમાં મિથાઈલ આલ્કોહોલ 0.0818% W/V હોવાનું સામે આવ્યું હતું.

**મૂળ મહીસાગરના યુવકે ભાવનગરની સર ટી હોસ્પિટલમાં અને એકે ખાનગી હોસ્પિટલમાં દમ તોડ્યો**

પોલીસે અકસ્માતે મોતના ગુનામાં ખાનગી રાહે તથા CCTV ફૂટેજ આધારે તપાસ શરૂ કરી હતી. તપાસ દરમિયાન મૃતક ભાવેશભાઈ અને તેમના મિત્ર મુકેશ હસમુખ પટેલ વચ્ચે સ્કૂલ વર્ધીના ધંધા બાબતે મનદુઃખ હોવાનું સામે આવ્યું હતું. મુકેશ પટેલની કડક પૂછપરછ કરતાં તેણે ગુનાની કબૂલાત કરી હતી.

આ પણ વાંચો: સંજયને સુરત જતા સમયે પહેલા પેગમાં જ અજુગતુ લાગ્યું

**દારૂ ઢોળી નાખ્યાનું ખોટું કહીને બોટલ ઘરમાં સંતાડી રાખી**

મુકેશ પટેલે જણાવ્યું હતું કે, ગત 14 ઓગસ્ટે તેણે સંજય નામના શખ્સ પાસેથી રોયલ સ્ટેગની દારૂની બોટલ ખરીદી હતી. બાદમાં ભાવનગરમાં આ બોટલ પીવાથી 13 લોકોના મોત થયા હોવાના સમાચાર મળતા અને પોલીસે પણ પૂછપરછ કરતાં મુકેશે દારૂ ઢોળી નાખ્યો હોવાનું પોલીસને ખોટું કહીને બોટલ પોતાના ઘરના દાદરા નીચે સંતાડી રાખી હતી.

આ પણ વાંચો: શું નકલી દારૂનું ઝેર ઉતારવા ઈથેનોલનો ઉપયોગ થાય છે?

**ભાવેશને 25થી વધુ ઉલટીઓ થતાં મુકેશને ફોન કર્યો**

આ દરમિયાન મુકેશને ભાવેશ વિસાણી સાથે સ્કૂલ વર્ધી ગોઠવવા બાબતે બોલાચાલી થઈ હતી તેથી ભાવેશનો કાંટો કાઢી નાખવા અને ધંધામાં આર્થિક ફાયદો મેળવવા માટે મુકેશે આ ઝેરી દારૂ ભાવેશને પીવડાવી દેવાનું ગુનાહિત ષડયંત્ર રચ્યું હતું.



# ઉસ્માનપુરાની એશિયા પેસિફિક કોલેજ બહાર નબીરાની શો-બાજી

## થાર ચાલકે ઝીગઝેગ કટ મારીને સ્ટંટ કર્યા, એક મહિનામાં રફતારનો ત્રીજો બનાવ

**અમદાવાદ, તા.12**

અમદાવાદના પશ્ચિમ વિસ્તારમાં નબીરાઓના કાર લઈને સ્ટંટ કરવાના બનાવ વધી રહ્યા છે, ત્યારે વધુ એક વીડિયો સામે આવ્યો છે. જેમાં ઉસ્માનપુરામાં આવેલી એશિયા પેસિફિક કોલેજ છૂટવાના સમયે કોલેજ બહાર એક થાર ચાલકે ઝીગઝેગ કટ મારીને સ્ટંટ કર્યા હતા. થારચાલકે જોખમી રીતે ગાડી ચલાવી વિદ્યાર્થીઓના જીવ અધ્ધર કરી દીધા હતા. બનાવની જાણ થતા ટ્રાફિક પોલીસ દ્વારા તપાસ શરૂ કરવાના આવી છે.







પાયલટ, લંગડાના પૌત્ર આદિત્ય અને હવે આ નબીરો

એક જ મહિનામાં શહેરના પશ્ચિમ વિસ્તારમાં સ્ટંટબાજીનો ત્રીજો બનાવ છે. અગાઉ એક પાયલોટ યુવકે પૂરઝડપે પોર્શે કાર ચલાવી લોકોના જીવ જોખમમાં મૂક્યા હતા. જે બાદ બુટલેગર કિશોર લંગડાના પૌત્ર આદિત્ય રાઠોડે પણ મસ્ટાંગ કાર રોંગ સાઈડમાં ચલાવી ઝઘડો કરી મારામારી કરી હતી. હવે આ ત્રીજો બનાવ બન્યો છે જેને લઈને સવાલ ઊભા થયા છે. આ બનાવમાં મોટી જાનહાનિ થવાની પણ સંભાવના હતી પરંતુ સદનસીબે થઈ નથી.

પૂરઝડપે થાર ચલાવીને કટ મારીને સ્ટંટ કર્યા

'હવે નહીં કરુ...સોરી.... પગે લાગું'

વિદ્યાર્થિનીઓ આવી રહી હતી ને ઝીગઝેગ સ્ટાઈલમાં સ્ટંટ કર્યા

ઉસ્માનપુરા પાસે આવેલી એશિયા પેસિફિક કોલેજ બહાર GJ 01 WA 7755નંબરની થાર પૂર ઝડપે આવી રહી હતી. આ કારચાલક દ્વારા સર્પાકાર ઝીગઝેગ સ્ટાઈલમાં કાર ચલાવવામાં આવી રહી હતી. બરોબર કોલેજ છૂટવાના સમયે વિદ્યાર્થિનીઓ આવી રહી હતી ત્યારે જ નબીરાએ રફ ડ્રાઈવિંગ કરી સ્ટંટ કર્યા હતા. થારનો વીડિયો પણ વાયરલ થયો છે. વીડિયોમાં કોલેજના વિદ્યાર્થીઓના જીવ જોખમમાં મુકાય તે રીતે કાર ચલાવતો કાર ચાલક દેખાઈ રહ્યો છે.

લોકો પકડ્યો તો માફી માગીને નાસી ગયો

જોકે કાર ચાલક આ રીતે ડ્રાઈવ કરતા થોડે આગળ જ સ્થાનિકોએ કાર ચાલકને ઊભો રાખ્યો હતો, ત્યારે થારચાલક પોતાની ભૂલ સ્વીકારી લોકોની માફી માંગી રહ્યો હતો. સ્થાનિકોએ કાર ચાલકને બરોબરને ધમકાવ્યો હતો જે બાદ કાર ચાલક ત્યાંથી નાસી ગયો હતો.

આ વીડિયો વાયરલ થતા ટ્રાફિક પોલીસે તપાસ શરૂ કરી છે. પોલીસ દ્વારા કારના નંબરના આધારે માલિકની તપાસ કરવામાં આવી રહી છે. કાર ચાલક દારૂના નશામાં હતો કે કેમ તેની પણ તપાસ કરાશે.

પાયલટે પ્લેનની જેમ જ પોર્શે ઉડાવી,

અમદાવાદના રસ્તા જાણે કે રન વે હોય તેમ એક પાયલટ યુવકે લો ગાર્ડન પાસે પૂરઝડપે મોંઘીદાટ પોર્શે કાર 100થી વધુની સ્પીડે દોડાવી હતી. આ કારની રફતારના કારણે બે યુવકોના જીવ બચી ગયા હતા. અરકાન તિરમિઝી નામનો યુવક જ્યારે પ્લેનની જેમ પોર્શે 'ઉડાવી' નીકળ્યો ત્યારે લોકો ફફડી ઉઠ્યા હતા. આંખના પલકારામાં જ લક્ઝુરિયસ કાર નીકળી જતા અનેક વાહન ચાલકોના જીવ જોખમમાં મૂકાયા હતા.

કરોડની 'મસ્ટાંગ' કારમાં ફરતા બુટલેગરના પૌત્રએ અકસ્માત સર્જી મારામારી કરી

અમદાવાદના જાણીતા કુખ્યાત બુટલેગર કિશોર લંગડાના પૌત્રએ ફરી એક વખત નવરંગપુરામાં મારામારી કરી છે. દાદાના રસ્તે ચાલી રહેલા ગુનેગાર આદિત્યસિંહ રાઠોડે રોંગસાઈડમાં મોંઘીદાટ કાર હંકારીને અન્ય એક કાર સાથે અથડાવી હતી. બાદમાં આદિત્યસિંહે ઝગડો કરીને કારચાલક સાથે બોલાચાલી બાદ મારામારી કરીને મારી નાખવાની ધમકી આપી હતી.

# ગણેશોત્સવનો સામાન લઈ બંને અલગ અલગ વાહન પર જતા હતા, લગ્નના બે મહિનામાં પત્નીનું મોત ; પતિનું હૈયાફાટરૂદન

**અમદાવાદ, તા.12**

અમદાવાદના શીલજમાં પલ્સર બાઈક ચાલકે ગોળીની સ્પીડે એક્સેસને ઉડાવતા પતિની નજર સામે જ પત્નીનું મોત થયું છે. જે ઘટનાના ભયાનક CCTV પણ સામે આવ્યા છે. ગણેશોત્સવનો સામાન લઈને પત્ની એક્સેસ પર અને પતિ બાઈક પર 12 સપ્ટેમ્બરે રાત્રિના સમયે જતા હતા ત્યારે વળાંક પર ટર્ન લેતા સમયે બેફામ સ્પીડમાં બાઈક ચાલકે ટક્કર મારી હતી. જેમાં પત્ની 10 ફૂટ સુધી ઢસડાઈ હતી. જો કે સારવાર સમયે પત્નીનું મોત થતા પતિના રડી રડીને બેહાલ થયા છે. આ અંગે બોપલ પોલીસે ગુનો નોંધી આરોપીની શોધખોળ હાથ ધરી છે.



પતિ-પત્ની ગરબા ક્લાસથી સાથે નીકળ્યા હતા

બોપલમાં રહેતા 30 વર્ષીય હાર્દિક દરજી કોરિયોગ્રાફર છે. હાલમાં સાયન્સ સીટીમાં આવેલા બ્લુમિંગ કેમ્પમાં ગરબા કલાસ ચલાવે છે. તેમના લગ્ન બે મહિના પહેલા વસ્ત્રાપુરની નિશિબેન સાથે થયા હતા. 11 સપ્ટેમ્બરે સાંજે તે ગરબા કલાસમાં ગયા હતા. બાદમાં પૂર્ણ કરીને રાત્રે પત્ની ટુ-વ્હીલર એક્સેસ અને હાર્દિક બાઈક પર ઘરે જઈ રહ્યા હતા.

કેનાલ પર બાઈક ચાલકે જોરદાર ટક્કર મારી

ત્યારે DPS કેનાલ રોડ પર માધવ અધવેદ કોમ્પ્લેક્ષ પાસે પહોંચ્યા હતા. જ્યાં વળાંક પર ટર્ન લેતા સમયે પુરઝડપે આવી રહેલા બાઈક ચાલકે એક્સેસને ટક્કર મારી હતી. જો કે પતિ આ ટક્કર સમયે થોડા આગળ નીકળ્યા હોવાથી તેમનો બચાવ થયો હતો. આ ટક્કર એટલી ભયાનક હતી કે, નિશિબેન એક્સેસ સાથે ઢસડાયા હતા. જેથી તેમને ગંભીર ઈજા પહોંચી હતી. પતિ હાર્દિક અને આસપાસના લોકોએ તાત્કાલિક ઈજાગ્રસ્ત નિશિબેનને સારવાર માટે હોસ્પિટલ ખસેડયા હતા. પરંતુ સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું.

ગણેશોત્સવની તૈયારી માટે મૃતક નિશિએ હાર સહિતનો સામાન ખરીદ્યો હતો. અકસ્માત બાદ ઘટનાસ્થળે પડેલા બંને વાહન.

ગણેશોત્સવની તૈયારી માટે મૃતક નિશિએ હાર સહિતનો સામાન ખરીદ્યો હતો. અકસ્માત બાદ ઘટનાસ્થળે પડેલા બંને વાહન.

પત્નીના મોતથી પતિનું હૈયાફાટ રૂદન

અકસ્માત અંગે મૃતકના પતિ હાર્દિકભાઈએ રડતા રડતા જણાવ્યું હતું કે, પુરઝડપે બાઈક ચાલકે મારી પત્નીની ટક્કર મારતા તે બેભાન થઈ ગઈ હતી. બાદમાં સ્થાનિકની કારમાં તેને હોસ્પિટલ લઈ ગયા હતા. જ્યાં સારવાર દરમિયાન તેનું મોત થયું હતું. અકસ્માત સમયે બાઈક પર બે વ્યક્તિ સવાર હતા. જેમાં ચાલક ભાગી ગયો હતો અને પાછળ બેસેલા વ્યક્તિને સ્થાનિકોએ પકડીને પોલીસના હવાલે કર્યો હતો.

બે મહિના પહેલા લગ્ન કર્યાં હતા અને હાર્દિકે નજર સામે જ પત્નીને ગુમાવી.

ફરાર ચાલકની શોધખોળ

અકસ્માત બાદ બાઈક મૂકીને ચાલક નાસી ગયો હતો. જો કે અકસ્માતને લઈ બોપલ પોલીસે બાઈક ચાલક સામે ગુનો નોંધ્યો છે. ત્યારે તપાસમાં ચાલક અને તેની પાછળ બેસેલ વ્યક્તિ ઘરઘાટી તરીકે કામ કરતા હોવાનું સામે આવ્યું છે. એટલું જ નહીં ચાલક પણ હોસ્પિટલમાં દાખલ છે.

અમદાવાદમાં ડમ્પર ચાલકે માતાની નજર સામે પુત્રીને કચડી

7 સપ્ટેમ્બરે અમદાવાદના થલતેજ વિસ્તારમાં સ્કૂલેથી છૂટીને માતા સાથે એક્ટિવા પર ઘરે જઈ રહેલી 12 વર્ષીય બાળકી આરાધ્યા બારોટનું ડમ્પરની ટક્કરે કરુણ મોત નિપજ્યું હતું. દીકરીની ઘટનાસ્થળે ડેડબોડી જોઈને પિતા પણ ભાંગી પડ્યા હતા.

# કોંગ્રેસ પ્રભારીએ નેતાઓને કહ્યું- 'લોકોની સમસ્યા જાણો અને આંદોલન કરો' : રણદીપ સુરજેવાલાએ શહેર-જિલ્લા પ્રમુખ અને વિવિધ સેલના ચેરમેન સાથે બેઠક યોજી

**અમદાવાદ, તા.12**

ગુજરાત કોંગ્રેસના નવનિયુક્ત પ્રભારી રણદીપ સુરજેવાલા આજે એક દિવસીય ગુજરાત મુલાકાતે પહોંચ્યા. અમદાવાદ એરપોર્ટ પર કોંગ્રેસ નેતાઓ દ્વારા સ્વાગત કરાયા બાદ રાજીવ ગાંધી ભવન પર ધારાસભ્યો, શહેરી-જિલ્લા કોંગ્રેસ પ્રમુખ અને વિવિધ સેલના ચેરમેન સાથે બેઠક યોજી. નેતાઓને સૂચના આપતા કહ્યું- લોકો, ખેડૂતોના પ્રશ્નો જાણો અને પછી આંદોલન કરો.

નેતા-કાર્યકર્તાઓને આંદોલનાત્મક કાર્યક્રમ યોજવા સૂચના

ગુજરાત કોંગ્રેસના પ્રભારી રણદીપસિંઘ સુરજેવાલાએ લોકોની સમસ્યાઓને લઈને આંદોલનાત્મક કાર્યક્રમ કરવાની સૂચના આપી છે. યુવાન, ડાયમંડ વર્કર, ખેડૂતો સહિતના લોકો પાસેથી તેમની સમસ્યાઓ જાણવા અને તેના આધારે આગામી સમયમાં આંદોલન કરવા માટે બેઠકમાં સૂચના આપવામાં આવી છે. આગામી ચૂંટણી પહેલા લોકોનો વિશ્વાસ જીતવા માટે તેમની સાથે ઉભા રહીને તેમની સમસ્યાઓનો ઉકેલ લાવવા માટે બેઠકમાં ચર્ચા કરવામાં આવી છે.



ગુજરાત કોંગ્રેસના પ્રભારી રણદીપસિંઘ સુરજેવાલાએ જણાવ્યું હતું કે, પહેલી બેઠકમાં ગુજરાતની સામાજિક, રાજનીતિક અને આર્થિક સ્થિતિ પર ચર્ચા કરવામાં આવી છે. કોંગ્રેસની વિચારધારા અને વિચાર ગુજરાતમાંથી પેદા થયો છે. બાપુ અને પટેલની વિચારધારાએ અંગ્રેજોને ઉખાડીને ફેંકી દીધા હતા. બાપુ અને સરદાર પટેલની વિચારધારાને આંદોલનના ભાગરૂપે કઈ રીતે આગળ વધારવામાં આવે તેને લઈને ચર્ચા કરવામાં આવી છે. સત્ય, સાહસ, સંગઠન અને આંદોલન જે સરદાર પટેલે અને બાપુએ કોંગ્રેસને આપ્યું છે તેને લઈને આગળ વધીશું. ગુજરાતના નવ નિર્માણની શરુઆત આગામી સમયમાં કરવામાં આવશે.

લોકોના સુઝાવ મેળવી આંદોલન કરવામાં આવશે- સુરજેવાલા

વધુમાં રણદીપસિંઘ સુરજેવાલાએ જણાવ્યું હતું કે, તમામ લોકો પાસે સુઝાવ માંગવામાં આવ્યા છે. ખેડૂતો અલગ અલગ મુદ્દાઓને લઈને પરેશાન થઈ રહ્યા છે.

# મધ્યપ્રદેશથી ડ્રગ્સનો જથ્થો અમદાવાદમાં સપ્લાય થાય તે પહેલા ઝડપાયો

## ■ ક્રાઈમ બ્રાંચે નરોડા હંસપુરા ખાતેથી 28.19 લાખના એમડી ડ્રગ્સ સાથે ત્રણ આરોપીને ઝડપ્યાં

**અમદાવાદ, તા.12**

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે નરોડામાંથી 28.19 લાખના ડ્રગ્સ સાથે ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે. ત્રણેય આરોપીઓ મધ્યપ્રદેશથી ડ્રગ્સનો જથ્થો લઈને અમદાવાદમાં ડિલિવરી આપવા આવ્યા હતા. અમદાવાદમાં ડ્રગ્સની ડિલિવરી કોને આપવાની હતી તે મામલે પોલીસે તપાસ હાથ ધરી છે. મધ્ય પ્રદેશથી ડ્રગ્સ મોકલનાર અને ડિલિવરી આપવા આવનાર એમ કુલ ચાર સામે ગુનો નોંધ્યો છે.




બ્લેક કલરની કારમાંથી ડ્રગ્સ ઝડપાયું

ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ એસ.જે જાડેજાની ટીમને બાતમી મળી કે, નરોડા-હંસપુરા ચાર રસ્તા પાસે બ્લેક કલરની કારમાં ડ્રગ્સનો મોટો જથ્થો છે, જેથી પોલીસે બ્લેક કલરની શંકાસ્પદ કારને રોકી તપાસ કરી હતી. જે દરમિયાન કારમાંથી ડ્રગ્સનો જથ્થો મળી આવતાં પોલીસે મધ્યપ્રદેશના અસ્લમ મંસુરી, ઈમરાન મંસુરી અને શેજાદ મંસુરીને ઝડપી લીધા હતા. ત્રણેય પાસેથી પોલીસે કુલ 28.19 લાખ રૂપિયાનું ડ્રગ્સ જપ્ત કર્યું છે.

અમદાવાદમાં ડ્રગ્સ કોને આપવાનું હતું?

પ્રાથમિક પૂછપરછમાં આરોપીઓએ જણાવ્યું કે, ડ્રગ્સનો જથ્થો મધ્યપ્રદેશના મંડસૌરમાં રહેતા ઈમરાન પઠાણ ઉર્ફે લાલાએ આપ્યો હતો. આ જથ્થો અમદાવાદના ડ્રગ્સ માફિયા સુધી પહોંચાડવાનો હતો. મધ્યપ્રદેશમાં તૈયાર થયેલો અથવા ત્યાં પહોંચેલો ડ્રગ્સનો જથ્થો અમદાવાદ સુધી લાવી અહીંના નેટવર્કમાં સપ્લાય કરવાનો હતો. અમદાવાદમાં ડ્રગ્સ કોને આપવાનું હતું, શહેરમાં આ જથ્થો કોના મારફતે ફેલાવવાનો હતો અને અગાઉ પણ આ જ નેટવર્ક મારફતે કેટલો માલ અમદાવાદમાં આવ્યો છે તે દિશામાં તપાસ શરૂ કરાઈ છે.

રિક્ષામાં દોઢ કિલો ગાંજા સાથે બોડકદેવમાં પેડલર ઝડપાયો

બોડકદેવ પોલીસને બાતમી મળી હતી કે, એક યુવક રિક્ષામાં ગાંજાનો જથ્થો લઈને પસાર થવાનો છે. જેથી પોલીસે વોચ ગોઠવી રિક્ષાને અટકાવી તપાસ કરી હતી.

રિક્ષાચાલક અબજલ વોરાને ઝડપી તપાસ કરતાં તેની પાસેથી દોઢ કિલો ગાંજો મળી આવ્યો હતો. પોલીસે આશરે 75 હજાર રૂપિયાનો ગાંજો જપ્ત કરી વધુ તપાસ શરૂ કરી છે. બોડકદેવ પોલીસને બાતમી મળી હતી કે, એક યુવક રિક્ષામાં ગાંજાનો જથ્થો લઈને પસાર થવાનો છે. જેથી પોલીસે વોચ ગોઠવી રિક્ષાને અટકાવી તપાસ કરી હતી. રિક્ષાચાલક અબજલ વોરાને ઝડપી તપાસ કરતાં તેની પાસેથી દોઢ કિલો ગાંજો મળી આવ્યો હતો. પોલીસે આશરે 75 હજાર રૂપિયાનો ગાંજો જપ્ત કરી વધુ તપાસ શરૂ કરી છે.

## નવરાત્રિ માટે AMC એ સસ્તા ભાવે પ્લોટ પધરાવ્યા : ચાંદખેડા, મણિનગર, સિંધુભવન અને ભાડજ વિસ્તાર સહિતના 5 પ્લોટ ટોકન ભાવે ફાળવી દેતા લાખોનું નુકસાન




**અમદાવાદ, તા.12**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ની માલિકીના પ્લોટ ધાર્મિક અને સેવાના નામે સસ્તા ભાવે ભાડે આપી દેવામાં આવ્યા હોવાનું સામે આવ્યું છે. છેલ્લા દોઢ મહિનામાં જ ભાજપની સ્ટેન્ડિંગ કમિટીને ચેરમેન દ્વારા ચાંદખેડા, મણિનગર, સિંધુભવન અને ભાડજ વિસ્તારમાં ઉચ્ચક ભાવે 5 પ્લોટની ફાળવણી કરતાં કોર્પોરેશનને લાખો રૂપિયાનું નુકસાન થયું છે. પોલિસી મુજબ પ્લોટનું બુકિંગ અથવા જાહેર હરાજી કરી ભાડે આપવાથી AMCને લાખો રૂપિયાનો ફાયદો થઈ શકે તેમ હતો, પરંતુ સ્ટેન્ડિંગ કમિટીમાં મંજૂરી મેળવી ભાજપ સાથે સંકળાયેલા લોકોને પ્લોટ સસ્તા ભાવે ભાડે આપી દેવાયા છે.

વ્યાયામશાળાના પ્લોટમાં AMCને 14 લાખનું નુકસાન

ગત વર્ષે નવરાત્રિમાં વ્યાયામશાળાનો પ્લોટ 16 લાખમાં આપવામાં આવ્યો હતો, જ્યારે આ વર્ષે આ જ પ્લોટ માત્ર 2.5 લાખમાં ફાળવી દેતા AMCને અંદાજે 14 લાખનું નુકસાન થયું છે. 10 સપ્ટેમ્બરના રોજ સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં ચેરમેન કમલેશ પટેલે ચાંદખેડા વિસ્તારમાં અયોધ્યાનગરી આવાસ પાસે ત્રાગડ ઝુંડાલ ટીપ 72 એફપી 127નો પ્લોટ ચિંતન જાદવ નામના વ્યક્તિને 11 ઓક્ટોબરથી 20 ઓક્ટોબર સુધી નવરાત્રિના રાસ ગરબાના આયોજન માટે ભાડે આપવા માટેની દરખાસ્ત મંજૂર કરવામાં આવી છે. પ્રતિ દિવસના 21 હજાર (AMC ટેક્સ સાથે) લેખે આપવામાં આવ્યો છે.

પીવાના પાણીના ટેન્કરથી લઈ ટોઈલેટવાનની સુવિધા ટોકન ચાર્જથી

પ્લોટમાં ગરબા માટે ન્યુસન્સ ટેન્કરથી પાણીના છંટકાવ માટે પ્રતિ ટેન્કરનો દૈનિક 51 ટોકન ચાર્જ, પીવાના પાણીના પ્રતિ ટેન્કરનો દૈનિક 51 ટોકન ચાર્જ, જમીનના લેવલિંગ કરવા જેશીબી મશીનનું દૈનિક 1000 ટોકન ભાડું, સફાઈનો દૈનિક 101 ટોકન ચાર્જ, કન્ટેનરનો પ્રતિ દિન 101 ટોકન ચાર્જ, 6 મોબાઈલ ટોઈલેટવાનની માંગણી પૈકી શક્ય હોય તે પ્રમાણે મોબાઈલ ટોઈલેટવાનની સુવિધા પ્રતિદિન 251ના ટોકન ચાર્જથી આપવામાં આવી છે. જોકે, કોર્પોરેશનના પ્લોટ ભાડે આપવાની નીતિમાં પ્લોટની સફાઈ જે તે અરજદાર દ્વારા કરાવવાની હોય છે.

# મસમોટો ભુવો રોડ બંધ કરવો પડ્યો : પાલડીમાં સોનિયા ફ્લેટ પાસે ભૂવો પડતા બ્લોક કરી માટી પુરાણ કરાયું, મણિનગરમાં પાઇપલાઇન તૂટતા પાણીનો વેડફાટ

**અમદાવાદ, તા.12**

શહેરમાં જર્જરિત ડ્રેનેજ લાઈનોના કારણે રોડ બેસી જવાની સમસ્યા યથાવત્ રહી છે, ત્યારે પાલડી વોર્ડમાં સોનિયા ફ્લેટ પાસે રસ્તા પર અચાનક મોટો ભૂવો પડતાં સ્થાનિકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. ફ્લેટના મુખ્ય પ્રવેશદ્વાર નજીક જ રસ્તો ધસી પડતાં વાહનચાલકો અને રાહદારીઓ માટે અકસ્માત અને જાનહાનિનું મોટું જોખમ ઊભું થયું હતું. ઘટનાની જાણ થતાં જ પાલડી વોર્ડના સ્થાનિક કોર્પોરેટર ક્રિમી ગાંધીએ તાત્કાલિક સ્થળ પર દોડી જઈ મ્યુનિસિપલ ઈજનેરોને બોલાવી સમારકામ શરૂ કરાવ્યું હતું.



ડ્રેનેજ પાઈપલાઈનની કામગીરી દરમિયાન રોડ બેસી ગયો

પાલડી વિસ્તારમાં આવેલા આલોક ફ્લેટ નજીક ભૂગર્ભ ડ્રેનેજ પાઇપલાઈન બદલવાનું કામ ચાલી રહ્યું હતું, તે દરમિયાન જમીન ધસી પડતાં માર્ગ પર મોટો ખાડો પડી ગયો હતો. કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે કોર્પોરેટરે પશ્ચિમ ઝોનના અધિકારીઓને બોલાવી તાત્કાલિક બેરિકેડિંગ કરાવી રસ્તો બ્લોક કરાવ્યો હતો. સ્થાનિક રહીશો અને વાહનચાલકોને અડચણ ન પડે તે માટે જાતે સ્થળ પર હાજર રહીને ભૂવો પૂરવાની કામગીરી ઝડપથી પૂર્ણ કરવા તંત્રને તાકીદ કરી હતી.

મણિનગરમાં ઉત્તમનગર ગાર્ડન પાસે પીવાના પાણીની લાઇન લીક

બીજી તરફ, મણિનગર વોર્ડમાં ઉત્તમનગર ગાર્ડન પાસે વહેલી સવારે શુદ્ધ પીવાના પાણીની મુખ્ય પાઈપલાઇનમાં મોટું લીકેજ સર્જાયું હતું. સવારના સમયે ગાર્ડનમાં મોર્નિંગ વોક અને કસરત કરવા આવેલા સ્થાનિક નાગરિકો તેમજ દોડવીરોને રસ્તા પર ફરી વળેલા જળબંબાકારના કારણે ભારે હાલાકી વેઠવી પડી હતી. આ લીકેજના કારણે હજારો લિટર શુદ્ધ પીવાનું પાણી રસ્તા પર વહીને સીધું ગટરમાં વેડફાઈ ગયું હતું.

પીવાનું પાણી વેડફાતાં સ્થાનિકોમાં આક્રોશ

સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, વહેલી સવારથી પાણીનો ભારે બગાડ થઈ રહ્યો હોવાની જાણ તાત્કાલિક સંબંધિત વોટર સપ્લાય વિભાગને કરવામાં આવી હતી. તેમ છતાં કલાકો સુધી મણિનગર વોર્ડના પાણી ખાતાના કોઈ પણ જવાબદાર અધિકારી કે ટેકનિકલ કર્મચારી સ્થળ પર લીકેજ રિપેર કરવા પહોંચ્યા નહોતા. એક તરફ ઉનાળામાં પાણીની તંગી સર્જાતી હોય છે ત્યારે તંત્રની આવી ઘોર બેદરકારીને લીધે કિંમતી પીવાનું પાણી વેડફાતાં સ્થાનિકોમાં પાલિકા સામે સખત આક્રોશ ફેલાયો છે. સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, વહેલી સવારથી પાણીનો ભારે બગાડ થઈ રહ્યો હોવાની જાણ તાત્કાલિક સંબંધિત વોટર સપ્લાય વિભાગને કરવામાં આવી હતી. તેમ છતાં કલાકો સુધી મણિનગર વોર્ડના પાણી ખાતાના કોઈ પણ જવાબદાર અધિકારી કે ટેકનિકલ કર્મચારી સ્થળ પર લીકેજ રિપેર કરવા પહોંચ્યા નહોતા. એક તરફ ઉનાળામાં પાણીની તંગી સર્જાતી હોય છે ત્યારે તંત્રની આવી ઘોર બેદરકારીને લીધે કિંમતી પીવાનું પાણી વેડફાતાં સ્થાનિકોમાં પાલિકા સામે સખત આક્રોશ ફેલાયો છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# સાઉદી અરેબિયા પર મોટો ડ્રોન હુમલો : 50 લાખ બેરલ તેલ આપતી ઈસ્ટ-વેસ્ટ પાઈપલાઈન બંધ, પમ્પિંગ સ્ટેશનો ભડકે બળ્યા; ગ્લોબલ ઓઈલ સંકટ ઘેરાયું

**રશિયા, તા.12**

સાઉદી અરેબિયાએ ડ્રોન હુમલા બાદ પોતાની ઈસ્ટ-વેસ્ટ તેલ પાઈપલાઈન બંધ કરી દીધી છે. ગુરુવારે થયેલા ડ્રોન હુમલામાં પાઈપલાઈન સાથે જોડાયેલા પમ્પિંગ સ્ટેશનોમાં આગ લાગી ગઈ અને કેટલાક લોકો ઘાયલ થયા.




ઈરાન યુદ્ધના કારણે હોર્મુઝ બંધ થયા બાદ સાઉદી આ જ પાઈપલાઈનથી રોજ લગભગ 50 લાખ બેરલ તેલ મોકલી રહ્યું હતું.

સાઉદી ઉર્જા મંત્રાલયે શુક્રવારે જણાવ્યું કે પાઈપલાઈન પર ગુરુવારે ઘણા હુમલા થયા હતા. મંત્રાલયની ટીમો પાઈપલાઈનને સુરક્ષિત કરવા અને નુકસાનનો અંદાજ લગાવવામાં વ્યસ્ત છે.

હાલમાં એ સ્પષ્ટ નથી કે આ હુમલા કોણે કર્યા. અત્યાર સુધી કોઈ પણ દેશ કે સંગઠને હુમલાની જવાબદારી લીધી નથી.

**ડ્રોન હુમલાથી પમ્પિંગ સ્ટેશનોમાં લાગેલી આગ**

અમેરિકી અધિકારીઓ અનુસાર, હુમલામાં પાઈપલાઈન નજીક બનેલા પમ્પિંગ સ્ટેશનોને નિશાન બનાવવામાં આવ્યા. પમ્પિંગ સ્ટેશનો પાઈપલાઈનમાં તેલને આગળ મોકલવામાં મદદ કરે છે.

શુક્રવારે લેવાયેલી સેટેલાઈટ તસવીરમાં એક પમ્પિંગ સ્ટેશન પર આગથી ઘણું નુકસાન જોવા મળ્યું. એક બીજી તસવીરમાં સ્ટેશનમાંથી કાળો ધુમાડો નીકળતો દેખાયો.

હજુ એ સ્પષ્ટ નથી કે પાઈપલાઈનને સીધું કેટલું નુકસાન થયું છે. એ પણ ખબર નથી કે પાઈપલાઈન ફરી ક્યારે શરૂ થશે.

સેટેલાઈટ તસવીરોમાં પાઈપલાઈનના પમ્પિંગ સ્ટેશન પર ડ્રોન હુમલા બાદ ધુમાડો નીકળતો જોવા મળ્યો. (સોર્સ: EUMETSAT)

**સાઉદીનો દાવો- ઈરાકથી આવ્યા હતા ડ્રોન**

સાઉદી વિદેશ મંત્રાલયે જણાવ્યું કે રિયાદ અને મદીના વિસ્તારોમાં પાઈપલાઈન પર ઘણા ડ્રોન દ્વારા હુમલો કરવામાં આવ્યો. સાઉદી અનુસાર, આ ડ્રોન ઈરાકથી આવ્યા હતા.

સાઉદીએ કહ્યું કે ઈરાકના વડાપ્રધાનના કહેવા પર તેણે હાલ પૂરતો વળતો હુમલો ન કરવાનો નિર્ણય કર્યો છે. સાઉદી ઈચ્છે છે કે ઈરાક પહેલા પોતાની જમીન પરથી થતા આવા હુમલાઓને રોકવા માટે કાર્યવાહી કરે.

ઈરાકે પણ હુમલાની નિંદા કરી છે. ઈરાકી સરકારે જણાવ્યું કે તે આ મામલાની તપાસ કરશે અને પોતાની જમીન કે હવાઈ ક્ષેત્રનો ઉપયોગ અન્ય દેશો પર હુમલો કરવા માટે થવા દેશે નહીં.

**હોર્મુઝ બંધ થયા પછી પાઈપલાઈનનું મહત્વ વધ્યું**

સાઉદી અરેબિયાનું મોટાભાગનું તેલ દેશના પૂર્વીય ભાગમાં નીકળે છે. તેને અન્ય દેશો સુધી પહોંચાડવા માટે સામાન્ય રીતે જહાજોનો ઉપયોગ થાય છે, જેને ફારસની ખાડીમાંથી બહાર નીકળવા માટે હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થવું પડે છે.

ઈરાન યુદ્ધ પછી હોર્મુઝનો રસ્તો બંધ થયો તો સાઉદીએ ઈસ્ટ-વેસ્ટ પાઈપલાઈનનો સહારો લીધો. આ પાઈપલાઈન તેલને દેશના પૂર્વીય ભાગથી સીધા પશ્ચિમી તટના યાનબુ બંદરગાહ સુધી પહોંચાડે છે. એટલે કે તેલને હોર્મુઝમાંથી પસાર થવું પડતું નથી.

હોર્મુઝ બંધ થયા પછી સાઉદી આ પાઈપલાઈનથી દરરોજ લગભગ 50 લાખ બેરલ તેલ યાનબુ મોકલી રહ્યું હતું. ત્યાંથી તેલ જહાજો દ્વારા અન્ય દેશો સુધી પહોંચાડી શકાય છે.

**રેડ સીનો રસ્તો પણ બંધ થવાની અણી પર**

હોર્મુઝ પછી હવે રેડ સીનો રસ્તો પણ બંધ થવાની અણી પર પહોંચતો દેખાઈ રહ્યો છે. યમનના હુતી વિદ્રોહીઓએ બાબ અલ-મંદેબ સ્ટ્રેટના વિસ્તાર પર કબજાનો દાવો કર્યો છે અને સાઉદી જહાજોને આ રસ્તેથી પસાર થવાની મંજૂરી નહીં આપવાની વાત કહી છે.

હુતી સૈન્ય પ્રવક્તા યાહ્યા સરીએ કહ્યું છે કે સાઉદી સમર્થિત સેનાઓએ બાબ અલ-મંદેબની વચ્ચે સ્થિત પેરિમ દ્વીપ પર પોતાનો નિયંત્રણ ગુમાવી દીધો છે. હુતીઓનો દાવો છે કે હવે તેમનો લગભગ 5,400 વર્ગ કિલોમીટર વિસ્તાર પર કબજો છે.

બાબ અલ-મંદેબ એશિયા અને યુરોપ વચ્ચે જહાજોની અવરજવરનો મહત્વનો રસ્તો છે. તેલથી ભરેલા જહાજો પણ આ રસ્તેથી લાલ સાગર દ્વારા યુરોપ અને બીજા બજારો સુધી પહોંચે છે.

ઈઝરાયેલે દક્ષિણ લેબનોનમાં હિઝબુલ્લાહની 2 કિલોમીટરથી વધુ લાંબી સુરંગને બ્લાસ્ટ કરીને તબાહ કરી દીધી. બ્લાસ્ટ માટે લગભગ 1100 ટન વિસ્ફોટકનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ વિસ્ફોટ એટલો જોરદાર હતો કે વિસ્તારમાં 4.1 તીવ્રતાના ભૂકંપ જેવા આંચકા અનુભવાયા.

# વિધાનસભાના ત્રણ દિવસીય ચોમાસા સત્રમાં 18 કલાકથી વધુ કામકાજ, 7 સરકારી વિધેયકો પસાર

## 52 ધારાસભ્યોએ ચર્ચામાં લીધો ભાગ, 29 તારાંકિત પ્રશ્નો પર મૌખિક ચર્ચા; 5,246 પ્રેક્ષકોએ ગૃહની કાર્યવાહી નિહાળી

**ગાંધીનગર, તા.12**

પંદરમી ગુજરાત વિધાનસભાનું નવમું અને ત્રણ દિવસીય ચોમાસુ સત્ર મહત્વપૂર્ણ કામકાજ સાથે પૂર્ણ થયું છે. તા. 9, 10 અને 11 સપ્ટેમ્બર દરમિયાન યોજાયેલા આ ટૂંકા સત્રમાં સત્તાપક્ષ અને વિરોધ પક્ષ વચ્ચે વિવિધ મુદ્દાઓને લઈને તોફાની દ્રશ્યો પણ જોવા મળ્યા હતા. નવમા સત્ર દરમિયાન વિધાનસભાની કુલ ત્રણ બેઠકો મળી હતી અને ગૃહે કુલ 18 કલાક અને 32 મિનિટ કામકાજ કર્યું હતું. આ ત્રણ દિવસીય સત્ર દરમિયાન કુલ 52 ધારાસભ્યોએ વિવિધ ચર્ચાઓમાં ભાગ લીધો હતો. ઉપરાંત પાંચ સ્વર્ગસ્થ મહાનુભાવોના અવસાન અંગે ગૃહમાં શોકદર્શક ઉલ્લેખ પણ કરવામાં આવ્યો હતો.

પ્રશ્નોત્તરી કાળ દરમિયાન મૌખિક જવાબો માટે કુલ 1,356 તારાંકિત પ્રશ્નોના જવાબો ગૃહમાં રજૂ કરવામાં આવ્યા હતા. જેમાંથી 29 પ્રશ્નો પર મૌખિક ચર્ચા કરવામાં આવી હતી.

આ ઉપરાંત કુલ 152 અતારાંકિત એટલે કે લેખિત પ્રશ્નો મળ્યા હતા. ગુજરાત વિધાનસભાના નિયમ-89(ક) હેઠળ તેમાંથી 88 અતારાંકિત પ્રશ્નો ગૃહની મેજ પર મૂકવામાં આવ્યા હતા.

ત્રણ દિવસીય ટૂંકા સત્રમાં ગૃહ દ્વારા કુલ 7 સરકારી વિધેયકો પસાર કરવામાં આવ્યા હતા. સત્રના અંતિમ દિવસે એટલે કે 11 સપ્ટેમ્બરે નિયમ-102 હેઠળ 'જનજાતિ કલ્યાણ યોજના' અંગેના પ્રસ્તાવ પર ગૃહમાં ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત નિયમ-116 મુજબ એક તાકીદની જાહેર અગત્યની બાબત અંગે મંત્રીનું ધ્યાન દોરતી સૂચના આપવામાં આવી હતી, જેના અનુસંધાને સંબંધિત મંત્રી દ્વારા ગૃહમાં નિવેદન કરવામાં આવ્યું હતું.

સત્ર દરમિયાન પોઈન્ટ ઓફ ઓર્ડરનો એક મુદ્દો પણ ઉપસ્થિત થયો હતો. નિયમ-44 હેઠળ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગૃહમાં નિવેદન કર્યું હતું. ચોમાસુ સત્ર દરમિયાન વિધાનસભાની વિવિધ સમિતિઓની કુલ પાંચ બેઠકો મળી હતી. ઉપરાંત અન્ય વિવિધ સમિતિઓના પાંચ અહેવાલો પણ ગૃહની મેજ પર મૂકવામાં આવ્યા હતા. બંધારણ અને પ્રવર્તમાન કાયદાની જોગવાઈઓ હેઠળ સરકારી કંપનીઓ, બોર્ડ અને કોર્પોરેશનોના કુલ 23 અહેવાલો તેમજ એક અંદાજપત્ર વિધાનસભાની મેજ પર મૂકવામાં આવ્યા હતા.

આ ઉપરાંત વર્તમાન સત્ર પહેલાં પસાર થયેલા અને રાષ્ટ્રપતિની અનુમતિ પ્રાપ્ત થયેલા એક વિધેયક તેમજ રાજ્યપાલની અનુમતિ મળેલા પાંચ વિધેયકો પણ ગૃહની મેજ પર મૂકવામાં આવ્યા હતા. સત્ર દરમિયાન 69 અધિસૂચનાઓ, બે વટહુકમ અને એક બાંહેધરી પત્રક પણ ગૃહમાં રજૂ કરવામાં આવ્યા હતા. ભારતના નિયંત્રક અને મહાલેખા પરીક્ષક દ્વારા 'જલ જીવન મિશન' અંગે માર્ચ 2024ના રોજ પૂર્ણ થતા સમયગાળાનો ઓડિટ અહેવાલ પણ 11 સપ્ટેમ્બરે વિધાનસભાની મેજ પર મૂકવામાં આવ્યો હતો.

ત્રણ દિવસીય ચોમાસુ સત્ર દરમિયાન રાજ્યના વિવિધ વિસ્તારોમાંથી આવેલા અંદાજે 5,246 પ્રેક્ષકોએ વિધાનસભાની કાર્યવાહી નિહાળી હતી. ટૂંકા ગાળાના આ સત્રમાં પ્રશ્નોત્તરી, સરકારી વિધેયકો, જનજાતિ કલ્યાણ યોજના અંગેની ચર્ચા, વિવિધ અહેવાલો અને મહત્વપૂર્ણ વિધાનસભાકીય કાર્યવાહી સાથે સત્તાપક્ષ અને વિરોધ પક્ષ વચ્ચે રાજકીય ગરમાવો પણ જોવા મળ્યો હતો.

# ક્યારેક લીલા તો ક્યારેક જાંબલી વાળ : ઈઝરાયલી PMએ વાળ-મેકઅપ પાછળ ઉડાવ્યા ₹4 કરોડ, કોરોનામાં 22 લાખ ખર્ચ્યા

**ઈઝરાયલ, તા.12**

ઈઝરાયલમાં વડાપ્રધાનના વાળની સ્ટાઈલિંગ અને મેકઅપ પર 2019થી ઓગસ્ટ 2026 સુધીમાં લગભગ 4.7 લાખ ડોલર એટલે કે લગભગ 4 કરોડ રૂપિયા ખર્ચ થયા. આ ખુલાસો માહિતી અધિકાર હેઠળ મળેલા સરકારી રેકોર્ડ્સમાંથી થયો છે. ડિસેમ્બર 2025માં વકીલ યારા શલિતે PM ઓફિસ પાસેથી આ ખર્ચની માહિતી માંગી હતી. ત્યારબાદ અલગ-અલગ વર્ષો અને મહિનાઓમાં થયેલા ખર્ચનો વિગતવાર અહેવાલ જાહેર કરવામાં આવ્યો. આ સમયગાળા દરમિયાન છેલ્લા 7 વર્ષમાં ત્રણ વડાપ્રધાન રહ્યા - બેન્જામિન નેતન્યાહુ, નફ્તાલી બેનેટ અને યાયર લેપિડ. રેકોર્ડ મુજબ, વાળ અને મેકઅપ પર થયેલા કુલ ખર્ચનો લગભગ 90% હિસ્સો વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ અને તેમની પત્ની સારા પર થયો. જોકે, ઘણા દસ્તાવેજોમાં તેમના હેર સ્ટાઈલિસ્ટ અને મેકઅપ આર્ટિસ્ટના નામ પણ છુપાવી દેવામાં આવ્યા. વડાપ્રધાન કાર્યાલયે આ માટે રાજ્યની સુરક્ષાનો હવાલો આપ્યો. નવેમ્બર 2020માં કોરોના દરમિયાન નેતન્યાહુ પોતે વાળ કપાવવા ગયા હતા.



**2023માં યુદ્ધ શરૂ થયું તે દરમિયાન પણ વાળ-મેકઅપ પર ખર્ચ**

સપ્ટેમ્બરથી નવેમ્બર 2023 દરમિયાન વડાપ્રધાનના વાળની સ્ટાઈલિંગ પર આશરે 2,600 ડોલર એટલે કે 22 લાખ રૂપિયા અને મેકઅપ પર આશરે 1,580 ડોલર એટલે કે 13 લાખ રૂપિયા ખર્ચ થયા. ઓક્ટોબર 2023માં ફક્ત વાળની સ્ટાઈલિંગ પર આશરે 810 ડોલર એટલે કે 68 હજાર રૂપિયા ખર્ચ કરવામાં આવ્યા. આખા 2023માં હેર સ્ટાઈલિંગ અને મેકઅપ પર આશરે 1.03 લાખ ડોલર એટલે કે 86 લાખ રૂપિયા ખર્ચ થયા. તેની સરખામણીમાં 2022માં નફ્તાલી બેનેટ અને યાયર લેપિડના કાર્યકાળ દરમિયાન આ ખર્ચ આશરે 27,600 ડોલર એટલે કે 23 લાખ રૂપિયા હતો.

**2025માં સૌથી વધુ ખર્ચ, વિદેશ યાત્રાઓમાં પણ બિલ વધ્યું**

2025માં વડાપ્રધાનના વાળ અને મેકઅપ પર સૌથી વધુ પૈસા ખર્ચ થયા. આખા વર્ષ દરમિયાન આ રકમ આશરે 93 લાખ રૂપિયા રહી. વિદેશ પ્રવાસોમાં પણ તેના પર લાખો રૂપિયા ખર્ચ થયા. ફેબ્રુઆરી 2025માં હેર સ્ટાઈલિસ્ટ અને મેકઅપ આર્ટિસ્ટની સેવાઓ પર લગભગ 11 લાખ રૂપિયા ખર્ચ કરવામાં આવ્યા. આ વિદેશ પ્રવાસ દરમિયાન આ ખર્ચ સૌથી મોટો હતો. આ પ્રવાસ અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પને મળવા માટે થયો હતો. તે સમયે નેતન્યાહૂ, ટ્રમ્પના બીજા કાર્યકાળમાં વ્હાઈટ હાઉસ પહોંચનારા પ્રથમ વિદેશી નેતા હતા. જુલાઈ 2024માં પણ નેતન્યાહૂની વોશિંગ્ટન યાત્રા દરમિયાન વાળ અને મેકઅપ પર લગભગ 9.6 લાખ રૂપિયા ખર્ચ થયા હતા.

# ઘરમાં ઘૂસી જમવાનું ફેંક્યું, તાળા બદલ્યા : કેનેડામાં ભારતીય મૂળની મકાનમાલિક મહિલાનો VIDEO વાઈરલ, ભાડુઆતે બીફ રાંધ્યું તો બાખડી પડી; પોલીસે ધરપકડ કરી

**અમેરિકા, તા.12**

કેનેડામાં બીફ બનાવવાથી રોકવાને લઈને ભારતીય મૂળની મકાનમાલકિન અને ભાડુઆત વચ્ચે વિવાદ થયો. ભાડુઆતનો આરોપ છે કે મકાનમાલકિને તેનું ભોજન ફેંકી દીધું. તેણે એવો પણ આરોપ લગાવ્યો કે મહિલા તેની પરવાનગી વગર ઘરમાં ઘૂસી અને તાળા બદલી નાખ્યા. વિવાદ વધ્યા બાદ પોલીસે ભારતીય મૂળની મહિલાની ધરપકડ કરી લીધી. આ મામલા સાથે જોડાયેલા વીડિયો સોશિયલ મીડિયા પર સામે આવ્યા છે. વિવાદ વધ્યા બાદ પોલીસે ભારતીય મૂળની મહિલાની ધરપકડ કરી લીધી. આ મામલા સાથે જોડાયેલા વીડિયો સોશિયલ મીડિયા પર સામે આવ્યા છે.



**ભાડુઆતે શેર કર્યા ઝઘડાના વીડિયો**

ઝઘડાના સમયે ભાડુઆત વારંવાર મકાન માલકણને ત્યાંથી જવા માટે કહેતો રહ્યો.

વિવાદના સમયે ભાડુઆત પોતાના મિત્ર સાથે જમતો હતો.

ધરપકડ પહેલા મહિલાએ પોતાની દીકરી સાથે વાત કરવા દેવાની અપીલ કરી હતી.

**બગીચામાં રસોઈ કરવાથી વિવાદ શરૂ થયો હતો**

ભાડુઆત મુજબ, તે તેના એક મિત્ર સાથે બગીચામાં બાર્બેક્યુ પર રસોઈ કરી રહ્યો હતો. આ દરમિયાન મકાનમાલિક રાજ તિવાન ત્યાં પહોંચ્યા અને તેમને રોકવા લાગ્યા. ભાડુઆતે આ મામલા સાથે જોડાયેલા વીડિયો શેર કર્યા. જેમાં રાજ તિવાન દીવાલ પર પડેલા નિશાનો તરફ ઈશારો કરતા જોવા મળ્યા હતા. ભાડુઆતે તેમને ત્યાંથી જવા કહ્યું. આ પછી બંને વચ્ચે દલીલ તેજ થઈ ગઈ. ભાડુઆતના મિત્રએ મોબાઈલથી આખી ઘટના રેકોર્ડ કરી લીધી.

**રાજ તિવાને બાર્બેક્યુ પર રાખેલો ખોરાક હટાવ્યો**

બીજા વીડિયોમાં રાજ તિવાન બાર્બેક્યુ પર રાખેલો ખોરાક હટાવતા જોવા મળ્યા. ભાડુઆતે તેનો વિરોધ કર્યો અને આરોપ લગાવ્યો કે તે તેમને ડરાવવાનો પ્રયાસ કરી રહી છે. વીડિયોમાં તે કહેતી સંભળાઈ રહી છે કે તે પોતાની પ્રોપર્ટી પર તેમને રસોઈ બનાવવાની પરવાનગી આપી શકે નહીં. આ પછી રાજ તિવાને પોલીસ બોલાવવાની વાત કરી. બીજા વીડિયોમાં રાજ તિવાન બાર્બેક્યુ પર રાખેલો ખોરાક હટાવતા જોવા મળ્યા. ભાડુઆતે તેનો વિરોધ કર્યો અને આરોપ લગાવ્યો કે તે તેમને ડરાવવાનો પ્રયાસ કરી રહી છે. વીડિયોમાં તે કહેતી સંભળાઈ રહી છે કે તે પોતાની પ્રોપર્ટી પર તેમને રસોઈ બનાવવાની પરવાનગી આપી શકે નહીં. આ પછી રાજ તિવાને પોલીસ બોલાવવાની વાત કરી.

મહિલાએ તેના ઘરની દીવાલ પર પડેલા નિશાનોને લઈને પણ ભાડૂતને સવાલો કર્યા.

**ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર ઝઘડાના ઘણા વીડિયો પોસ્ટ થયા**

વિવાદ પછી ભાડૂતે Tiwana Farm Survivor નામના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરથી ઘણા વીડિયો પોસ્ટ કર્યા. તેનો દાવો હતો કે બાર્બેક્યુને લઈને થયેલો ઝઘડો કોઈ એકલી ઘટના નહોતી. એક અન્ય વીડિયોમાં મહિલા ભાડૂતના ઘરની અંદર જતી જોવા મળી રહી હતી. વીડિયોમાં બંને વચ્ચે ધક્કામુક્કી જેવી સ્થિતિ પણ જોવા મળી. આ દરમિયાન ભાડૂત વારંવાર તિવાનને ઘરની બહાર જવા માટે કહેતો રહ્યો.

ભાડૂતનો આરોપ છે કે મકાનમાલિક તેની ગેરહાજરીમાં ઘરમાં ઘૂસી અને પછી તાળા પણ બદલી નાખ્યા.ભાડુઆતનાં ઘરમાં ઘૂસીને મહિલા તેની સાથે દલીલ કરતી જોવા મળી.

**પોલીસે મહિલા મકાનમાલિકની ધરપકડ કરી**

વિવાદ વધ્યા બાદ પોલીસ રાજ તિવાનના ઘરે પહોંચી અને તેમને પકડી લીધા. તેમને હાથકડી પહેરાવી અને પોતાની સાથે લઈ ગઈ. આ મામલે સામે આવેલા દાવા ભાડુઆત તરફથી છે. રાજ તિવાનાએ આ આરોપો પર પોતાનો પક્ષ રાખ્યો છે કે નહીં, તેની જાણકારી સામે આવી નથી. વિવાદ વધ્યા બાદ પોલીસ રાજ તિવાનના ઘરે પહોંચી અને તેમને પકડી લીધા. તેમને હાથકડી પહેરાવી અને પોતાની સાથે લઈ ગઈ. આ મામલે સામે આવેલા દાવા ભાડુઆત તરફથી છે. રાજ તિવાનાએ આ આરોપો પર પોતાનો પક્ષ રાખ્યો છે કે નહીં, તેની જાણકારી સામે આવી નથી.

# ઈટાલીના નેતા અને પૂર્વ વિદેશ મંત્રી બોનિનોનું નિધન : મહિલાઓના હક પર પોપ સાથે ટકરાઈ હતી એમ્મા

**ગાંધીનગર, તા.12**

ઈટાલીના ભૂતપૂર્વ વિદેશ મંત્રી એમ્મા બોનિનોને એક એવી મહિલા તરીકે યાદ કરવામાં આવશે, જેમણે પોતાની અંગત પીડાને લાખો મહિલાઓના અધિકારની લડાઈ બનાવી દીધી.

26 વર્ષની ઉંમરે જ્યારે તેમનો ગર્ભપાત થયો, ત્યારે ઈટાલીમાં તે ગેરકાનૂની હતું. આ પછી તેમણે નક્કી કર્યું કે બીજી મહિલાઓને ગર્ભપાતના અપમાન અને અસુરક્ષિત પરિસ્થિતિઓમાંથી પસાર થવું ન પડે. યુરોપિયન કમિશનર પણ રહી ચૂકેલા ઈટાલીના શક્તિશાળી નેતા એમ્મા તેમની તીક્ષ્ણ ટિપ્પણીઓ અને માનવાધિકારો પ્રત્યેની અતૂટ નિષ્ઠા માટે જાણીતા હતા. તેમનું 78 વર્ષની ઉંમરે શુક્રવારે નિધન થયું. તેમની પાર્ટી 'મોર યુરોપ'એ કહ્યું કે દેશે સૌથી દૂરદેશી, સાહસી અને સ્વતંત્ર વિચારધારા ધરાવતા નેતાને ગુમાવ્યા છે. ચાલો જાણીએ તેમના રાજકીય સંઘર્ષ... 26 વર્ષની ઉંમરે જ્યારે તેમનો ગર્ભપાત થયો, ત્યારે ઈટાલીમાં તે ગેરકાનૂની હતું. આ પછી તેમણે નક્કી કર્યું કે બીજી મહિલાઓને ગર્ભપાતના અપમાન અને અસુરક્ષિત પરિસ્થિતિઓમાંથી પસાર થવું ન પડે. યુરોપિયન કમિશનર પણ રહી ચૂકેલા ઈટાલીના શક્તિશાળી નેતા એમ્મા તેમની તીક્ષ્ણ ટિપ્પણીઓ અને માનવાધિકારો પ્રત્યેની અતૂટ નિષ્ઠા માટે જાણીતા હતા. તેમનું 78 વર્ષની ઉંમરે શુક્રવારે નિધન થયું. તેમની પાર્ટી 'મોર યુરોપ'એ કહ્યું કે દેશે સૌથી દૂરદેશી, સાહસી અને સ્વતંત્ર વિચારધારા ધરાવતા નેતાને ગુમાવ્યા છે. ચાલો જાણીએ તેમના રાજકીય સંઘર્ષ. અંગત પીડાને ઈટાલીમાં ક્રાંતિનું નવું હથિયાર બનાવ્યું



- 1974માં જ્યારે ઈટાલીમાં ગર્ભપાત ગેરકાનૂની હતો, ત્યારે 26 વર્ષીય એમ્માએ એક ક્લિનિકમાં ગર્ભપાત કરાવ્યો.
- ગર્ભપાત પર પ્રતિબંધ મૂકતા 48 વર્ષ જૂના કાયદાના વિરોધમાં પોલીસ સમક્ષ આત્મસમર્પણ કર્યું. પોતાની ધરપકડથી ઉભરેલી લહેરને જનઆંદોલન બનાવ્યું.
- દબાણ હેઠળ સંસદે 1978માં 48 વર્ષ જૂના 1930ના કાયદામાં ફેરફાર કરીને ગર્ભપાતને કાયદેસર માન્યતા આપી. આ પહેલા છૂટાછેડાનો કાયદો પણ બનાવવામાં આવ્યો હતો. એમ્માએ ક્યારેય લગ્ન કર્યા ન હતા.

**ગર્ભપાતના મુદ્દે વેટિકન સાથે પણ સંઘર્ષ રહ્યો**

એમ્માએ વેટિકન ચર્ચના સખત વિરોધ છતાં ગર્ભપાત અને છૂટાછેડાને કાયદેસર દરજ્જો અપાવવાના અભિયાનોનું નેતૃત્વ કર્યું. મહિલા અધિકારો પરના સંઘર્ષ છતાં, પોપ ફ્રાન્સિસ સાથે તેમની અનોખી અને ગાઢ મિત્રતા પણ હતી. પોપ ફ્રાન્સિસ અવારનવાર તેમની માનવીય પહેલોની પ્રશંસા કરતા હતા અને તેમને સૌથી નબળા વર્ગનો અવાજ ઉઠાવનાર નેતા કહેતા હતા.

**કેન્સર હોવા છતાં સક્રિય રહ્યા - 2015માં કેન્સરનું નિદાન થયા પછી પણ એમ્માએ જાહેર જીવનથી અંતર રાખ્યું ન હતું.** તેઓ રંગબેરંગી સ્કાર્ફ પહેરીને સંસદથી લઈને ટીવી ડિબેટ્સમાં માનવાધિકારોનો અવાજ બુલંદ કરતા રહ્યા.

**છેલ્લી વાત: લડાઈઓ હજી ઘણી છે** - બીમારી વચ્ચે જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે કઈ લડાઈ બાકી છે, ત્યારે કહ્યું હતું, 'ઘણી બધી, જરૂરિયાત કરતાં પણ વધારે- માનવ અધિકાર, વૈશ્વિક ભૂખ અને સ્વતંત્ર વૈજ્ઞાનિક સંશોધન. દસ જન્મ પણ ઓછા પડશે.'

# હોર્મુઝ પછી હવે બીજા ઓઈલ રૂટ પર સંકટ : અલ મંદેબ પર હુતી વિદ્રોહીઓનો કબજો; કહ્યું- સાઉદી અરબ સિવાય કોઈનું જહાજ રોકીશું નહીં

**હોર્મુઝ, તા.12**

હોર્મુઝ સ્ટ્રેટ પછી હવે વધુ એક દરિયાઈ ઓઈલ રૂટ બાબ અલ-મંદેબ સ્ટ્રેટ સંકટમાં છે. યમનના હુતી વિદ્રોહીઓએ અહીં કબજાની જાહેરાત કરી છે. બાબ-અલ-મંદેબ એશિયા અને યુરોપ વચ્ચે જહાજોની અવરજવર માટે એક મહત્વપૂર્ણ માર્ગ છે.

હુતી સૈન્ય પ્રવક્તા યાહ્યા સરીએ કહ્યું કે સાઉદી સમર્થિત સેનાઓએ બાબ અલ-મંદેબની વચ્ચે આવેલા પેરિમ દ્વીપ પરથી નિયંત્રણ ગુમાવી દીધું છે. હવે તેમનો 5,400 ચોરસ કિમી વિસ્તાર પર કબજો થઈ ગયો છે.

હુતી પ્રવક્તાએ કહ્યું કે આ સ્ટ્રેટમાંથી સાઉદી અરબને છોડીને, બાકીના બધા દેશોના જહાજોને પસાર થવાની મંજૂરી છે. હુતી વિદ્રોહીઓનું કહેવું છે કે સાઉદી અરબે તેમની આર્થિક નાકાબંધી કરી રાખી છે.

**યમન હુતી સંઘર્ષ સાથે જોડાયેલી તસવીરો**



રોઈટર્સ અનુસાર, સૌદી સમર્થિત યમની દળો પેરિમ ટાપુ પરનો નિયંત્રણ છોડીને પાછા હટી ગયા. રોઈટર્સ અનુસાર, સૌદી સમર્થિત યમની દળો પેરિમ ટાપુ પરનો નિયંત્રણ છોડીને પાછા હટી ગયા. હુતી લડવૈયાઓ બાબ અલ-મંદેબની બરાબર સામે આવેલા ધુબાબ શહેરમાં પણ પ્રવેશી ગયા છે. હુતી લડવૈયાઓ બાબ અલ-મંદેબની બરાબર સામે આવેલા ધુબાબ શહેરમાં પણ પ્રવેશી ગયા છે.

**બાબ અલ-મંદેબ પર કબજો કરવામાં 9 દિવસ લાગ્યા**

3 સપ્ટેમ્બર: હૂતીઓએ યમનના લાલ સાગર તટ પર ત્રણ તરફથી હુમલો શરૂ કર્યો. ત્યારબાદ તેમણે મોખા શહેરની ઘેરાબંધી કરી.

8 સપ્ટેમ્બર: હૂતીઓની પ્રગતિ જોઈને સાઉદી અરબે હુમલો શરૂ કરી દીધો. મિસાઈલ અને ડ્રોન હુમલાઓમાં 73 લોકો ઘાયલ થયા.

10 સપ્ટેમ્બર: હૂતીઓએ મોખા શહેર અને તેના બંદર પર કબજો કરી લીધો. ત્યારબાદ હૂતી લડાકુઓ બાબ અલ-મંદેબ તરફ આગળ વધ્યા અને ધુબાબની સાથે લાલ સાગરની આસપાસના ટાપુઓ પર પણ દબાણ બનાવ્યું.

11 સપ્ટેમ્બર: પેરિમ એટલે કે મયુન ટાપુ પર કબજો કરી લેવામાં આવ્યો. અહીં કબજાથી હુતીઓને આ દરિયાઈ માર્ગની ખૂબ નજીક વ્યૂહાત્મક ઠેકાણું મળી ગયું છે.

## તંત્રી લેખ

# લક્ષ્મી નારાયણ રાજયોગ બનવા જઈ રહ્યો છે, 4 રાશિના જાતકોનો આવશે ગોલ્ડન ટાઇમ

સપ્ટેમ્બરના છેલ્લા અઠવાડિયામાં ગ્રહોની સ્થિતિમાં મોટો ફેરફાર થવા જઈ રહ્યો છે. 26 સપ્ટેમ્બર 2026ના રોજ બુધ ગ્રહ કન્યા રાશિમાંથી નીકળીને તુલા રાશિમાં ગોચર કરશે. અહીં શુક્ર પહેલાથી જ હાજર હશે. એવામાં તુલા રાશિમાં બુધ અને શુક્રની યુતિથી 'લક્ષ્મી નારાયણ રાજયોગ'નું નિર્માણ થશે. જ્યોતિષમાં બુધ ગ્રહને બુદ્ધિ, વાણી, વેપાર અને તર્કનો કારક માનવામાં આવે છે, જ્યારે શુક્ર ગ્રહ ધન, સુખ-સુવિધા, પ્રેમ અને ભૌતિક સમૃદ્ધિ સાથે જોડાયેલા છે. તેથી આ બંને ગ્રહોનો સંયોગ આર્થિક અને કરિયરના દ્રષ્ટિકોણથી મહત્વપૂર્ણ માનવામાં આવે છે. સપ્ટેમ્બરના છેલ્લા અઠવાડિયામાં ગ્રહોની સ્થિતિમાં મોટો ફેરફાર થવા જઈ રહ્યો છે. 26 સપ્ટેમ્બર 2026ના રોજ બુધ ગ્રહ કન્યા રાશિમાંથી નીકળીને તુલા રાશિમાં ગોચર કરશે. અહીં શુક્ર પહેલાથી જ હાજર હશે. એવામાં તુલા રાશિમાં બુધ અને શુક્રની યુતિથી 'લક્ષ્મી નારાયણ રાજયોગ'નું નિર્માણ થશે. જ્યોતિષમાં બુધ ગ્રહને બુદ્ધિ, વાણી, વેપાર અને તર્કનો કારક માનવામાં આવે છે, જ્યારે શુક્ર ગ્રહ ધન, સુખ-સુવિધા, પ્રેમ અને ભૌતિક સમૃદ્ધિ સાથે જોડાયેલા છે. તેથી આ બંને ગ્રહોનો સંયોગ આર્થિક અને કરિયરના દ્રષ્ટિકોણથી મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

શું છે લક્ષ્મી નારાયણ રાજયોગ?

જ્યોતિષીય માન્યતા પ્રમાણે કુંડળીમાં બુધ અને શુક્રની શુભ સ્થિતિથી લક્ષ્મી નારાયણ યોગ બને છે. તેને ધન, વૈભવ, બુદ્ધિમત્તા, સર્જનાત્મકતા અને સુખ-સુવિધાઓ સાથે જોડીને જોવામાં આવે છે. ગોચર દરમિયાન જ્યારે બંને ગ્રહ એક રાશિમાં આવે છે, તો તેનો પ્રભાવ અલગ-અલગ રાશિઓ પર તેમના ભાવ અને ગ્રહ સ્થિતિ અનુસાર પડી શકે છે.

આ વખતે આ યોગ તુલા રાશિમાં બનવા જઈ રહ્યો છે. કેટલીક જ્યોતિષીય ગણતરીઓ પ્રમાણે તેનો પ્રભાવ ઘણી રાશિઓ માટે કરિયર, બિઝનેસ અને આર્થિક મામલે સકારાત્મક રહી શકે છે.

મિથુન રાશિ

મિથુન રાશિના જાતકો માટે આ યોગ શિક્ષણ, કરિયર અને આર્થિક મામલાઓમાં લાભકારી રહી શકે છે. સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરી રહેલા જાતકોને સારા પરિણામ મળી શકે છે. નોકરી કરતા જાતકોને નવી જવાબદારી કે તક મળી શકે છે. બિઝનેસમાં પણ લાભના નવા રસ્તા ખુલી શકે છે. આવકના વધારાના સ્ત્રોત બનવાની સંભાવના છે.

તુલા રાશિ

આ યોગ તુલા રાશિમાં જ બનવા જઈ રહ્યો છે, તેથી આ રાશિના જાતકો માટે તેનું મહત્વ વધી જાય છે. તમારા આત્મવિશ્વાસ અને વ્યક્તિત્વમાં નિખાર આવી શકે છે. કાર્યક્ષેત્રમાં તમારી ઓળખ મજબૂત થઈ શકે છે. બિઝનેસ કરતા જાતકોને નવી તકો અને લાભ મળી શકે છે. પાર્ટનરશિપ સાથે જોડાયેલા કામોમાં પણ સકારાત્મક પરિણામ મળવાની સંભાવના છે.

ધન રાશિ

ધન રાશિના જાતકો માટે લક્ષ્મી નારાયણ રાજયોગ આવકના દ્રષ્ટિકોણથી સારો રહી શકે છે. કમાણીના નવા સાધન બનવાની સંભાવના છે. પ્રભાવશાળી લોકો સાથે સંપર્ક વધી શકે છે, જેનો ફાયદો ભવિષ્યમાં મળી શકે છે. લાંબા સમયથી અટકેલી આર્થિક યોજનાઓને ગતિ મળી શકે છે.

મકર રાશિ

મકર રાશિના જાતકોના કરિયર માટે આ સમય મહત્વપૂર્ણ હોઈ શકે છે. નોકરીમાં પ્રમોશન, પગાર વધારો કે નવી નોકરીની ઓફર મળવાના યોગ બની શકે છે. બિઝનેસ કરતા જાતકોને અટકેલા પ્રોજેક્ટ્સમાં ગતિ મળી શકે છે.

**આગામી 14 સપ્ટેમ્બરે ગણેશ ચતુર્થી પર્વ ઉજવાશે. આ દિવસે ભગવાન ગણેશનો જન્મ થયો હોવાથી વિશેષ પૂજા-અર્ચના કરાય છે. વાસ્તુશાસ્ત્ર મુજબ, ગણેશજીની મૂર્તિ પાસે તુલસી, ચામડાની વસ્તુઓ, કચરાપેટી કે હિંસક તસવીરો ન રાખવી જોઈએ. આમ કરવાથી પૂજાનું ફળ મળતું નથી અને ગણેશજી નારાજ થઈ શકે છે.**

# ગણપતિ પૂજામાં તુલસી કેમ છે વર્જિત? મૂર્તિ સ્થાપના વખતે આ ભૂલો કરી તો પૂજાનું ફળ નહીં મળે

## આ પાવન અવસર પર ગણપતિ બાપ્પાની વિશેષ પૂજા-અર્ચના કરવાનો વિધાન છે.



હિંદુ ધર્મમાં ગણેશ ચતુર્થી (Ganesh Chaturthi)નું પર્વ ખૂબ જ મહત્વપૂર્ણ છે. વૈદિક પંચાંગ પ્રમાણે દર વર્ષે ભાદરવા મહિનાના શુક્લ પક્ષની ચતુર્થી તિથિ પર ગણેશ ચતુર્થી ઉજવવામાં આવે છે. આ વખતે આ પર્વ 14 સપ્ટેમ્બરે ઉજવવામાં આવશે. ધાર્મિક માન્યતા પ્રમાણે આ જ તિથિએ ભગવાન ગણેશનો જન્મ થયો હતો. તેથી આ દિવસ વિશેષ રૂપે તેમને સમર્પિત છે. આ પાવન અવસર પર ગણપતિ બાપ્પાની વિશેષ પૂજા-અર્ચના કરવાનો વિધાન છે.

વાસ્તુશાસ્ત્ર ()માં પણ ભગવાન ગણેશની પૂજા સાથે જોડાયેલા ઘણા નિયમો જણાવવામાં આવ્યા છે. એવું માનવામાં આવે છે કે ગણેશજીની મૂર્તિની આસપાસ વર્જિત વસ્તુઓ રાખવાથી પૂજાનું પૂર્ણ ફળ પ્રાપ્ત નથી થતું. એવામાં એ જાણવું જરૂરી છે કે વિઘ્નહર્તા પાસે કઈ વસ્તુઓ રાખવાની ભૂલ ન કરવી જોઈએ.

ગણેશ ઉત્સવ દરમિયાન ઘરમાં સુખ-શાંતિ અને સકારાત્મક ઊર્જા જાળવી રાખવા માટે ભગવાન ગણેશની મૂર્તિની આસપાસ વાસ્તુ નિયમોનું પાલન કરવું ખૂબ જ જરૂરી છે. આવું કરવાથી જીવનમાં શુભ પરિણામો મળે છે અને ગણપતિ બાપ્પાની કૃપા સદૈવ બની રહે છે.

ભૂલથી પણ ન રાખો આ વસ્તુઓ

તુલસીના પાન

પૌરાણિક માન્યતાઓ પ્રમાણે ભગવાન ગણેશની પૂજામાં તુલસીના પાન સામેલ ન કરવા જોઈએ. તેથી ગણેશજીની મૂર્તિ પાસે કે તેમના ભોગમાં ભૂલથી પણ તુલસીના પાન ન રાખવા જોઈએ.

ચામડાની વસ્તુઓ

ભગવાન ગણેશની મૂર્તિ પાસે પર્સ, બેલ્ટ, જૂતા-ચપ્પલ કે ચામડામાંથી બનેલી કોઈ પણ વસ્તુ ન રાખવી જોઈએ. આ વસ્તુઓને પૂજા સ્થાન પર અશુદ્ધ માનવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે આ ભૂલ કરવાથી ગણેશજી નારાજ થઈ શકે છે.

કચરાપેટી કે ભંગાર

ગણેશજીની પૂજા દરમિયાન મંદિરમાં સાફ-સફાઈનું વિશેષ ધ્યાન રાખો. પ્રભુની મૂર્તિ પાસે ડસ્ટબિન, સાવરણી કે કોઈ પણ પ્રકારની ગંદકી ન હોવી જોઈએ. એવું માનવામાં આવે છે કે આ વસ્તુઓને આસપાસ રાખવાથી આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે.

નકારાત્મક કે હિંસક તસવીરો

ગણેશજીની મૂર્તિ પાસે કોઈ પણ પ્રકારની નકારાત્મક કે હિંસક તસવીર ન લગાવવી જોઈએ. આ પ્રકારની તસવીરોથી નકારાત્મક ઊર્જાનો સંચાર થાય છે અને અશુભ પરિણામો મળે છે. સાથે જ, તેનાથી ઘરની શાંતિ પણ ભંગ થઈ શકે છે.

શું તમે પણ તુલસી પાસે રાખી છે આ વસ્તુઓ? આજે જ હટાવો નહીંતર આવી શકે છે ગરીબી

હિન્દુ ધર્મમાં તુલસીનું વિશેષ મહત્વ છે. વાસ્તુશાસ્ત્ર મુજબ, તુલસીના છોડ પાસે કેટલીક વસ્તુઓ રાખવાથી માતા લક્ષ્મી નારાજ થઈ શકે છે. ઘરમાં સુખ-શાંતિ અને ધનની પ્રાપ્તિ માટે તુલસી પાસે કચરાપેટી, જૂતા-ચપ્પલ, એંઠા વાસણો, સાવરણી, કાંટાવાળા છોડ કે શિવલિંગ ન રાખવા જોઈએ. આનાથી નકારાત્મક ઊર્જા અને આર્થિક નુકસાન થઈ શકે છે.

શું તમે પણ તુલસી પાસે રાખી છે આ વસ્તુઓ? આજે જ હટાવો નહીંતર આવી શકે છે ગરીબી

Vastu Tips: હિન્દુ ધર્મમાં તુલસીના છોડનું વિશેષ મહત્વ છે. ધાર્મિક માન્યતા પ્રમાણે આ છોડમાં ધનની દેવી માતા લક્ષ્મીનો વાસ હોય છે. તુલસીની રોજ પૂજા કરવાથી ઘરમાં સુખ-શાંતિનો વાસ થાય છે અને માતા લક્ષ્મીની કૃપા પ્રાપ્ત થાય છે.

તુલસી પૂજાનું પૂર્ણ ફળ ત્યારે જ પ્રાપ્ત થાય છે, જ્યારે તુલસી સાથે જોડાયેલા નિયમોનું પાલન કરવામાં આવે. વાસ્તુશાસ્ત્ર પ્રમાણે તુલસી પાસે ભૂલથી પણ કેટલીક વસ્તુઓને ન રાખવી જોઈએ. એવું માનવામાં આવે છે કે વર્જિત વસ્તુઓને રાખવાથી માતા લક્ષ્મી નારાજ થઈ શકે છે અને વ્યક્તિને જીવનમાં ભારે આર્થિક નુકસાનનો સામનો કરવો પડી શકે છે. તો ચાલો જાણીએ કે, તુલસી પાસે કઈ વસ્તુઓને ન રાખવી જોઈએ.

તુલસી પાસે શું ન રાખવું?

ધાર્મિક માન્યતા પ્રમાણે માતા લક્ષ્મી એ જ ઘરમાં વાસ કરે છે, જ્યાં સાફ-સફાઈનું વિશેષ ધ્યાન રાખવામાં આવે છે. તેથી તુલસીના છોડ પાસે કચરાપેટી અને ગંદકી ન હોવી જોઈએ. વાસ્તુશાસ્ત્ર પ્રમાણે તુલસી પાસે ગંદકી હોવાથી માતા લક્ષ્મીનું આગમન નથી થતું, જેના કારણે ધનની ભારે અછત થઈ શકે છે અને નકારાત્મક ઊર્જાનો સંચાર થાય છે. આ ઉપરાંત તુલસીના છોડ પાસે ભૂલથી પણ જૂતા-ચપ્પલ કે શૂ-રેક અને એંઠા વાસણો રાખવાની ભૂલ ન કરવી જોઈએ. આનાથી માતા લક્ષ્મીનું અપમાન થાય છે, જેના કારણે તેઓ નારાજ થઈ શકે છે અને ઘરમાં અશાંતિનું માહોલ બની શકે છે. ઘરમાં સાવરણીનો ઉપયોગ સફાઈ માટે કરવામાં આવે છે. તેથી તુલસીના છોડ પાસે સાવરણી ન રાખવી જોઈએ. વાસ્તુશાસ્ત્ર પ્રમાણે તુલસી પાસે સાવરણી રાખવાથી ઘરના સભ્યોને વાસ્તુ દોષનો સામનો કરવો પડી શકે છે અને અશુભ પરિણામ મળી શકે છે.

આ સિવાય તુલસી પાસે ક્યારેય પણ કાંટાવાળા છોડ ન રાખવા જોઈએ. આનાથી ઘરના સભ્યોના સંબંધોમાં કડવાશ આવી શકે છે અને કારણ વગર તણાવ ઉત્પન્ન થઈ શકે છે.

ધાર્મિક માન્યતા પ્રમાણે શિવલિંગની સાધના કરવાથી શુભ ફળની પ્રાપ્તિ થાય છે, પરંતુ શિવલિંગને ભૂલથી પણ તુલસી પાસે ન રાખવું જોઈએ. આનાથી માતા લક્ષ્મી નારાજ થઈ શકે છે. આની પાછળ એક પૌરાણિક કથા છે, જેના અનુસાર તુલસી પાસે શિવલિંગ રાખવું કે શિવલિંગ પર તુલસી ચઢાવવી સંપૂર્ણપણે વર્જિત છે.

કઈ ઉંમરે ચમકશે તમારું નસીબ? અંકશાસ્ત્ર મુજબ 1 થી 9 મૂળાંક ધરાવતા લોકોના કરિયરની સચોટ આગાહી

અંક જ્યોતિષ મુજબ, જન્મતારીખ વ્યક્તિના સ્વભાવ અને જીવનની દિશા નક્કી કરે છે. 1 થી 9 સુધીના મૂળાંક ધરાવતા લોકો માટે કરિયરમાં સફળતાનો સમય અલગ-અલગ હોય છે. 22 થી 28 વર્ષની ઉંમરે મૂળાંક 1 ને પ્રગતિ મળે છે, જ્યારે મૂળાંક 8 ને 35-36 વર્ષ પછી સફળતા મળતી હોવાનું મનાય છે. આ માહિતી કરિયરના નિર્ણયોમાં મદદરૂપ થઈ શકે છે.

કઈ ઉંમરે ચમકશે તમારું નસીબ? અંકશાસ્ત્ર મુજબ 1 થી 9 મૂળાંક ધરાવતા લોકોના કરિયરની સચોટ આગાહી

Numerology: અંક જ્યોતિષ (ન્યૂમેરોલોજી) પ્રમાણે જન્મતારીખ માત્ર વ્યક્તિના સ્વભાવ અને વિચારસરણીને જ પ્રભાવિત નથી કરતી, પરંતુ તે તેના જીવનની સમગ્ર દિશા પણ નક્કી કરે છે. જન્મની તારીખ પરથી 1 થી 9 સુધીનો મૂળાંક કાઢવામાં આવે છે અને દરેક મૂળાંકનું પોતાનું અલગ મહત્ત્વ હોય છે. એવી માન્યતા છે કે દરેક મૂળાંક માટે કરિયરમાં પ્રગતિ અને સફળતા મેળવવાનો એક ખાસ સમય હોય છે.

કોઈને નાની ઉંમરે જ સફળતા મળી જાય છે, તો કોઈને થોડી રાહ જોવી પડે છે. જો તમે પણ એ જાણવા માગો છો કે તમારા કરિયરમાં પ્રમોશન, નવી નોકરી કે મોટી સફળતાનો યોગ ક્યારે બનશે, તો તમારે તમારા મૂળાંક વિશે જાણવું જરૂરી છે. નીચે 1 થી 9 સુધીના તમામ મૂળાંકો માટે કરિયરમાં સફળતાના અનુકૂળ સમય વિશે જણાવવામાં આવ્યું છે.

મૂળાંક 1

જે લોકોનો જન્મ 1, 10, 19 કે 28 તારીખે થયો છે, તેમનો મૂળાંક 1 માનવામાં આવે છે. અંક જ્યોતિષમાં તેને નેતૃત્વ અને આત્મવિશ્વાસ સાથે જોડવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે 22થી 28 વર્ષની ઉંમર વચ્ચે તેમને કરિયરમાં સારા અવસર મળી શકે છે. નોકરીમાં પદ, ઓળખ કે જવાબદારી વધવાની સંભાવના પણ હોય છે. જોકે, કેટલીકવાર આ લોકોને 40ની ઉંમર પછી કરિયરમાં પ્રગતિ મળે છે.

મૂળાંક 2

2, 11, 20 કે 29 તારીખે જન્મેલા લોકોનો મૂળાંક 2 હોય છે. તેમને શાંત, સંવેદનશીલ અને સમજદાર માનવામાં આવે છે. અંક જ્યોતિષ પ્રમાણે 24થી 30 વર્ષની ઉંમર વચ્ચે કરિયરમાં સ્થિરતા અને આર્થિક મજબૂતી આવવાનો સમય હોઈ શકે છે. જોકે, તેમણે કરિયરમાં એક મુકામ સુધી પહોંચવા માટે ખૂબ જ સંઘર્ષ કરવો પડે છે, પરંતુ આ લોકો મહેનત કરવાથી ક્યારેય ગભરાતા નથી.

# શ્રદ્ધા, પ્રેમ અને સમર્પણનો દિવ્ય સંગમ એટલે કેવડા ત્રીજ



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

ભારતીય સંસ્કૃતિમાં સ્ત્રીના તપ, ત્યાગ અને સમર્પણને હંમેશા શક્તિ સ્વરૂપે પૂજવામાં આવ્યું છે. તે માત્ર એક વ્યક્તિ નથી, તે એક શક્તિ છે જે પોતાના સંકલ્પથી પથ્થરમાંથી પણ ભગવાન પ્રગટ કરી શકે છે. ભાદ્રપદ માસના શુક્લ પક્ષની તૃતીયા એટલે એવો જ એક પવિત્ર દિવસ, જ્યારે સ્ત્રી પોતાના અખંડ સૌભાગ્ય અને પ્રેમની અટલતા માટે ભગવાન શિવ અને માતા પાર્વતીની આરાધના કરે છે. ગુજરાતમાં જેને આપણે કેવડા ત્રીજ કહીએ છીએ એ જ વ્રતને ઉત્તર ભારતમાં *હરતા લિકા તીજ તરીકે ઓળખવામાં આવે છે. નામ ભલે બે હોય, ભાવ એક જ છે - અતૂટ પ્રેમ અને અડગ શ્રદ્ધા.

આ વ્રત માત્ર એક ઉપવાસ નથી, તે સ્ત્રીના હૃદયમાં વસેલી પાર્વતીને જાગૃત કરવાની સાધના છે.

કેવડા ત્રીજ ૨૦૨૬ - તિથિ અને શુભ મુહૂર્ત ચંદ્ર કેલેન્ડર પ્રમાણે દર વર્ષે તારીખ બદલાય છે, પરંતુ ભાવ ક્યારેય બદલાતો નથી. આ વર્ષે આ પવિત્ર પર્વ સોમવારે આવતો હોવાથી તેનું ફળ અનેકગણું વધી જાય છે, કારણ કે સોમવાર એ ભગવાન શિવનો જ દિવસ છે.

વિગત સમય/માહિતી ઉત્સવ કેવડા ત્રીજ / હરતાલિકા તીજ ભાદ્રપદ,શુક્લ પક્ષ તૃતીયા, તૃતીયા તિથિ શરૂ રવિવાર, ૧૩ સપ્ટેમ્બર ૨૦૨૬, સવારે ૭:૦૮ કલાકે તૃતીયા તિથિ સમાપ્ત સોમવાર,૧૪ સપ્ટે. ૨૦૨૬, સવારે ૭:૦૬ કલાકે વ્રતનો મુખ્ય દિવસ સોમવાર, ૧૪ સપ્ટેમ્બર ૨૦૨૬ પૂજાનું શુભ મુહૂર્ત સવારે ૬:૩૦ થી ૮:૪૫ અને સાંજે ૬:૦૦ થી ૮:૩૦

આ દિવસે સર્વાર્થ સિદ્ધિ યોગ પણ બની રહ્યો છે,જે કોઈપણ મનો કામના પૂર્ણ કરવા માટે અત્યંત શુભ માનવામાં આવે છે.

*નામ પાછળનું રહસ્ય કેવડા અને હરતાલિકા આ તહેવારના બે નામ તેના બે દિવ્ય તત્વોને ઉજાગર કરેછે

*હરતાલિકા આ નામ પાછળ એક અત્યંત રોચક કથા છે. સંસ્કૃતમાં 'હરત' એટલે અપહરણ અને 'આલિકા' એટલે સખી. કહેવાય છે કે માતા પાર્વતીએ બાળપણથી જ મનોમન ભગવાન શિવને પોતાના પતિ તરીકે સ્વીકારી લીધા હતા. પરંતુ તેમના પિતા હિમાલયે દેવર્ષિ નારદના કહેવાથી તેમના લગ્ન ભગવાન વિષ્ણુ સાથે નક્કી કરી દીધા. આ વાતથી વ્યથિત પાર્વતીજીએ પોતાની પ્રિય સખીને પોતાની વ્યથા જણાવી. ત્યારે તેમની તે સખીએ તેમનું હરણ કરીને, એટલે કે તેમને પિતાના ઘરેથી લઈ જઈને ગાઢ જંગલમાં લઈ ગઈ, જેથી તેઓ એકાંતમાં શિવની તપસ્યા કરી શકે. સખીના આ અદ્ભૂત ત્યાગ અને સાહસને સન્માન આપવા માટે આ વ્રતનું નામ 'હરતાલિકા' પડ્યું.

કેવડા ત્રીજ ગુજરાતમાં આ દિવસનું નામ કેવડાના ફૂલ પરથી પડ્યું છે. એવું કહેવાય છે કે કેવડાની તીવ્ર અને મદહોશ કરી દેતી સુગંધ ભગવાન શિવને અત્યંત પ્રિય છે. પુરાણોમાં એક કથા છે કે એક વખત કેવડાના ફૂલે બ્રહ્માજીના પક્ષમાં ખોટી સાક્ષી આપી હતી, તેથી શિવજીએ ક્રોધિત થઈને તેને શ્રાપ આપ્યો કે તેની પૂજામાં ક્યારેય તેનો ઉપયોગ નહીં થાય. તેથી જ તમે જોશો કે શિવલિંગ પર સામાન્ય રીતે કેવડો ચડાવવામાં આવતો નથી.

પરંતુ આ એક જ દિવસ એવો છે જ્યારે આ શ્રાપ પણ વરદાનમાં બદલાઈ જાય છે. કહેવાય છે કે જ્યારે માતા પાર્વતીએ ઘોર જંગલમાં શિવની આરાધના કરી ત્યારે તેમની પાસે પૂજા માટે બીજું કંઈ નહોતું, માત્ર જંગલમાં ઉગેલા કેવડાના ફૂલો હતા. તેમણે ભોળા ભાવે અને સંપૂર્ણ શ્રદ્ધાથી કેવડાના ફૂલોથી શિવલિંગની પૂજા કરી. પાર્વતીજીનો આ નિર્મળ પ્રેમ જોઈને શિવજી અત્યંત પ્રસન્ન થયા અને તેમણે કેવડાને વરદાન આપ્યું કે આ એક દિવસે, ભાદરવા સુદ ત્રીજના દિવસે જે કોઈ ભક્ત ભાવથી કેવડો ચડાવશે, તેની તમામ મનોકામના હું તુરંત પૂર્ણ કરીશ.ત્યારથી ગુજરાત માં આ તહેવાર કેવડા ત્રીજ તરીકે પ્રખ્યાત થયો.

વ્રત પાછળની દિવ્ય કથા શ્રદ્ધાનું શાસ્ત્ર આ કથા ફક્ત વાર્તા નથી, પણ શ્રદ્ધાનું શાસ્ત્ર છે. શિવપુરાણમાં આ કથાનો વિસ્તૃત ઉલ્લેખ મળે છે.

એક વખત કૈલાસ પર્વત પર ભગવાન શિવ અને માતા પાર્વતી સોગઠાબાજી રમી રહ્યા હતા. રમત રમતા-રમતા પાર્વતીજીએ અચાનક શિવજીને પૂછ્યું, 'હે મહાદેવ, હે મારા સ્વામી, તમને પામવા માટે મેં પૂર્વજન્મમાં કેવું તપ કર્યું હતું? કયું વ્રત કર્યું હતું જેનાથી તમે મારા થયા?' ત્યારે ભોલેનાથે સ્મિત સાથે કહ્યું - 'હે ગૌરી,સાંભળો. પૂર્વજન્મમાં તમે પર્વતરાજ હિમાલયને ત્યાં પુત્રી તરીકે જન્મ્યા હતા. બાળપણથી જ તમે મને મનથી વરી લીધો હતો. તમે સતત મારા જ નામનું રટણ કરતા હતા. યુવાન થતાં તમારા પિતાને તમારા લગ્નની ચિંતા થઈ. એક દિવસ દેવર્ષિ નારદ તમારા પિતા પાસે આવ્યા.તેમણે મારા અવગુણો નું વર્ણન કર્યું કે શિવ તો સ્મશાનમાં રહે છે, ભભૂત લગાવે છે, ગળામાં સર્પ રાખે છે. અને પછી તમારા પિતા પાસે ભગવાન વિષ્ણુ સાથે તમારા લગ્નનો પ્રસ્તાવ મૂક્યો. તમારા પિતા આ સંબંધથી ખુશ થઈ ગયા.' 'તમે આ વાત સાંભળીને ખૂબ જ વ્યથિત થઈ ગયા અને મૂર્છિત થઈ ગયા. ત્યારે તમારી પ્રિય સખીએ તમને સંભાળ્યા અને તમને વનમાં લઈ જવાનો માર્ગ બતાવ્યો. તમે બધું છોડીને ગાઢ વનમાં ચાલ્યા ગયા. ત્યાં તમે એક નદી કિનારે માટીનો ઢગલો જોયો, તેમાંથી તમે રેતીનું શિવલિંગ બનાવ્યું. ભાદરવા સુદ ત્રીજનો એ દિવસ હતો. તમે સવારથી ભૂખ્યા-તરસ્યા હતા, છતાં તમે કેવડા અને બિલીપત્રથી ભાવપૂર્વક મારી પૂજા કરી, આખી રાત જાગીને મારી ભક્તિ કરી. તમારા આ કઠોર નિર્જળ તપથી હું પ્રસન્ન થયો અને ત્યાં પ્રગટ થઈ વરદાન માંગવા કહ્યું. તમે માત્ર એટલું જ માંગ્યું - 'હે પ્રભુ, જો મેં તમને સાચા હૃદયથી ચાહ્યા હોય તો તમે જ મારા સ્વામી બનો.' મેં તથાસ્તુ કહ્યું.'

'પછી તમારા પિતા તમને શોધતા-શોધતા ત્યાં આવી પહોંચ્યા. તમે તેમને સ્પષ્ટ કહ્યું, 'પિતાજી, હું તન-મનથી ભોળા શંભુને વરી ચૂકી છું, હું બીજા કોઈને નહીં પરણું.' તમારી અડગતા અને અતૂટ પ્રેમ જોઈ હિમાલયનું હૃદય પીગળી ગયું અને તેમણે આપણા લગ્ન કરાવ્યા. ત્યારથી જે કોઈ સ્ત્રી આ દિવસે પૂરા ભાવથી કેવડાથી મારી પૂજા કરશે,તેની દરેક મનોકામના પૂર્ણ થશે અને તેને અખંડ સૌભાગ્ય પ્રાપ્ત થશે.'

*ઉપવાસના નિયમો અને પૂજા વિધિ આ વ્રતને સૌથી કઠિન વ્રતોમાંનું એક માનવામાં આવે છે, કારણ કે તેમાં શ્રદ્ધાની સાથે શરીરની પણ કસોટી થાય છે.

વ્રતના નિયમો પરણિત સ્ત્રીઓ પતિના લાંબા આયુષ્ય,સારા સ્વાસ્થ્ય અને સુખી દાંપત્ય જીવન માટે અને કુંવારી કન્યાઓ શિવ જેવા ઉત્તમ, ગુણવાન અને પ્રેમાળ પતિની પ્રાપ્તિ માટે આ વ્રત કરે છે. આ દિવસે નિર્જળા ઉપવાસ રાખવા માં આવે છે-એટલે કે આખો દિવસ અને રાત અન્ન અને જળનો ત્યાગ. આ તપ દ્વારા શરીર અને મન શુદ્ધ થાય છે.જો સ્વાસ્થ્ય ના કારણે કોઈ નિર્જળ ઉપવાસ ન કરી શકે તો ફળ,દૂધ અને પાણી લઈ શકે, પણ અનાજ અને મીઠું સંપૂર્ણપણે વર્જ્ય છે.

# શિવનાં ત્રીજા નેત્રની તેજાગ્નિ માંથી જલંધરનો ઉદ્ભવ થયો હતો! છતાં શિવે એને દંડિત કર્યો!



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

હે દેવોના દેવ મહાદેવ.

સૌ નાં હૃદયમાં કરુણા રૂપે રહેલાં આપનાં સૌમિત્રી સ્વરૂપને મારા સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. શ્રાવણ એનાં અંતિમ ચરણમાં પહોંચી ગયો છે, અને ભગવાન શિવ પણ શિવાલય છોડી કૈલાસ તરફ જવાં ગતિમાન થયાં હશે! પણ જો આપણાં હૃદયમાં કરુણા હશે, તો એ ત્યાં નિત્ય નિવાસ કરશે અને બચેલું જીવન ધન્યતા અનુભવશે. શતરુદ્ર સંહિતાનાં બચેલો અધ્યાય શ્રાવણ પૂરો થતાં પૂર્ણ કરીએ, પછી શું કરવું એ આગળ પર જોઈશું.

શિવપુરાણમાં આગળ ભગવાન નંદીકેશ્વર સનતકુમારને અવધૂતેશ્વર આવકારની કથા અને એની મહિમાનું વર્ણન કરે છે. એકવાર સ્વર્ગનો રાજા ઈન્દ્ર બધાં જ દેવતાઓ તથા દેવગુરુ ગૃહસ્પતિને સાથે લઈને ભગવાન શિવનાં દર્શન કરવા માટે કૈલાશ પર્વત પર જાય છે. ભગવાન શિવે એમના સુઆગમનની વાત જાણીને ભગવાન એ બંનેની પરીક્ષા લેવા માટે અવધૂત બનીને માર્ગમાં ઊભા રહ્યા!; એ અવધૂતનાં શરીર પર કોઈ જ વસ્ત્ર ન્હોતું, અને પ્રજ્વલિત અગ્નિની જેમ એકદમ તેજસ્વી હતાં, એમની આકૃતિ ખૂબ જ સુંદર જણાતી હતી. ઈન્દ્ર તો સ્વર્ગનો રાજા હતો, અને એને પોતાનાં અધિકાર તેમજ બળ પર અભિમાન હતું, એટલે તે નગ્ન અવધૂતને વારંવાર પૂછ્યું, કે તમારું નામ શું છે? બતાવો વિલંબ ન કરો! અમને ભગવાન શિવ પાસે જવામાં મોડું થાય છે? એ કૈલાસ પર છે કે નહીં? વારંવાર પૂછવા છતાં એ મહાયોગી કંઈ જ બોલ્યા નહીં, અને ત્યારે ઐશ્વર્યનું અભિમાન કરનારાં દેવરાજ ઈન્દ્રે ક્રોધમાં એ જટાધારી પુરુષ સામે વજ્ર ઉગામ્યું, અને કહ્યું કે હું જોઉં છું, આ વજ્રથી કોણ તારી રક્ષા કરે છે? ભગવાન શિવ એ તરત જ એ વજ્રનું સ્તંભન કરી દીધું, અને એનો હાથ અકડાઈ ગયો. એટલા માટે વજ્રનો પ્રહાર કરી શક્યાં નહીં, પરંતુ એ અવધૂત પુરુષ પણ તત્કાળ ક્રોધને કારણે તેજથી વધુ પ્રજ્વલિત થઈ ગયાં, અને જાણે ઈન્દ્રને સળગાવી દેવા હોય, એમ આગળ વધ્યાં. શચિવલ્લભ ઈન્દ્ર પણ પોતાનું બળ ઓસરતું જોઈ ક્રોધથી સર્પ જેમ સળવવા લાગ્યો. સાથે આવેલા દેવગુરુ ગૃહસ્પતિએ જાણી લીધું કે આ તો સાક્ષાત શિવ છે, એટલે એમને તરત જ બે હાથ જોડી પ્રણામ કર્યા, અને સ્તુતિ કરવા લાગ્યાં. એમણે ઈન્દ્રને એમનાં ચરણોમાં પાડી દીધો, ને કહ્યું એ દીનાનાથ અમારી પર કૃપા કરો, અમારી પર કરુણા કરો. અમારાથી બહુ મોટો અપરાધ થઈ ગયો છે. મહાદેવ અમ પર ક્રોધ નહીં, પ્રેમ કરો. શરણાગત પર કૃપા કરવી એ તમારો પરમ ધર્મ છે! આપનાં લલાટમાંથી પ્રગટેલી આગ અમને સળગાવી દેવા આગળ વધી રહી છે. આ વાત સાંભળીને ભગવાન શંકરે હસતાં હસતાં કહ્યું, મારા નેત્રથી જે અગ્નિ બહાર નીકળી છે, એને હું પુનઃ કેવી રીતે ધારણ કરી શકું! શું સાપ પોતાની કાંચળી છોડી દીધા પછી ફરી ગ્રહણ કરે છે?: દેવગુરુ ગૃહસ્પતિ બોલ્યા હે મહાદેવ, ભક્ત સદાય કૃપાને પાત્ર હોય છે, આપ ભક્તવત્સલ નામને ચરિતાર્થ કરનારાં છો, આ ભયંકર તેજને કોઈ અન્ય સ્થળે ફેંકી દો! ભગવાન શંકર કહે છે, ઈન્દ્રને જીવનદાન દેવાને કારણે આજથી તમારું એક નામ જીવ પણ રહેશે. મારા લલાટવર્તી નેત્રથી જે આગ પ્રગટ થઈ છે, એને દેવતા સહી નહીં શકે, તેથી એને હું બહુ દૂર છોડી દઈશ.આવું કહી પોતાનાં એ તેજ સ્વરૂપ અદ્ભુત અગ્નિને હાથમાં લઈને શિવે ક્ષીરસાગરમાં ફેંકી દીધી, ત્યાં ફેંકી દેવાથી જ શિવનું એ તેજ તત્કાળ એક બાળકના રૂપે પ્રગટ થયું, જે સિંધુપુત્ર દેખાવે આબેહૂબ શિવ જેવો જલંધર નામથી વિખ્યાત થયો. પછી દેવતાઓની પ્રાર્થનાથી ભગવાન શિવે જ અસુરોના સ્વામી જલંધરનો વધ કર્યો. આમ ભગવાન અવધૂતેશ્વર શિવ દુષ્ટોને દંડ અને ભક્તોને આનંદ પ્રદાન કરનારાં છે.

નંદીકેશ્વર સનતકુમારોને આગળ ભગવાન શિવનાં ભિક્ષુવર્ય અવતારની કથા કહી. વિદર્ભ દેશમાં સત્યરથ નામનો એક રાજા હતો, અને તે ધર્મ તત્પર સત્યશીલ અને શિવભક્તોને પ્રેમ કરનારો હતો. એકવાર સાલ્વ દેશના ક્ષત્રિય રાજાઓએ સત્યરથની રાજધાની પર આક્રમણ કરી, એને ચારે બાજુથી ઘેરી લીધી. રાજાની બહુ મોટી સેનાને આ યુદ્ધમાં નુકસાન થયું, અને શત્રુઓ સાથે દારૂણ યુદ્ધ કરતાં કરતાં રાજા સત્યરથ માર્યા ગયાં, અને હવે રાજા નથી રહ્યાં એ વાત જાણી, એમની સગર્ભા પત્ની સુકુમાર રાણી મહેલ છોડીને પૂર્વ દિશા તરફ દૂર ચાલી નીકળી. ભગવાન શંકરની કૃપાથી રાણીને એક નિર્મળ સરોવર જોવા મળ્યું, અને આ ઘટાદાર વૃક્ષની નીચે રાણીએ ઉત્તમ ગુણોથી યુક્ત એક દિવ્ય બાળકને જન્મ આપ્યો. રાણીને તરસ લાગી હતી એટલે એ પાણી પીવા સરોવરમાં ઉતરી! અને ત્યાં એને એક મગરે કોળિયો બનાવી દીધી! અને જન્મતા વેંત બાળક અનાથ થઈ ગયું, અને રડવા લાગ્યું. એવામાં બ્રાહ્મણની એક વિધવા સ્ત્રી ત્યાં આવી અને હજી જેની ગર્ભ નાળ પણ કપાઈ નથી, એવાં બાળકને વનવગડામાં જોઈ આશ્ચર્ય થયું! એ તેને ગોદમાં લેવાં ઈચ્છતી હતી, પણ એને થયું કે આ કોઈ માયાવી તો નહીં હોય ને! ભગવાન શિવ એક ભિક્ષુક સંન્યાસીનું રુપ લઈ આવે છે, અને એ બ્રાહ્મણ સ્ત્રીને આ બાળકનું લાલન પાલન કરવું એ તારો ધર્મ છે એ સમજાવે છે, અને પોતાનાં મૂળ સ્વરૂપે એને દર્શન આપે છે. એણે કહ્યું કે આ બાળકને તો હું ઉછેરીશ, પણ હે મહેશ્વર, આ બાળકનાં કેવાં કર્મ છે? કે જન્મતાં જ અનાથ થઈ ગયો. ભગવાન શિવએ કહ્યું કે આ રાજકુમારનાં પિતા વિદર્ભ રાજ સત્યરથ પૂર્વ જન્મમાં સાલ્વ દેશનાં શ્રેષ્ઠ રાજા હતાં એ ધર્મનાં જ્ઞાતાને સંપૂર્ણપણે ધર્મ પૂર્વક જીવતાં હતાં. પરંતુ એક દિવસ પ્રદોષકાલમાં રાજા ભગવાન શંકરનું પૂજન કરી રહ્યાં હતાં, ત્યારે નગરમાં થતાં કોલાહલથી એણે પૂજા મૂકી દીધી, અને નગરમાં શેને કારણે કોલાહલ થઈ રહ્યો છે? શું કોઈએ આક્રમણ તો નથી કર્યું એવી આશંકાથી રાજભવન માંથી બહાર નીકળી ગયાં. એમનો પુત્ર પણ એ જ રીતે પૂજન છોડી અને બહાર નીકળી ગયો, અને અધૂરી પૂજાએ જ ભોજન કરી લીધું, આ રાજકુમારની માતાએ પૂર્વ જન્મમાં છળથી પોતાની શોક્યને મારી નાખી હતી, એટલે એને મગર ખાઈ ગયો. બ્રાહ્મણીએ ચક્ર નામનાં નગરમાં એક ઘર બનાવ્યું હતું, એમાં એ બંને બાળકોનો ઉછેર કરવાં લાગી. એકવાર નદીમાં સ્નાન કરવા ગયેલાં બ્રાહ્મણ પુત્રને સોનાનો કળશ મળ્યો, અને હવે વિધવા માતા માટે બંનેનો ઉછેર સરળ થઈ ગયો. બંને કુમારો મોટાં થવા લાગ્યાં, અને નિત્ય શિવ પૂજન અર્ચન કરતાં હતાં. રાજકુમાર ધર્મગુપ્તનાં લગ્ન એક ગંધર્વરાજની કન્યા સાથે થયાં, અને એનાં પિતાએ એને રાજા બનાવ્યો! અને એ પોતાની પાલક માતા તથા દ્વિજ ભાઈ સાથે ઉત્તમ ભોગનો અધિકારી બની મૃત્યુ બાદ શિવલોકમાં જાય છે.

### દરિયાઈ વિકાસ સાથે પર્યાવરણ અને સુરક્ષાનું સંતુલન જાળવી વિકસિત ભારત-૨૦૪૭ના સંકલ્પને સાકાર કરવા ગુજરાત સજ્જ : મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ગુજરાત યુનિવર્સિટીમાં 'કોસ્ટલ ઈકોલોજી, સિક્યુરિટી એન્ડ સસ્ટેનબિલિટી' વિષયક નેશનલ કોન્ફરન્સનો સમાપન સમારોહ યોજાયો

### ગુજરાતનો દરિયાકાંઠો માત્ર ભૌગોલિક સીમા નથી પરંતુ વિકાસનો માર્ગ, સામુદ્રિક વેપારનું પ્રવેશદ્વાર, સાંસ્કૃતિક વિરાસત અને લાખો લોકોની આજીવિકાનો આધાર છે.

**અમદાવાદ તા.12**

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં અમદાવાદ ખાતે ગુજરાત યુનિવર્સિટીમાં 'કોસ્ટલ ઈકોલોજી, સિક્યુરિટી એન્ડ સસ્ટેનબિલિટી' વિષયક નેશનલ કોન્ફરન્સનો સમાપન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ દરિયાઈ વિકાસ સાથે પર્યાવરણ સંરક્ષણ, રાષ્ટ્રીય સુરક્ષા અને તટીય વિસ્તારોના સર્વાંગી વિકાસના મહત્વ પર ભાર મૂક્યો હતો. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસના કાર્યમંત્રને સાકાર કરવા માટે સમાજના દરેક વર્ગ અને ક્ષેત્રના સહિયારા પ્રયાસો જરૂરી છે. વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં ભારત ફરીથી 'સોને કી ચીડિયા' તરીકે વિશ્વમાં ગૌરવપૂર્ણ સ્થાન પ્રાપ્ત કરવા તરફ આગળ વધી રહ્યું છે. આ માટે નાના-નાના પરંતુ મહત્વપૂર્ણ પ્રયાસોને પણ જોડીને રાષ્ટ્રનિર્માણમાં સૌની ભાગીદારી સુનિશ્ચિત કરવી જરૂરી છે. તેમણે જણાવ્યું કે ગુજરાતનો દરિયાકાંઠો માત્ર ભૌગોલિક સીમા નથી પરંતુ વિકાસનો માર્ગ, સામુદ્રિક વેપારનું પ્રવેશદ્વાર, સાંસ્કૃતિક વિરાસત અને લાખો લોકોની આજીવિકાનો આધાર છે. હજારો વર્ષ પહેલાં લોથલના બંદરથી ગુજરાતના વેપારીઓ વિશ્વ સાથે જોડાયા હતા. આજે મુન્દ્રા અને કંડલા જેવા બંદરો ગુજરાતને વૈશ્વિક વેપારના નકશા પર અગ્રેસર સ્થાન અપાવી રહ્યા છે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દરિયાકાંઠાની સંભાવનાઓને નજીકથી સમજીને તેને પોર્ટ, ટ્રેડ, ઈન્ડસ્ટ્રી, એનર્જી, ફિશરીઝ, ટુરિઝમ અને પર્યાવરણના સર્વાંગી વિકાસના ગેટવે તરીકે જોવાનું વિઝન આપ્યું છે. આ વિઝન આજે દેશમાં બ્લુ ઈકોનોમીની નીતિમાં પ્રતિબિંબિત થઈ રહ્યું છે. વડાપ્રધાનશ્રીએ આપેલા 'વિકાસની સપ્તધારા'ના સંકલ્પમાં બ્લુ ઈકોનોમીનું મહત્વપૂર્ણ સ્થાન છે. કોસ્ટલ ભારત, સપ્તધારા અને વિકસિત ભારત-૨૦૪૭ની થીમ સાથે યોજાયેલી આ નેશનલ કોન્ફરન્સ સમયોચિત અને મહત્વપૂર્ણ છે. ગુજરાત વડાપ્રધાનશ્રીના દરેક સંકલ્પને સાકાર કરવામાં અગ્રેસર રહ્યું છે




અને દરિયાઈ અર્થતંત્ર, પર્યાવરણીય સંરક્ષણ, સુરક્ષા તથા સસ્ટેનેબિલિટી માટેની નવી વ્યૂહરચનાઓમાં પણ નેતૃત્વ કરવા સજ્જ છે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે ક્લાઈમેટ ચેન્જ, દરિયાઈ જળસ્તરમાં વધારો, તટીય ધોવાણ, સમુદ્રી પ્રદૂષણ અને પ્લાસ્ટિક વેસ્ટ જેવી સમસ્યાઓ સમગ્ર વિશ્વ માટે ગંભીર પડકાર બની છે. વિકાસ એવો હોવો જોઈએ જેમાં પ્રગતિની સાથે પ્રકૃતિ, ઉદ્યોગની સાથે પર્યાવરણ સુરક્ષા અને રોજગારની સાથે દરિયાઈ જૈવવિવિધતાનું સંરક્ષણ પણ હોય. આ જ સાચી સસ્ટેનેબિલિટી છે. તેમણે કહ્યું હતું કે ભારતીય સંસ્કૃતિમાં પ્રકૃતિ સાથે સંતુલન જાળવવાની પરંપરા પ્રાચીન સમયથી રહી છે. આપણે છોડમાં પણ રણછોડ જોવાની સંસ્કૃતિમાં માનીએ છીએ. મેન્ગ્રૂવનું વૃક્ષ દરિયાકાંઠાના ગામડાઓ માટે સુરક્ષાની દીવાલ, માછીમારોના જીવન માટે આશાનો આધાર અને અનેક જળચર જીવો માટે ઘર સમાન છે. ચક્રવાત અને વાવાઝોડા સમયે મેંગ્રોવ પ્રકૃતિની ઢાલ બનીને દરિયાકાંઠાના વિસ્તારોનું રક્ષણ કરે છે. સરકાર દ્વારા મેન્ગ્રૂવ સંરક્ષણ અને વાવેતર માટે હાથ ધરાયેલા પ્રયાસો મહત્વપૂર્ણ છે પરંતુ કુદરતનું રક્ષણ માત્ર સરકારની જવાબદારી નથી. કોસ્ટલ ઈકોલોજીનું સંરક્ષણ સરકાર અને સમાજની સામૂહિક જવાબદારી છે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે આપણા સાગર ખેડૂ ભાઈ-બહેનો સમુદ્રના રક્ષક પણ છે. સાગર ખેડૂ સર્વાંગી વિકાસ યોજના સહિતના પ્રયાસો દ્વારા માછીમાર સમાજના જીવનધોરણને ઊંચું લાવવાની કામગીરી થઈ રહી છે. આધુનિક બોટ, ડીઝલ સબસિડી, સુરક્ષા સાધનો અને સેટેલાઈટ આધારિત નેવિગેશન જેવી સુવિધાઓથી તેમની આજીવિકા અને સુરક્ષામાં સુધારો થઈ રહ્યો છે. તેમણે ઉમેર્યું હતું કે ૨૧મી સદીમાં દરિયાઈ સુરક્ષા ટેકનોલોજી આધારિત બની રહી છે. સેટેલાઈટ મોનિટરિંગ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, રિમોટ સેન્સિંગ, ડ્રોન અને સ્માર્ટ બોટ જેવી ટેકનોલોજીથી દરિયાને વધુ સારી રીતે સમજવા, મોનિટર કરવા અને સુરક્ષિત બનાવવામાં મદદ મળી શકે છે. ગુજરાતે ચક્રવાત દરમિયાન ટેકનોલોજી, વહીવટી તંત્ર અને માનવીય સંવેદનાના સમન્વયથી ઝીરો કેઝ્યુઅલ્ટીનું ઉદાહરણ પૂરું પાડ્યું છે.

આ સિદ્ધિ એ સંદેશ આપે છે કે આપત્તિને રોકી શકાતી નથી પરંતુ આપત્તિ સામેની તૈયારી મજબૂત બનાવી માનવજીવનને મહત્તમ સુરક્ષિત કરી શકાય છે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે ગ્રીન પોર્ટ્સ, સસ્ટેનેબલ શિપિંગ, કોસ્ટલ કનેક્ટિવિટી, સસ્ટેનેબલ ફિશરીઝ અને રિસ્પોન્સિબલ કોસ્ટલ ટુરિઝમ દ્વારા ગુજરાત વિકાસનું નવું મોડલ ઊભું કરી શકે છે. અર્થતંત્ર અને પર્યાવરણ એકબીજાના વિરોધી નહીં, પરંતુ પરસ્પર સહયોગી છે. આ અભિગમ વિકસિત ભારત માટે વિકસિત અને સમૃદ્ધ ગુજરાતનો આધાર બનશે. તેમણે આ કોન્ફરન્સ માત્ર પેપર પ્રેઝન્ટેશન અને ચર્ચા પૂરતી સીમિત ન રહે, પરંતુ અહીંથી પ્રાપ્ત વિચારો સરકારની નીતિઓને નવી દિશા આપે તેવી અપેક્ષા વ્યક્ત કરી હતી. વડાપ્રધાનશ્રીના વિઝનરી નેતૃત્વમાં સૌ સાથે મળીને એવા ગુજરાતનું નિર્માણ કરીએ જ્યાં દરિયાની લહેરોમાં વિકાસની ગતિ, મેન્ગ્રૂવની હરિયાળીમાં પ્રકૃતિની સુરક્ષા, માછીમારોના ચહેરા પર સમૃદ્ધિનું સ્મિત અને દરિયાઈ સીમાઓ પર રાષ્ટ્રસુરક્ષાની અડગ દીવાલ હોય તેવો સંકલ્પ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ગુજરાત યુનિવર્સિટીના એલ્યુમની (ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ) માટેના ડિજિટલ પ્લેટફોર્મનું લોન્ચિંગ તેમજ ઐતિહાસિક ડિજિટલ રિપોઝિટરીનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં ગુજરાત યુનિવર્સિટીના કાર્યકારી કુલપતિ ડૉ. જગદીશ જોષીએ સ્વાગત પ્રવચન કર્યું હતું. આ સમારોહમાં આર.એસ.એસ.ના સહ ક્ષેત્ર પ્રચારક શ્રી ડૉ. ચિંતનભાઈ ઉપાધ્યાય, મેયર શ્રી હિતેશભાઈ બારોટ, ધારાસભ્ય શ્રી અમિતભાઈ ઠાકર, શ્રી કૌશિકભાઈ જૈન, અગ્રણી શ્રી પ્રેરકભાઈ શાહ, સીમા જાગરણ મંચના અખિલ ભારતીય સહ સંયોજક શ્રી નિમસિંહ રાઠોડ, ગુજરાતના સંયોજક શ્રી જીવણભાઈ આહીર, પૃથ્વી વિજ્ઞાન વિભાગના સચિવ ડૉ. શ્રીનિવાસ કુમાર સહિત અગ્રણીઓ, વૈજ્ઞાનિકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ગુજરાત વિદ્યાપીઠ ખાતે 'જાહેર પરીક્ષાઓમાં સુધારાઓ' વિષય પર રાજ્યકક્ષાનો પરિસંવાદ યોજાયો

- **પરીક્ષા પદ્ધતિનું માળખું, પારદર્શકતા, ફરિયાદ નિવારણ અને પ્રશ્નપત્રોની રચના સહિતના વિષયો પર તજજ્ઞો દ્વારા માર્ગદર્શન અપાયું**

**અમદાવાદ, તા.12**

ગુજરાત વિદ્યાપીઠ દ્વારા 'જાહેર પરીક્ષાઓમાં સુધારાઓ' વિષયના રાજ્યકક્ષાના પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જાહેર પરીક્ષા વ્યવસ્થાને વધુ સુરક્ષિત, પારદર્શક, સર્વસમાવેશક અને ભવિષ્યલક્ષી બનાવવા અંગે વિવિધ પાસાઓ પર વિચારવિમર્શ કરવામાં આવ્યો હતો. આ પરિસંવાદના મુખ્ય અતિથિ તરીકે પ્રો. ભદ્રાયુ વચ્છરાજાની ઉપસ્થિત રહ્યા હતા.



આ પરિસંવાદ અલગ અલગ 4 ટેકનિકલ સેશનમાં યોજાયો હતો. જે અંતર્ગત, પરીક્ષાની સુરક્ષા અને અખંડિતતા વિશેના સત્રમાં મુખ્યત્વે પરીક્ષા સંચાલન વ્યવસ્થા, સંસ્થાકીય જવાબદારી અને જાહેર પરીક્ષાઓના સુરક્ષિત આયોજન પર ભાર મૂકવામાં આવ્યો હતો. આ ઉપરાંત પરીક્ષાઓમાં થતી ગેરરીતિઓ અટકાવવા, તેને શોધી કાઢવા અને તેના નિવારણ માટેના ઉપાયો અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

પરીક્ષા પદ્ધતિનું માળખું, મૂલ્યાંકન અને ટેકનોલોજી વિશેના સત્રમાં પરીક્ષાના પ્રશ્નપત્રોની રચના અને આધુનિક મૂલ્યાંકન પદ્ધતિઓ પર ચર્ચા કરવામાં આવી હતી. સાથે જ, પરીક્ષા પ્રક્રિયાને વધુ સદ્રઢ બનાવવા માટે સુરક્ષિત કમ્પ્યુટર-આધારિત ટેસ્ટિંગ (CBT) સહિતની અદ્યતન ટેકનોલોજીના ઉપયોગ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરાયું હતું.


જ્યારે પરીક્ષાનું માળખું અને સમાવેશી પહોંચ વિષય પરના સત્રમાં પરીક્ષાના ભૌતિક માળખાકીય સુવિધાઓના વિકાસ અને તેને વધુ મજબૂત બનાવવા અંગે વિચારણા કરવામાં આવી હતી. આ ઉપરાંત, સામાજિક, આર્થિક, પ્રાદેશિક અને ભાષાકીય ભેદભાવ વગર તમામ વર્ગના વિદ્યાર્થીઓ સુધી પરીક્ષાની સુલભ પહોંચ બને તેવા સમાવેશી માળખા અંગે પરામર્શ થયો હતો.

ચોથા અને અંતિમ સત્રમાં પરીક્ષા પ્રક્રિયામાં પારદર્શિતા લાવવા, ફરિયાદોના નિવારણ અને હિતધારકો સાથેના સંવાદ પર ચર્ચા થઈ હતી. સૌથી મહત્વનું, સમગ્ર પરીક્ષા પ્રક્રિયા દરમિયાન વિદ્યાર્થીઓ માનસિક રીતે સ્વસ્થ રહે અને તેમનું કલ્યાણ થાય તે માટેના સકારાત્મક પગલાંઓ સૂચવવામાં આવ્યા હતા.

પરિસંવાદના અંતે પ્રો. પ્રેમાનંદ મિશ્રા દ્વારા જાહેર પરીક્ષાઓમાં સુધારા અંગેનો મહત્વનો ડ્રાફ્ટ (મુસદ્દો) રજૂ કરવામાં આવ્યો હતો. આ સમગ્ર પરિસંવાદ જાહેર પરીક્ષા વ્યવસ્થાને વધુ વિશ્વસનીય, સમાનતાપૂર્ણ અને વિદ્યાર્થીકેન્દ્રિત બનાવવાની દિશામાં વિચારવિમર્શ માટે મહત્વપૂર્ણ મંચ બની રહી હતી.

આ કાર્યક્રમમાં વિદ્યાપીઠના કુલપતિ ડૉ. હર્ષદ પટેલ, ડૉ. ચેતન ત્રિવેદી, ડૉ. કલ્પેશ પરીખ, પ્રો. આશુતોષ બેડેકર સહિતના તજજ્ઞો અને શિક્ષણવિદો ઉપસ્થિત રહ્યા હતા.

## મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદના દેવકીનંદન દેરાસર ખાતે ભગવાન મહાવીરનાં આંગી શણગારનાં ભક્તિભાવ પૂર્વક દર્શન કર્યાં





**ગાંધીનગર, તા.12**

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આજે અમદાવાદનાં નવરંગપુરા વિસ્તારના દેવકીનંદન જૈન શ્વેતાંબર દેરાસર ખાતે મહાવીર જન્મવાંચન નિમિતે ભગવાન મહાવીરનાં ભક્તિભાવ પૂર્વક દર્શન કર્યાં હતાં. મુખ્યમંત્રીશ્રીએ દેરાસરમાં કરવામાં આવેલા ભગવાનના આંગી શણગારને નિહાળી ધન્યતા અનુભવી હતી અને સુંદર આંગી શણગારને બિરદાવ્યો હતો. આ સાથે જ મુખ્યમંત્રીશ્રીએ અન્ય ભગવંતોનાં પણ ભક્તિભાવ પૂર્વક દર્શન કર્યાં હતાં. ત્યારબાદ તેમણે ઉપસ્થિત સૌને શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે અમદાવાદ મહાનગરપાલિકાના મેયર હિતેશભાઈ બારોટ, ધારાસભ્યો જીતુભાઈ પટેલ તેમજ અમિતભાઈ ઠાકર, શહેર અધ્યક્ષ પ્રેરકભાઈ શાહ, જૈન શ્રેષ્ઠીઓ, શ્રાવકો, સ્થાનિક નાગરિકો વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## 13 સપ્ટેમ્બર 2026ના રોજ વડોદરા-જામનગર-વડોદરા ઇન્ટરસિટી ટ્રેન રદ રહેશે

**અમદાવાદ (રેલવે), તા.12**

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના અમદાવાદ-વિરમગામ સેક્શનમાં સાબરમતી (SBT) સ્ટેશન ખાતે રેલવે ટ્રેક નંબર 01, 02 અને 03 ઉપર બોક્સ પ્રકારના ફૂટ ઓવર બ્રિજ (FOB)ના લોન્ચિંગનું કામ ક્રેન તથા હાઈડ્રા મશીનોની મદદથી કરવામાં આવશે. મુસાફરોની સુરક્ષા તથા કામગીરીના સુચારુ અમલીકરણને ધ્યાનમાં રાખીને વડોદરા-જામનગર ઈન્ટરસિટી એક્સપ્રેસ રદ રાખવામાં આવશે. ટ્રેન નંબર 22959/22960 વડોદરા-જામનગર-વડોદરા ઈન્ટરસિટી એક્સપ્રેસ 13 સપ્ટેમ્બર 2026ના રોજ સંપૂર્ણપણે રદ રહેશે. ટ્રેનોના રોકાણના સમય તથા સંચાલન સંબંધિત વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર જઈને માહિતી મેળવી શકે છે.

# સુશાસનના 5 વર્ષ : મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત બન્યું ભારતમાં સેમિકન્ડક્ટર ક્ષેત્રનું હબ

### સેમિકન્ડક્ટર ક્ષેત્રના વિકાસ માટે વિશ્વસ્તરીય ઇન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ, કંપનીઓના વિકાસ માટે વિશેષ પ્રોત્સાહનો જાહેર, ગુજરાતમાં સેમિકન્ડક્ટર ક્ષેત્રે 13.66 બિલિયન ડૉલરથી વધુનું રોકાણ, ગુજરાતમાં 6 પ્રોજેક્ટ મંજૂર

**ગાંધીનગર, તા.12**

13 સપ્ટેમ્બર, 2026ના રોજ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના સુશાસનના પાંચ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વ હેઠળ ગુજરાતે છેલ્લા પાંચ વર્ષમાં વિકાસના અનેક નવા આયામો સર કર્યા છે, જેમાં સેમિકન્ડક્ટર ક્ષેત્રમાં ગુજરાતનો ઉદય સૌથી નોંધપાત્ર સિદ્ધિ છે. ભારતને વૈશ્વિક સેમિકન્ડક્ટર સપ્લાય ચેઈનમાં વિશ્વસનીય ભાગીદાર બનાવવાના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વિઝનને સાકાર કરવાની દિશામાં ગુજરાત આજે ભારતના અગ્રણી સેમિકન્ડક્ટર હબ તરીકે ઉભરી રહ્યું છે.

**ગુજરાતમાં સેમિકન્ડક્ટર ક્ષેત્રે 13.66 બિલિયન ડૉલરથી વધુનું રોકાણ**

રાજ્યમાં સેમિકન્ડક્ટર ક્ષેત્રે 13.66 બિલિયન અમેરિકન ડૉલરથી વધુનું રોકાણ આવ્યું છે. ભારત સરકાર દ્વારા મંજૂર કરવામાં આવેલા કુલ 12 સેમિકન્ડક્ટર પ્રોજેક્ટ્સમાંથી 6 પ્રોજેક્ટ્સ ગુજરાતમાં છે. આ આંકડો માત્ર રોકાણની દૃષ્ટિએ જ નહીં, પરંતુ સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ, એસેમ્બલી, ટેસ્ટિંગ, પેકેજિંગ, ડિઝાઈન અને સંશોધન ક્ષેત્રે ગુજરાતની વધતી ક્ષમતાનો પણ પુરાવો છે.

**સાણંદથી ધોલેરા સુધી વિકસી રહી છે સંપૂર્ણ સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમ**

ગુજરાતમાં સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમનું સૌથી મહત્વપૂર્ણ કેન્દ્ર સાણંદ અને ધોલેરા બની રહ્યા છે. સાણંદ ખાતે માઈક્રોન ટેક્નોલોજીની DRAM અને NAND મેમરી ચિપ્સ માટેની અત્યાધુનિક ATMP સુવિધા વ્યાવસાયિક ધોરણે કાર્યરત છે. આ ઉપરાંત સાણંદમાં સીજી પાવર, રેનેસાં અને સ્ટાર્સ માઈક્રોઈલેક્ટ્રોનિક્સની અદ્યતન OSAT સુવિધા તેમજ કેઈન્સ સેમિકોનની હાઈ-એન્ડ ચિપ પેકેજિંગ આધારિત OSAT સુવિધા પણ વ્યાવસાયિક ધોરણે કાર્યરત છે. આમ, ગુજરાતમાં હવે માત્ર ચિપ ઉત્પાદન જ નહીં, પરંતુ ચિપની



એસેમ્બલી, ટેસ્ટિંગ અને પેકેજિંગ માટેની સંપૂર્ણ ક્ષમતા વિકસી રહી છે.

ધોલેરામાં ટાટા ઈલેક્ટ્રોનિક્સ દ્વારા ભારતમાં પ્રથમ વ્યાવસાયિક સેમિકન્ડક્ટર ફેબનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. અહીં 110 થી 28 નેનોમીટર પ્રોસેસ નોડ્સનો ઉપયોગ કરીને CMOS લોજિક ચિપ્સનું ઉત્પાદન કરવામાં આવશે. ધોલેરા ખાતે ક્રિસ્ટલ મેટ્રિક્સ દ્વારા ભારતનું પ્રથમ વ્યાવસાયિક મિનિ અને માઈક્રો એલઈડી ડિસ્પ્લે ફેબ્રિકેશન તથા પેકેજિંગ યુનિટ પણ વિકસાવવામાં આવી રહ્યું છે. તે સિવાય સુરતમાં સુચિ સેમિકોન દ્વારા નાના પાયે ઉત્પાદન શરૂ કરીને સંપૂર્ણ કક્ષાની OSAT સુવિધા તરફ વિસ્તરણ કરવામાં આવી રહ્યું છે.

**વિશ્વસ્તરીય માળખું અને રોકાણકારો માટે અનુકૂળ નીતિ**

ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજનમાં સેમિકન્ડક્ટર ઉદ્યોગ માટે જરૂરી વિશ્વસ્તરીય માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. વિશાળ જમીનના પાર્સલ, વિશ્વસનીય વીજળી અને પાણી પુરવઠો, પ્લગ-એન્ડ-પ્લે સુવિધાઓ તથા બંદરો, એરપોર્ટ, એક્સપ્રેસવે અને દિલ્હી-મુંબઈ ઔદ્યોગિક કોરિડોર સાથેની કનેક્ટિવિટી ધોલેરાને સેમિકન્ડક્ટર રોકાણ માટે આકર્ષક સ્થળ બનાવે છે.

ગુજરાત સરકારે સેમિકન્ડક્ટર ક્ષેત્ર માટે વિશેષ પ્રોત્સાહનો પણ જાહેર કર્યા છે. કેન્દ્ર સરકારની CAPEX સહાય ઉપરાંત 40 ટકા વધારાની મૂડી રોકાણ સહાય, FAB પ્રોજેક્ટ માટે જરૂરી પ્રથમ 200 એકર જમીન પર 75 ટકા સબસિડી, સ્ટેમ્પ ડ્યુટી અને રજિસ્ટ્રેશન ફીનું 100 ટકા વળતર તેમજ 10 વર્ષ સુધી પ્રતિ યુનિટ 2ની પાવર ટેરિફ સબસિડી જેવી જોગવાઈઓ રાજ્યની રોકાણકારો માટે અનુકૂળ નીતિને દર્શાવે છે.

**સેમિકન્ડક્ટર સાથે કૌશલ્ય વિકાસ અને સંશોધનને પણ પ્રોત્સાહન**

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતે સેમિકન્ડક્ટર ક્ષેત્રે માત્ર રોકાણ મેળવવા પર જ ધ્યાન નથી આપ્યું, પરંતુ જરૂરી કૌશલ્ય ઈકોસિસ્ટમનું નિર્માણ કરવા પર પણ ભાર મૂક્યો છે. PDEU દ્વારા માઈક્રોન ટેક્નોલોજીના સહયોગથી ATMP તાલીમ કેન્દ્ર વિકસાવવામાં આવી રહ્યું છે. GTU ખાતે ChipIN એક્સ્ટેન્શન સેન્ટર અને સેન્ટર ઓફ એક્સલન્સની સ્થાપના કરવામાં આવી રહી છે, જ્યાં વિદ્યાર્થીઓને VLSI ડિઝાઈન અને ચિપ ડિઝાઈનની સમગ્ર પ્રક્રિયાની તાલીમ મળશે.

ધોલેરા ITI ખાતે સેમિકન્ડક્ટર ઉદ્યોગ માટે ભારતનો પ્રથમ UHP વેલ્ડિંગ ટ્રેનિંગ પ્રોગ્રામ શરૂ કરવામાં આવ્યો છે. MeitY અને DST ગુજરાતના સહયોગથી IIT ગાંધીનગરમાં અદ્યતન સેમિકન્ડક્ટર ઉત્પાદન સંશોધન અને તાલીમ માટે સમર્થ કેન્દ્રની સ્થાપના પણ કરવામાં આવી છે.

**ગુજરાતની વિકાસયાત્રામાં એક નવો ટેકનોલોજીકલ અધ્યાય**

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના 'આત્મનિર્ભર ભારત' અને વિકસિત ભારતના વિઝન સાથે કદમ મિલાવીને ગુજરાતે સેમિકન્ડક્ટર ક્ષેત્રે જે ગતિ પ્રાપ્ત કરી છે તે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના પાંચ વર્ષના કાર્યકાળની મહત્વપૂર્ણ સિદ્ધિ બની છે. એક સમયે સેમિકન્ડક્ટર માટે વૈશ્વિક સપ્લાય ચેઈન પર નિર્ભર ભારત આજે આ ક્ષેત્રમાં ઉત્પાદન ક્ષમતા વિકસિત કરી રહ્યું છે અને આ પરિવર્તનમાં ગુજરાત અગ્રણી ભૂમિકા ભજવી રહ્યું છે.

# શ્રીલંકા સતત બીજી વાર વુમન્સ એશિયા કપની ફાઈનલમાં : પાકિસ્તાનને 4 વિકેટે હરાવ્યું ; રવિવારે ભારત સામે થશે ખિતાબી મુકાબલો

નવી દિલ્હી, તા.12

શ્રીલંકાએ સતત બીજી વખત મહિલા એશિયા કપની ફાઈનલમાં સ્થાન મેળવી લીધું છે. શુક્રવારે દુબઈમાં રમાયેલી બીજી સેમિફાઈનલમાં ટીમે પાકિસ્તાનને 4 વિકેટે હરાવ્યું. દુબઈમાં પાકિસ્તાનના 130/5ના જવાબમાં શ્રીલંકાએ 18.4 ઓવરમાં 6 વિકેટે 134 રન બનાવીને જીત નોંધાવી. હવે રવિવારે ફાઈનલમાં તેનો મુકાબલો ભારતીય વુમન્સ ટીમ સામે થશે.

પાકિસ્તાનની કેપ્ટન મેદાન પર રડી પડી

પાકિસ્તાનની કેપ્ટન ફાતિમા સનાએ બેટ અને બોલ બંનેથી શાનદાર પ્રદર્શન કર્યું. તેણે 36 બોલમાં 47 રન બનાવ્યા અને બોલિંગમાં 38 રન આપીને 4 વિકેટ લીધી. તે પ્લેયર ઓફ ધ મેચ પણ રહી. જોકે, તેનું આ પ્રદર્શન પાકિસ્તાનને જીત અપાવવા માટે પૂરતું ન હતું. હાર બાદ ફાતિમા મેદાન પર જ ભાવુક થઈને રડી પડી. શ્રીલંકા સામે હાર્યા બાદ પાકિસ્તાની કેપ્ટન ફાતિમા સના રડવા લાગી. ફાતિમા સનાએ 47 રન બનાવવાની સાથે 4 વિકેટ પણ લીધી, પ્લેયર ઓફ ધ મેચ રહી. 131 રનના લક્ષ્યનો પીછો કરતા શ્રીલંકાની શરૂઆત ખૂબ જ ખરાબ રહી. ફાતિમા સનાએ પોતાની પહેલા જ સ્પેલમાં કેપ્ટન ચમારી અથાપત્તુ (1) અને વિશમી ગુણરત્ને (0)ને આઉટ કરી દીધા. 10મી ઓવર સુધીમાં શ્રીલંકાએ 33 રનમાં 4 વિકેટ ગુમાવી દીધી હતી. પાકિસ્તાનની બોલિંગ સામે રન બનાવવા મુશ્કેલ બની રહ્યા હતા અને શ્રીલંકા પર દબાણ વધી રહ્યું હતું.

હર્ષિતા-કવિશાની 67 રનની ભાગીદારીએ મેચ પલટી

આવા સમયે, હર્ષિતા સમરવિક્રમા અને કવિશા દિલહારીએ પાંચમી વિકેટ માટે 59 બોલમાં 67 રન જોડીને ઈનિંગ્સ સંભાળી. હર્ષિતાએ 31 બોલમાં 36 રન બનાવ્યા, જ્યારે કવિશાએ 33 બોલમાં 33 રનનું યોગદાન આપ્યું.



# ઝ્વેરેવ અને શેલ્ટન યુએસ ઓપન ફાઈનલમાં ટકરાશે : ઝ્વેરેવે ખાચાનોવને હરાવ્યો, શેલ્ટન 23 વર્ષ પછી ફાઈનલમાં પહોંચનાર અમેરિકન ખેલાડી

નવી દિલ્હી, તા.12

યુએસ ઓપનના મેન્સ સિંગલ્સ ફાઈનલમાં જર્મનીના વર્લ્ડ નંબર-1 એલેક્ઝાન્ડર ઝ્વેરેવ અને અમેરિકાના બેન શેલ્ટન આમને-સામને થશે. શુક્રવારે રમાયેલી સેમિફાઈનલમાં ઝ્વેરેવે રશિયાના કારેન ખાચાનોવને 6-3, 7-6, 7-6થી હરાવ્યો, જ્યારે શેલ્ટને તેના જ દેશના ફ્રાન્સિસ ટિયાફોને 4-6, 6-3, 6-3, 7-5થી હરાવ્યો. ખિતાબી મુકાબલો રવિવારે ન્યૂયોર્કના આર્થર એશ સ્ટેડિયમમાં રમાશે.

ઝ્વેરેવે આ વર્ષે ફ્રેન્ચ ઓપનમાં પોતાનો પ્રથમ ગ્રાન્ડ સ્લેમ ખિતાબ જીત્યો હતો અને ત્યારબાદ વિમ્બલ્ડનની ફાઈનલમાં પહોંચ્યા હતા, જ્યાં તેમને જાનિક સિનર સામે હાર મળી હતી. હવે તેમની પાસે આ વર્ષે બીજી મોટી ટ્રોફી જીતવાની તક છે. આ તેમના કારકિર્દીની છઠ્ઠી ગ્રાન્ડ સ્લેમ ફાઈનલ હશે.



સેમિફાઈનલ પછી કરેન ખાચાનોવને ગળે લગાવતા એલેક્ઝાન્ડર ઝ્વેરેવ.

ખાચાનોવ બીજા સેટમાં 0-2થી પાછળ રહ્યા પછી ઝ્વેરેવે વાપસી કરી. આ પછી સેટ ટાઈબ્રેકર સુધી પહોંચ્યો. અહીં ખાચાનોવે ઝ્વેરેવના બે સેટ પોઈન્ટ બચાવ્યા, પરંતુ ઝ્વેરેવે દબાણ જાળવી રાખ્યું અને સેટ 7-6થી પોતાના નામે કરી લીધો. ત્રીજા સેટમાં પણ ખાચાનોવે ટાઈબ્રેકરમાં 3-0 અને પછી 5-2ની લીડ બનાવી. એક સમયે લાગ્યું કે મુકાબલો ચોથા સેટમાં જઈ શકે છે, પરંતુ ઝ્વેરેવે સતત પોઈન્ટ્સ જીતીને સ્કોર બરાબર કર્યો અને 7-6થી સેટ જીતી લીધો.

# વસીમ અકરમે વૈભવ સૂર્યવંશીના વખાણ કર્યા : બોલ્યા- આવી પ્રતિભાથી જ પાકિસ્તાન ક્રિકેટ સુધરશે; PSL પર સવાલો ઉઠાવ્યા

નવી દિલ્હી, તા.12

પાકિસ્તાનના પૂર્વ ફાસ્ટ બોલર વસીમ અકરમે વૈભવ સૂર્યવંશીની બેટિંગ પ્રતિભાના વખાણ કર્યા છે. તેમણે કહ્યું કે પાકિસ્તાને પણ સૂર્યવંશી જેવી પ્રતિભા તૈયાર કરવી પડશે, તો જ ક્રિકેટમાં સુધારો થશે. અકરમે આ જ સરખામણી દ્વારા PSL પર સવાલ ઉઠાવતા કહ્યું કે 10 વર્ષમાં લીગમાંથી કોઈ મોટી બેટિંગ ટેલેન્ટ સામે આવી નથી. અકરમ IPL અને PSL, બંને સાથે જોડાયેલા રહ્યા છે. તેમણે PSLમાં બેટિંગ પ્રતિભાઓની અછત પર ચિંતા વ્યક્ત કરતા કહ્યું કે, PSL શરૂ થયાને 10 વર્ષ થઈ ગયા છે, પરંતુ શું PSLએ એક પણ બેટર તૈયાર કર્યો છે? અમે કેટલાક બોલરો જરૂર આપ્યા છે. પરંતુ શું અમે કોઈ મોટી બેટિંગ પ્રતિભા તૈયાર કરી છે?" તેમણે આગળ કહ્યું કે, જ્યારે આપણે 14 વર્ષના ખેલાડી જેવી બેટિંગ પ્રતિભા તૈયાર કરીશું, ત્યારે આપણને સુધારો જોવા મળશે. જોકે, આ નિવેદનમાં અકરમે સૂર્યવંશીની ઉંમર 14 વર્ષ જણાવી, જ્યારે તેમની ઉંમર 15 વર્ષ છે. અકરમે આ વાત યુટ્યુબર ફરકાન ભટ્ટીને આપેલા



ઈન્ટરવ્યુમાં કહી. અકરમ 2010થી 2017 સુધી કોલકાતા નાઈટ રાઈડર્સના બોલિંગ કોચ અને મેન્ટર રહ્યા હતા. આ સમયગાળા દરમિયાન KKRએ IPLના બે ખિતાબ જીત્યા હતા. PSLમાં પણ તેઓ ઈસ્લામાબાદ યુનાઈટેડ, મુલ્તાન સુલ્તાન્સ અને કરાચી કિંગ્સ સાથે કોચ અને મેન્ટરની ભૂમિકા ભજવી ચૂક્યા છે. અકરમે પાકિસ્તાનમાં પ્રતિભાઓને તૈયાર કરવા માટે ક્લબ ક્રિકેટને મજબૂત કરવાની જરૂરિયાત જણાવી. તેમણે કહ્યું કે સાચી પ્રતિભાઓ ક્લબ ક્રિકેટમાંથી બહાર આવે છે અને તેનાથી PSLની પ્રતિભા તૈયાર કરવાની વ્યવસ્થા પણ સુધરશે.

# વેઈટલિફ્ટર ઋષિકાંત સિંહ એશિયન ગેમ્સમાંથી બહાર : હવે વેઈટલિફ્ટિંગ ટીમમાં 4 મહિલાઓનો સમાવેશ

નવી દિલ્હી, તા.12

એશિયન ગેમ્સ પહેલાં ભારતીય દળમાં ફેરફાર થયો છે. ઈજાના કારણે વેઈટલિફ્ટર ઋષિકાંત સિંહ બહાર થઈ ગયા છે. જ્યારે, એથ્લેટિક્સના શાહનવાઝ ખાન અને નિત્યા ગંધેને પણ ટીમમાંથી હટાવી દેવામાં આવ્યા છે. ઋષિકાંતના હટવાથી વેઈટલિફ્ટિંગમાં ભારતનો પુરુષ પડકાર સમાપ્ત થઈ ગયો છે, જ્યારે એથ્લેટિક્સ ટીમ હવે 74 ખેલાડીઓની રહી ગઈ છે. ઋષિકાંતે કોમનવેલ્થ ગેમ્સમાં સિલ્વર મેડલ જીત્યો હતો, ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સના સિલ્વર મેડલિસ્ટ ઋષિકાંત સિંહ ઘૂંટણની ઈજાના કારણે એશિયન ગેમ્સમાં નહીં રમે. 60 કિગ્રા વર્ગના 21 વર્ષીય ઋષિકાંતને એક મહિનાના રિહેબની સલાહ આપવામાં આવી છે. તેમને જુલાઈમાં ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સના એક અઠવાડિયા પહેલાં ઘૂંટણમાં ઈજા થઈ હતી. આમ છતાં તેમણે સ્પર્ધામાં ભાગ લીધો અને સિલ્વર મેડલ જીત્યો હતો. આશા હતી કે તેઓ એશિયન ગેમ્સ સુધીમાં ફિટ થઈ જશે, પરંતુ મેડિકલ અસેસમેન્ટ પછી તેમને રિહેબની સલાહ આપવામાં આવી. ઋષિકાંત સિંહે 264kg વજન ઉઠાવીને ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સમાં ભારતને સિલ્વર મેડલ અપાવ્યો હતો. ઋષિકાંતના બહાર થયા પછી ભારતીય વેઈટલિફ્ટિંગ ટીમમાં માત્ર ચાર મહિલા ખેલાડીઓ રહી ગઈ છે. તેમાં ટોક્યો ઓલિમ્પિકની સિલ્વર મેડલિસ્ટ મીરાબાઈ ચાનુ (49 કિગ્રા), જ્ઞાનેશ્વરી યાદવ (53 કિગ્રા), નિરુપમા દેવી (61 કિગ્રા) અને હરજિંદર કૌર (69 કિગ્રા)નો સમાવેશ થાય છે. મીરાબાઈ ચાનુએ ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સમાં 190 કિગ્રા વજન ઉઠાવીને ગોલ્ડ મેડલ જીત્યો હતો અને ત્રણ કોમનવેલ્થ ગેમ્સ રેકોર્ડ બનાવ્યા હતા. 18 વર્ષીય લોંગ જમ્પર શાહનવાઝ ખાન પણ એશિયન ગેમ્સ ટીમમાંથી બહાર થઈ ગયા છે. જૂનમાં નેશનલ ઈન્ટર-સ્ટેટ ચેમ્પિયનશિપમાં 8.30 મીટરની છલાંગ લગાવનાર શાહનવાઝને ઈજાની સમસ્યા હતી. તેમણે ઓગસ્ટમાં વર્લ્ડ અંડર-20 ચેમ્પિયનશિપમાં 7.84 મીટર સાથે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. પરંતુ ગુરુવારે ઈન્ડિયન એથ્લેટિક્સ સિરીઝ ફાઈનલમાં તે માત્ર 7.43 મીટર કૂદી શક્યા અને છઠ્ઠા સ્થાને રહ્યા.



# આલિયા ભટ્ટના બોડીગાર્ડે ચાહકને સાઈડમાં ખસેડ્યો : સેલ્ફી લેવા નજીક ગયો હતો; 'ડોન્ટ બી શાય'ના ટ્રેલર લોન્ચ ઈવેન્ટમાં Gen-Z સ્લેંગ પર આપ્યો મજેદાર જવાબ

મુંબઈ, તા.12

આલિયા ભટ્ટ શુક્રવારે મુંબઈમાં તેની આગામી ફિલ્મ 'ડોન્ટ બી શાય'ના ટ્રેલર લોન્ચ ઈવેન્ટમાં પહોંચી હતી. ઈવેન્ટ પછી બહાર નીકળતી વખતે ભીડ વચ્ચે એક ચાહક તેની તરફ સેલ્ફી લેવા માટે આગળ વધ્યો અને એક્ટ્રેસની નજીક આવવાનો પ્રયાસ કર્યો.

ત્યારબાદ તેના બોડીગાર્ડે ચાહકને ઝડપથી બાજુ પર કરી દીધો. જોકે, આ દરમિયાન આલિયાનું ધ્યાન ચાહક તરફ નહોતું અને તે અન્ય ચાહકો સાથે ફોટો ક્લિક કરાવી રહી હતી.

બાજુમાં કર્યા પછી ચાહક બીજી વાર સેલ્ફી લેવા આવ્યો, પરંતુ સિક્યોરિટી ટીમે ના પાડ્યા પછી તે જતો રહ્યો.

ઈવેન્ટમાંથી જતી વખતે પણ આલિયાએ એક ચાહક સાથે તસવીર ક્લિક કરાવી.

'ડોન્ટ બી શાય' આલિયા ભટ્ટના પ્રોડક્શનની ફિલ્મ છે. ફિલ્મમાં પ્રેમ અને જિંદગીના નિર્ણયો વચ્ચેની વાર્તા બતાવવામાં આવી છે. જે 25 સપ્ટેમ્બરે OTT પ્લેટફોર્મ પ્રાઈમ વીડિયો પર રિલીઝ થશે.



આલિયાએ જણાવ્યું, શાહીન કેવી રીતે કરતી હતી રેજબેટ

'ડોન્ટ બી શાય'ના ટ્રેલર લોન્ચ પર આલિયાએ બહેન શાહીનનો બાળપણનો કિસ્સો સંભળાવ્યો. કાર્યક્રમના હોસ્ટે આલિયા, શાહીન અને ડિરેક્ટર શ્રૃતિ મુખર્જીને 'ઓરા ફાર્મિંગ', 'બ્રેડક્રમ્બિંગ', 'સાઈડ ક્વેસ્ટ', 'બ્રેનરોટ' અને 'રેજબેટ' જેવા જેન-ઝી ટર્મ્સના અર્થ પૂછ્યા.

આલિયાએ 'રેજબેટ'નો અર્થ સમજાવતા કહ્યું, "જ્યારે હું નાની હતી, ત્યારે શાહીન મારી સાથે આ જ કરતી હતી. તે મને કહેતી હતી કે હું પાર્લે-જી સાથે ફ્રી આવી છું."

તેણે કહ્યું, "તે કહેતી હતી કે હું ખરેખર મારી મમ્મી અને પપ્પાની દીકરી નથી. હું ચાર વર્ષની હતી, જ્યારે શાહીન મને રેજબેટ કરતી હતી." આલિયા અને શાહીન ભટ્ટે 2019-20માં પોતાનું પ્રોડક્શન હાઉસ 'ઈટર્નલ સનશાઈન' શરૂ કર્યું હતું. ફિલ્મ 'ડોન્ટ બી શાય'માં ચાર નવા એક્ટર્સ અને એક ડેબ્યુટન્ટ ડિરેક્ટર છે. કાર્યક્રમની શરૂઆતમાં આલિયાએ કહ્યું, "14 વર્ષ પહેલાં મેં એક એક્ટર તરીકે ડેબ્યુ કર્યું હતું. આજે 14 વર્ષ પછી હું ચાર નવા એક્ટર્સ અને એક ડેબ્યુટન્ટ ડિરેક્ટરને રજૂ કરી રહી છું." તેણે આગળ કહ્યું, "આ સમયે હું તેમના કરતાં ક્યાંય વધુ નર્વસ છું. મારા પેટમાં પતંગિયા ઉડી રહ્યા છે."

ફિલ્મમાંથી ચાર નવા ચહેરાઓને લીડ રોલમાં લોન્ચ કરવામાં આવશે. જેમાં આરુષિ બજાજ, પીયૂષ ખાતી, અંશ દુગ્ગલ અને બિયાંકા અરોરાનો સમાવેશ થાય છે.

પ્રોડ્યુસર બનવા પર બોલી આલિયા

આલિયાને પૂછવામાં આવ્યું કે શું તે આ ફિલ્મમાં એક્ટ્રેસ તરીકે પણ કામ કરવા માંગતી હતી. તેણે કહ્યું, "ના, મને નથી લાગતું કે મેં ક્યારેય આવું અનુભવ્યું હોય."

# 'તાકાત હોય તો 'સ્પિરિટ'ની સમીક્ષા કરીને દેખાડો'

## ડિરેક્ટર સંદીપ રેડ્ડી વાંગાના ભાઈનો ખુલ્લો પડકાર, 'રોમાંચકમ'ની ટીકાને જીરવી ન શક્યા

મુંબઈ, તા.12

ફિલ્મ નિર્માતા સંદીપ રેડ્ડી વાંગાના ભાઈ અને પ્રોડ્યુસર પ્રણય રેડ્ડી વાંગાએ તેમની ફિલ્મ 'રોમાંચકમ'ની સમીક્ષા કરનારા વિવેચકોને પડકાર ફેંક્યો.

તેમણે કહ્યું કે વિવેચકો ફિલ્મ 'સ્પિરિટ'ને પણ એ જ દૃષ્ટિકોણથી ચકાસે. 'સ્પિરિટ'માં પ્રભાસ અને તૃપ્તિ ડિમરી મુખ્ય ભૂમિકાઓમાં છે. જ્યારે, ફિલ્મનું ડિરેક્શન સંદીપ રેડ્ડી વાંગા કરી રહ્યા છે. ભૂષણ કુમાર, કૃષ્ણ કુમાર, પ્રણય રેડ્ડી વાંગા અને પ્રભાકર રેડ્ડી વાંગા ફિલ્મના પ્રોડ્યુસર છે.

પ્રણયે આ વાત યુટ્યુબ ચેનલ ટેગ તેલુગુ સાથેની વાતચીતમાં કહી. 'રોમાંચકમ' 3 સપ્ટેમ્બરે સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી અને તેને મિશ્રથી સરેરાશ પ્રતિક્રિયાઓ મળી હતી. પ્રણયે તેના ભાઈ સંદીપ સાથે મળીને પોતાનું પ્રોડક્શન બેનર 'ભદ્રકાલી પિક્ચર્સ' સ્થાપ્યું હતું. પ્રણયે તેના ભાઈ સંદીપ સાથે મળીને પોતાનું પ્રોડક્શન બેનર 'ભદ્રકાલી પિક્ચર્સ' સ્થાપ્યું હતું. પ્રણયે કહ્યું કે, 'ફિલ્મોની સમીક્ષા કરવી સરળ કામ લાગી શકે છે. આવું એટલા માટે, કારણ કે સિનેમાઘરોમાં રિલીઝ



થતી ઘણી ફિલ્મો સફળ થતી નથી.' તેમણે કહ્યું કે, 'ફિલ્મ બનાવવાની મુશ્કેલીઓ ત્યારે જ સમજાય છે, જ્યારે કોઈ પોતે પ્રોડક્શન પ્રક્રિયાનો ભાગ બને છે.' 'જો તમે પ્રોડક્શનમાં આવો છો, તો સમજો છો કે લખેલી વસ્તુને પડદા પર ઉતારવા માટે ડિરેક્ટર કેટલી મહેનત કરે છે. પ્રોડક્શનમાં કયા પ્રકારની મુશ્કેલીઓ આવે છે, તે પણ સમજાય છે.' પ્રણયે એમ પણ કહ્યું કે, 'સમીક્ષાઓ કોઈ ફિલ્મની બોક્સ ઓફિસ પરફોર્મન્સ નક્કી કરતી નથી.' તેમના મતે, 'ખરાબ સમીક્ષાઓ છતાં કેટલીક ફિલ્મો સારું પ્રદર્શન કરે છે, જ્યારે કેટલીક ફિલ્મોને ખૂબ સારી સમીક્ષાઓ મળે છે, પરંતુ તે દર્શકો સાથે જોડાઈ શકતી નથી. આખરે અંતિમ નિર્ણય દર્શકો જ આપે છે.' પ્રણય રેડ્ડી વાંગા દ્વારા નિર્મિત ફિલ્મ 'રોમાંચકમ' 3 સપ્ટેમ્બરે રિલીઝ થઈ હતી. લગભગ 10 કરોડના બજેટવાળી ફિલ્મે અત્યાર સુધીમાં 9.77 કરોડની કમાણી કરી છે. પ્રણય રેડ્ડી વાંગા દ્વારા નિર્મિત ફિલ્મ 'રોમાંચકમ' 3 સપ્ટેમ્બરે રિલીઝ થઈ હતી. લગભગ 10 કરોડના બજેટવાળી ફિલ્મે અત્યાર સુધીમાં 9.77 કરોડની કમાણી કરી છે. પ્રણયે 'રોમાંચકમ'ના સમીક્ષકો પર સીધો કટાક્ષ પણ કર્યો. તેમણે કહ્યું કે, 'ફિલ્મ નાની પ્રોડક્શન હોવાને કારણે તેને વધુ તપાસ-પડતાલનો સામનો કરવો પડ્યો.'

# 'હનુમાન અંશ'ના શૂટિંગમાં પહોંચ્યો રહસ્યમયી વાનર! : ભગવાન દાસે કહ્યું- 'મૂર્તિ સ્થાપના જોતો રહ્યો

મુંબઈ, તા.12

ફિલ્મ 'હનુમાન અંશ'માં ગોપાલનું પાત્ર ભજવીને એક્ટર ભગવાન દાસ પટેલ આ દિવસોમાં દર્શકોનું ધ્યાન ખેંચી રહ્યા છે. મધ્ય પ્રદેશના જબલપુરથી મુંબઈ સુધીની તેમની સફર સરળ નહોતી. થિયેટરમાં છ વર્ષ વિતાવ્યા પછી, તેમણે ટીવી અને ફિલ્મોમાં નાના-મોટા પાત્રો ભજવ્યા. 'મુજસે ફ્રેન્ડશિપ કરોગે', 'પ્રેમ રતન ધન પાયો', 'થાર', 'રંગબાઝ' અને 'ફોટોગ્રાફ' જેવી ફિલ્મો અને સિરીઝનો ભાગ રહેલા ભગવાન દાસે દિવ્ય ભાસ્કર સાથેની વાતચીતમાં ફિલ્મના શૂટિંગના રસપ્રદ કિસ્સાઓ, કારકિર્દીના સંઘર્ષ અને સફળતા પછી મળી રહેલી લોકોની શુભેચ્છાઓ વિશે વાત કરી. જવાબ: મને એક જાણકારે ફિલ્મ વિશે જણાવ્યું હતું. તેમણે કહ્યું કે ફિલ્મ નીમ કરોલી બાબા પર બની રહી છે અને ગોપાલનું પાત્ર છે. પૈસા વધારે



નહોતા, પણ પાત્ર સારું હતું. હું ડિરેક્ટર વિશાલ સરને મળવા ગયો. ત્યાં હનુમાનજીની એક તસવીર લાગેલી હતી, જેમાં નીમ કરોલી બાબા ધ્યાનમાં બેઠા હતા. તે તસવીરે મારું ધ્યાન ખેંચ્યું. ત્યારબાદ તેમણે વાર્તા સંભળાવી અને મેં એક-બે દિવસ પછી ઓડિશન આપ્યું. મારું એક જ ઓડિશન થયું અને મારી પસંદગી થઈ ગઈ.

# 'શું ગુજરાત બાંગ્લાદેશ કે પાકિસ્તાનમાં છે?' : નેશનલ ફિલ્મ અવોર્ડ્સ વિવાદ પર પરેશ રાવલ ભડક્યા

મુંબઈ, તા.12

ગુજરાતમાં 72મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહના આયોજનને લઈને થયેલા વિવાદ વચ્ચે, એક્ટર પરેશ રાવલે આ નિર્ણયનો બચાવ કર્યો છે. તેમણે કહ્યું કે, 'ગુજરાત ભારતનો જ એક ભાગ છે અને દેશના દરેક રાજ્યમાં આવા મોટા રાષ્ટ્રીય કાર્યક્રમો થવા જોઈએ.'

ન્યૂઝ એજન્સી ANI સાથેની વાતચીતમાં પરેશ રાવલે કહ્યું,

શું ગુજરાત બાંગ્લાદેશ કે પાકિસ્તાનમાં છે? તે પણ આપણા પોતાના દેશનો એક ભાગ છે. આ કાર્યક્રમ ગુજરાતમાં કેમ ન થઈ શકે? આવા કાર્યક્રમો ગુજરાતમાં પણ થવા જોઈએ. મારું કહેવું છે કે



દેશના દરેક રાજ્યમાં આવા આયોજનો થવા જોઈએ. તેમાં કંઈ ખોટું નથી.

પરેશ રાવલ ગુજરાતની અમદાવાદ પૂર્વ લોકસભા બેઠક પરથી 2014થી 2019 સુધી ભાજપના સાંસદ હતા.

પરેશ રાવલ ગુજરાતની અમદાવાદ પૂર્વ લોકસભા બેઠક પરથી 2014થી 2019 સુધી ભાજપના સાંસદ હતા.

રાજ ઠાકરેએ સમારોહ ગુજરાતમાં ખસેડવા પર પ્રશ્ન ઉઠાવ્યા

મહારાષ્ટ્રના નેતાઓ રાજ ઠાકરે અને ઉદ્ધવ ઠાકરેએ 72 વર્ષના ઈતિહાસમાં રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહને દિલ્હીથી ગુજરાત ખસેડવાના નિર્ણયની ટીકા કરી છે. જ્યારે, શિવસેનાના સાંસદ સંજય રાઉતે કલાકારોને આ સમારોહનો બહિષ્કાર કરવા અપીલ કરી છે. સ્થાન બદલવા પર રાજ ઠાકરેએ વાંધો ઉઠાવતા લખ્યું, 'આખરે તેની જરૂર કેમ પડી? દેશની આર્થિક રાજધાની મુંબઈનું મહત્ત્વ ઓછું કરવાનો પ્રયાસ કર્યા પછી, શું હવે દેશની રાજધાની દિલ્હીનું મહત્ત્વ પણ ધીમે ધીમે સમાપ્ત કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે?' તેમણે આગળ લખ્યું, 'પ્રશ્ન સીધો છે, રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોનું આયોજન ગુજરાતમાં જ કેમ? જો જગ્યા બદલવી જ હતી તો મુંબઈ કેમ નહીં? દાદાસાહેબ ફાળકેએ ભારતીય સિનેમાનો પાયો મહારાષ્ટ્રમાં નાખ્યો હતો. તો પછી પુરસ્કાર સમારોહ મહારાષ્ટ્રમાં કેમ ન થયો? તમિલનાડુ, કેરલમ, આંધ્ર પ્રદેશ અને તેલંગાણા જેવા રાજ્યોમાં મોટા પાયે ફિલ્મો બને છે. દક્ષિણ ભારતમાં સિનેમાએ રાજકારણને પણ પ્રભાવિત કર્યું છે. તો પછી ગુજરાતને જ કેમ પસંદ કરવામાં આવ્યું?' તેમણે વધુમાં લખ્યું, 'એવું લાગે છે કે પોતે કંઈક મોટું કરવામાં નિષ્ફળ ગયેલા લોકો હવે નામ અને જગ્યા બદલીને એક નવો ઈતિહાસ બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે.

# અંબાણી-અદાણીની સંપત્તિ ₹1.41 લાખ-કરોડ ઘટી, છતાં ટોપ પર : ફોર્ચ્યુન ઈન્ડિયા ટોપ-100માં 56 અબજોપતિઓની સંપત્તિ વધી, 31ની ઘટી; 13 નવા ચહેરા શામેલ

**નવી દિલ્હી, તા.12**

ફોર્ચ્યુન ઈન્ડિયાએ દેશના ટોપ-100 અબજોપતિઓની નવી યાદી બહાર પાડી છે. દેશના ટોચના 2 ધનિકોની સંપત્તિ એક વર્ષમાં 1.41 લાખ કરોડ રૂપિયા ઘટી ગઈ. આમ છતાં મુકેશ અંબાણી પ્રથમ અને ગૌતમ અદાણી બીજા સ્થાને યથાવત છે. ટોપ-100માં 30 ઉદ્યોગપતિઓની સંપત્તિ કુલ 4.26 લાખ કરોડ રૂપિયા ઘટી છે. તેમાં મુકેશ અંબાણીની સંપત્તિ સૌથી વધુ 82 હજાર કરોડ રૂપિયા ઓછી થઈ, જ્યારે અદાણીની સંપત્તિ 59 હજાર કરોડ રૂપિયા ઘટી.



સાવિત્રી જિંદલની સંપત્તિમાં સૌથી વધુ 1 લાખ કરોડનો વધારો થયો

બીજી તરફ 56 ઉદ્યોગપતિઓની કુલ સંપત્તિ 7.70 લાખ કરોડ રૂપિયા વધી. 31ની સંપત્તિ ઘટી છે. આ વખતે 13 લોકો પ્રથમ વખત ટોપ-100માં સામેલ થયા છે. સાવિત્રી જિંદલની સંપત્તિમાં સૌથી વધુ 1 લાખ કરોડ રૂપિયાનો વધારો નોંધાયો. આ ઉપરાંત શ્યામ ભારતી અને હરિ ભારતીની સંપત્તિ ટકાવારીની દ્રષ્ટિએ સૌથી વધુ 78% વધી. માઈનિંગ કંપની રુંગટામાઈન્સના નંદલાલ રુંગટા અને મુકુંદ રુંગટા પ્રથમ વખત આ યાદીમાં સામેલ થયા છે. તેઓ 61મા સ્થાને છે. ભારતની અર્થવ્યવસ્થાએ ઊર્જા સંકટ અને વૈશ્વિક પડકારો વચ્ચે પણ પોતાની ઝડપી ગતિ જાળવી રાખી છે. ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળા (એપ્રિલ-જૂન)માં દેશનો વાસ્તવિક જીડીપી વૃદ્ધિ દર 7.8% નોંધાયો છે.

આંતરરાષ્ટ્રીય મુદ્રા કોષ (IMF) એ ભારતના આ ઉત્કૃષ્ટ પ્રદર્શનની પ્રશંસા કરતા જણાવ્યું છે કે મજબૂત સેવા ક્ષેત્ર અને બહેતર નિકાસના જોરે આ વૃદ્ધિ અપેક્ષા કરતાં ઘણી સારી રહી છે.

IMFએ ભારતીય અર્થતંત્રના વખાણ કર્યા

IMFના પ્રવક્તા જુલી કોજાકે પ્રેસ બ્રીફિંગમાં જણાવ્યું કે એપ્રિલ-જૂન ત્રિમાસિક ગાળામાં ભારતનો 7.8% નો જીડીપી વૃદ્ધિ દર તેમના અનુમાન અને બજાર નિષ્ણાતોની અપેક્ષાઓ કરતાં ઘણો વધારે છે. તેમણે કહ્યું કે સેવાઓ અને નિકાસમાં બહેતર ગતિવિધિઓએ આ વૃદ્ધિને વેગ આપ્યો છે.

જુલી કોજાક મુજબ, આ પ્રદર્શન દર્શાવે છે કે ઊર્જા કિંમતોના આંચકા પછી પણ ભારતીય અર્થતંત્ર સંપૂર્ણપણે મજબૂત છે અને ભારત વિશ્વ માટે એક મુખ્ય 'ગ્રોથ એન્જિન' બની રહ્યું છે.

આરબીઆઈના અનુમાન કરતાં વધુ રહ્યો વિકાસ દર

પહેલી ત્રિમાસિકનો આ 7.8% નો આંકડો રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)ના 7% ના અગાઉના અનુમાન કરતાં પણ વધુ રહ્યો છે. આંકડાશાસ્ત્ર અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય (MoSPI) ના આંકડા અનુસાર, આ ત્રિમાસિકમાં દેશની રિયલ જીડીપી 81.36 લાખ કરોડ રૂપિયા રહી, જે પાછલા નાણાકીય વર્ષ (FY26) ના આ જ સમયગાળામાં 75.46 લાખ કરોડ રૂપિયા હતી.

જીડીપી માપવાની નવી પદ્ધતિને સમર્થન

આઈએમએફએ ભારત દ્વારા જીડીપી આકારણીની વ્યવસ્થામાં કરવામાં આવેલા ફેરફારો અને તેના આધુનિકીકરણનું સ્વાગત કર્યું છે. જૂલી કોજાકે જણાવ્યું કે નવીનતમ ડેટામાં નવો ઔદ્યોગિક ઉત્પાદન સૂચકાંક (IIP) અને ઉત્પાદક ભાવ સૂચકાંક (PPI) શ્રેણી શામેલ કરવામાં આવી છે. આઈએમએફ અનુસાર, આ નવા ફેરફારોથી જીડીપીના આંકડાઓની સચોટતા અને ડેટાની ગુણવત્તામાં વધુ સુધારો થશે.

આંકડાઓ અને સુધારાઓ પર ઉઠેલા સવાલો

જોકે, આ મજબૂત આંકડાઓ વચ્ચે જીડીપી ગણતરીને લઈને ચર્ચા પણ શરૂ થઈ ગઈ છે. પૂર્વ નાણા સચિવ સુભાષ ચંદ્ર ગર્ગે 7.8% ના વૃદ્ધિ દર પર સવાલ ઉઠાવતા પાછલા વર્ષની વર્તમાન જીડીપીમાં કરવામાં આવેલા સુધારા તરફ ધ્યાન દોર્યું છે.

# આ અઠવાડિયે સોના-ચાંદીના ભાવમાં ઘટાડો રહ્યો : ચાંદી ₹6,536 ઘટીને ₹2.29 લાખ પ્રતિ કિલો પર આવી, 10 ગ્રામ સોનું ₹2,946 સસ્તું થયું

**મુંબઈ, તા.12**

સોના-ચાંદીના ભાવમાં આ અઠવાડિયે ઘટાડો જોવા મળ્યો. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, 10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ 2,946 રૂપિયા ઘટીને 1.52 લાખ રૂપિયા થયો છે. આ પહેલા તે ગયા અઠવાડિયે એટલે કે 3 સપ્ટેમ્બરે 1.55 લાખ રૂપિયા પર હતો. જ્યારે, ચાંદી 2.35 લાખ રૂપિયા પ્રતિ કિલોથી ઘટીને 2.29 લાખ રૂપિયા પર આવી ગઈ છે. એટલે કે તેની કિંમત 6,536 રૂપિયા ઓછી થઈ.



આ વર્ષે સોનું 19 હજાર મોંઘું થઈ ચૂક્યું છે

આ વર્ષે સોના-ચાંદીની કિંમતમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. સોનું 2026માં અત્યાર સુધીમાં 19 હજાર રૂપિયા મોંઘું થઈ ચૂક્યું છે. 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ સોનું 1.33 લાખ રૂપિયા પર હતું, જે હવે 1.52 લાખ રૂપિયા પર પહોંચી ગયું છે.

જ્યારે, ચાંદી 31 ડિસેમ્બર 2025ના રોજ 2.30 લાખ રૂપિયા પ્રતિ કિલો હતી, જે હવે લગભગ 2.29 લાખ રૂપિયા પર આવી ગઈ છે. આ સમયગાળા દરમિયાન 29 જાન્યુઆરીના રોજ સોનાએ 1.76 લાખ રૂપિયા અને ચાંદીએ 3.86 લાખ રૂપિયાની ઓલટાઈમ હાઈ પણ બનાવી હતી.

જ્વેલર્સ પાસેથી સોનું ખરીદતી વખતે આ 3 બાબતોનું ધ્યાન રાખો

સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો: હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS) નો હોલમાર્ક લગાવેલ સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો. આ નંબર આલ્ફાન્યુમેરિક એટલે કે કંઈક આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે.

કિંમત ક્રોસ ચેક કરો: સોનાનું સાચું વજન અને ખરીદવાના દિવસે તેની કિંમત ઘણા સ્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની વેબસાઈટ) થી ક્રોસ ચેક કરો. સોનાનો ભાવ 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટના હિસાબે અલગ-અલગ હોય છે.

મેકિંગ ચાર્જનો ખેલ: મેકિંગ ચાર્જ તે શુલ્ક છે જે જ્વેલર્સ સોનાને ઘરેણું બનાવવા માટે લે છે. આ ફિક્સ હોતો નથી. તમે આના પર ભાવતાલ કરી શકો છો. જ્વેલર્સ ઘણીવાર તેને ઓછો કરવા માટે તૈયાર થઈ જાય છે, ખાસ કરીને જો તમે મોટી ખરીદી કરી રહ્યા હોવ. તમે સીધા તેમની પાસેથી લેબર કોસ્ટનું બ્રેકઅપ માંગો, જેથી તમને સારી ડીલ મળી શકે.

# રણવીર સિંહ BMW ઈન્ડિયાનો બ્રાન્ડ એમ્બેસેડર બન્યો : નવી '7 સિરીઝ' રેન્જ પરથી પડદો ઉઠાવ્યો

**નવી દિલ્હી, તા.12**

નવી દિલ્હીમાં BMW ઈન્ડિયાએ શુક્રવારે તેની નવી 'BMW 7 સિરીઝ' રેન્જ લોન્ચ કરી. આ ખાસ અવસરે 'ધુરંધર' એક્ટર રણવીર સિંહને BMW ઈન્ડિયાના નવા બ્રાન્ડ એમ્બેસેડર તરીકે રજૂ કરવામાં આવ્યો.



લોન્ચ ઈવેન્ટમાં નવી 'BMW 7 સિરીઝ' રેન્જ પરથી પડદો રણવીર સિંહે ઉઠાવ્યો. આ અવસરે BMWની ફ્લેગશિપ 7 સિરીઝ અને રણવીર સિંહની હાજરી એકસાથે જોવા મળી.

રણવીર સિંહે બ્રાન્ડ એમ્બેસેડર તરીકે આ લોન્ચમાં ભાગ લીધો. BMW અનુસાર, આ ભાગીદારી શ્રેષ્ઠતા, મહત્વાકાંક્ષા અને કંઈક અસાધારણ કરવાની ઈચ્છા દર્શાવે છે.

રણવીર સિંહે BMWની ફ્લેગશિપ લક્ઝરી સેડાન, નવી BMW 7 સિરીઝ રેન્જ પરથી પડદો ઉઠાવ્યો.

BMWની ફ્લેગશિપ સેડાન પેટ્રોલ અને સંપૂર્ણપણે ઈલેક્ટ્રિક પાવરટ્રેન સાથે ઉપલબ્ધ થશે. સંપૂર્ણપણે ઈલેક્ટ્રિક પર્ફોર્મન્સ મૉડેલ 'BMW i7 M70' પણ ભારતમાં ગ્રાહકો માટે ઉપલબ્ધ થશે.

'BMW i7 M70' અત્યાર સુધીની સૌથી પાવરફુલ BMW 7 સિરીઝ હશે. આ કારની ડિલિવરી ઓક્ટોબર 2026થી શરૂ થશે.

રણવીર આ પહેલા સ્કોડા ઓટો ઈન્ડિયાનો બ્રાન્ડ ફેસ હતો

રણવીર આ પહેલા સ્કોડા ઓટો ઈન્ડિયાનો બ્રાન્ડ ફેસ હતો. ફેબ્રુઆરી 2025માં સ્કોડાએ તેને પોતાનો પહેલો 'બ્રાન્ડ સુપરસ્ટાર' જાહેર કર્યો હતો. કંપનીએ રણવીરને પોતાની નવી બ્રાન્ડ સ્ટ્રેટેજી અને કાયલાક SUVના પ્રમોશનલ કેમ્પેઈનમાં સામેલ કર્યો હતો.

રણવીર સિંહની સ્કોડા કારની જાહેરાત.

જોકે, રણવીરનો કાર કંપનીઓ સાથેનો સંબંધ માત્ર સ્કોડા પૂરતો સીમિત રહ્યો નથી. તે પહેલા 'મારુતિ સુઝુકી નેક્સા'નો પણ બ્રાન્ડ એમ્બેસેડર રહી ચૂક્યો છે. 2014માં તેને નેક્સા રેન્જનો ચહેરો બનાવવામાં આવ્યો હતો. રણવીર 'મારુતિ સુઝુકી સિયાઝ' સહિત કંપનીની ઘણી કારનો પ્રચાર કરી ચૂક્યો છે.

ખાસ વાત એ છે કે, રણવીર પોતે પણ મોંઘી અને લક્ઝરી કારના શોખીન છે. તેના કાર કલેક્શનમાં 'ફરારી 296 જીટીબી', 'જીએમસી હમર ઈવી 3એક્સ', 'રેન્જ રોવર ઓટોબાયોગ્રાફી' અને 'મર્સિડીઝ-મેબેક જીએલએસ 600' જેવી ગાડીઓનો સમાવેશ થાય છે.

રણવીર ઘણા મોટા બ્રાન્ડ્સનો બ્રાન્ડ એમ્બેસેડર રહી ચૂક્યો છે

રણવીર સિંહે ઓટોમોબાઈલ ઉપરાંત ઈલેક્ટ્રોનિક્સ, ખાદ્યપદાર્થો, પર્સનલ કેર અને ફેશન સહિત અનેક ક્ષેત્રોની મોટી બ્રાન્ડ્સ માટે ટીવી જાહેરાતો કરી છે. ટેક્નોલોજી અને મનોરંજનની વાત કરીએ તો, રણવીર 'ડિશ ટીવી' અને 'ફાસ્ટ્રેક સ્માર્ટ'ની જાહેરાતોમાં જોવા મળી ચૂક્યો છે. ખાદ્યપદાર્થો અને પીણાંની બ્રાન્ડ્સમાં રણવીરે ચિંગ્સ સિક્રેટ, બિંગો! અને થમ્સ અપ માટે જાહેરાતો કરી છે. પર્સનલ કેર અને લાઈફસ્ટાઈલમાં તે 'હ્યુરેક્સ', 'કોલગેટ મેક્સફ્રેશ', 'ફ્લાઈટ' અને 'માન્યવર'ની જાહેરાતોમાં જોવા મળ્યો છે.

# બેંક FD vs પોસ્ટ ઓફિસ ટાઈમ ડિપોઝિટ એકાઉન્ટ

## રોકાણ કરતા પહેલા સમજો ક્યાં પૈસા લગાવવા વધુ ફાયદાકારક છે, જાણો ક્યાં કેટલું વ્યાજ મળી રહ્યું છે

**ન્યૂયોર્ક, તા.12**

જો તમે હાલના દિવસોમાં બેંકમાં FD કરાવવાનું વિચારી રહ્યા છો, તો તમારે પોસ્ટ ઓફિસ ટાઈમ ડિપોઝિટ એકાઉન્ટ વિશે જાણી લેવું જોઈએ. આ સ્કીમમાં મહત્તમ 7.5% સુધીનું વ્યાજ મળી રહ્યું છે, જે દેશની મુખ્ય બેંકોમાં FD પર મળતા વ્યાજ કરતાં વધુ છે. અમે તમને દેશની મુખ્ય બેંકોની ફિક્સ્ડ ડિપોઝિટ (FD) ના વ્યાજ દર અને ટાઈમ ડિપોઝિટ એકાઉન્ટ વિશે જણાવી રહ્યા છીએ. જેથી તમે તમારી અનુકૂળતા મુજબ યોગ્ય જગ્યાએ રોકાણ કરીને વધુ ફાયદો મેળવી શકો. જો તમે હાલના દિવસોમાં બેંકમાં FD કરાવવાનું વિચારી રહ્યા છો, તો તમારે પોસ્ટ ઓફિસ ટાઈમ ડિપોઝિટ એકાઉન્ટ વિશે જાણી લેવું જોઈએ. આ સ્કીમમાં મહત્તમ 7.5% સુધીનું વ્યાજ મળી રહ્યું છે, જે દેશની મુખ્ય બેંકોમાં FD પર મળતા વ્યાજ કરતાં વધુ છે. અમે તમને દેશની મુખ્ય બેંકોની ફિક્સ્ડ ડિપોઝિટ (FD) ના વ્યાજ દર અને ટાઈમ ડિપોઝિટ એકાઉન્ટ વિશે જણાવી રહ્યા છીએ. જેથી તમે તમારી




અનુકૂળતા મુજબ યોગ્ય જગ્યાએ રોકાણ કરીને વધુ ફાયદો મેળવી શકો.

નેશનલ સેવિંગ્સ ટાઈમ ડિપોઝિટ એકાઉન્ટમાં 7.5% સુધીનું વ્યાજ મળી રહ્યું છે

આ એક પ્રકારની FD જ છે. તેમાં નિશ્ચિત સમયગાળા માટે રોકાણ કરીને તમે નિશ્ચિત વળતર મેળવી શકો છો.

ટાઈમ ડિપોઝિટ એકાઉન્ટ 1 થી 5 વર્ષ સુધીના સમયગાળા માટે 6.9% થી 7.5% સુધીના વ્યાજ દર ઓફર કરે છે.

તેમાં 1000 રૂપિયાનું ન્યૂનતમ રોકાણ કરવું પડે છે. જ્યારે મહત્તમ રોકાણની કોઈ મર્યાદા નથી.

નેશનલ સેવિંગ્સ ટાઈમ ડિપોઝિટ એકાઉન્ટ: તેમાં મહત્તમ વ્યાજ 7.5% મળી રહ્યું છે, આવા કિસ્સામાં રૂલ 72 મુજબ જો તમે આ સ્કીમમાં પૈસા રોકો છો, તો પૈસા બમણા થવામાં 9 વર્ષ 6 મહિનાનો સમય લાગશે.

ફિક્સ્ડ ડિપોઝિટ: દેશની મુખ્ય બેંકો FD પર મહત્તમ 7% વ્યાજ આપી રહી છે. આવી સ્થિતિમાં, રૂલ 72 મુજબ, જો તમે આ સ્કીમમાં પૈસા રોકો છો, તો પૈસા બમણા થવામાં 10 વર્ષ અને 3 મહિનાનો સમય લાગશે.

5 વર્ષ માટે રોકાણ કરવાથી ટેક્સ છૂટનો લાભ મળે છે

ટાઈમ ડિપોઝિટ સ્કીમ અને FD માં 5 વર્ષ માટે રોકાણ કરવાથી ઈનકમ ટેક્સ એક્ટ 1961ની કલમ 80C હેઠળ ટેક્સ છૂટનો લાભ લઈ શકો છો. આ હેઠળ, 1.50 લાખ રૂપિયા સુધીના રોકાણ પર તમે ઈનકમ ટેક્સ છૂટનો લાભ લઈ શકો છો. સરળ ભાષામાં તેને આમ સમજો, તમે કલમ 80C દ્વારા તમારી કુલ કરપાત્ર આવકમાંથી 1.5 લાખ સુધી ઘટાડી શકો છો.

શું છે રૂલ ઓફ 72?

ફાઈનાન્સનો આ ખાસ નિયમ છે રૂલ ઓફ 72. નિષ્ણાતો તેને સૌથી સચોટ નિયમ માને છે, જેનાથી એ નક્કી થાય છે કે તમારું રોકાણ કેટલા સમયમાં બમણું થઈ જશે. તેને તમે આમ સમજી શકો છો કે જો તમે બેંકની કોઈ ખાસ સ્કીમ પસંદ કરી છે, જ્યાં તમને વાર્ષિક 8% વ્યાજ મળે છે. આવા કિસ્સામાં તમારે રૂલ ઓફ 72 હેઠળ 72 ને 8 વડે ભાગવું પડશે. 72/8= 9 વર્ષ, એટલે કે આ સ્કીમ હેઠળ તમારા પૈસા 9 વર્ષમાં બમણા થઈ જશે.

ટાઈમ ડિપોઝિટ એકાઉન્ટ કોણ ખોલી શકે છે?

આ એકાઉન્ટ કોઈપણ પોસ્ટ ઓફિસમાં કોઈ પણ ખોલી શકે છે:

સિંગલ એકાઉન્ટ: કોઈપણ પુખ્ત વ્યક્તિ.

જોઈન્ટ એકાઉન્ટ: 2 કે 3 લોકો મળીને (જેમ કે તમે અને તમારી પત્ની).

બાળકો માટે: 10 વર્ષથી મોટા બાળકો પોતે ઓપરેટ કરી શકે છે, અથવા માતા-પિતા તેમના માટે ખોલી શકે છે.

# ₹2,500ના પગારથી લઈને ₹6 કરોડની સંપત્તિ સુધી : અમદાવાદના એક વ્યક્તિની વેલ્થ જર્નીમાંથી શીખો 7 જરૂરી ફાઈનાન્સિયલ વાતો

**નવી દિલ્હી, તા.12**

જ્યારે તમે કોઈની પાસે કરોડોની સંપત્તિની વાત સાંભળો છો, ત્યારે પહેલો વિચાર એ જ આવે છે કે તેનો પગાર મોટો હશે અથવા વારસામાં મોટો પૈસો મળ્યો હશે. પરંતુ અમદાવાદના 51 વર્ષીય ગ્રીજેશ અગલની વાર્તા બિલકુલ અલગ છે. તેમણે 1998માં ઉદયપુરથી માત્ર 2,500 મહિનાના પગાર પર મેડિકલ રિપ્રેઝન્ટેટિવ તરીકે પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી. આજે તેમની પાસે મ્યુચ્યુઅલ ફંડ, શેર, રિયલ એસ્ટેટ અને ગોલ્ડ મળીને 6 કરોડથી વધુની સંપત્તિ છે. તેમની આ યાત્રા સરળ રહી નથી. 2008ના માર્કેટ ક્રેશમાં પોર્ટફોલિયો 70% ઘટતાં તેમણે SIP રોકી દીધી હતી. પરંતુ 2020માં કોવિડ દરમિયાન જ્યારે પોર્ટફોલિયો 90 લાખથી ઘટીને 65 લાખ પર આવ્યો, ત્યારે તેઓ ડર્યા નહીં અને રોકાણ જાળવી રાખ્યું.



બે મંદી વચ્ચે તેમનો વ્યવહાર બદલાયો અને 7,000ની SIP વધીને 57,000 પ્રતિ મહિનો થઈ ગઈ. જાણો ગ્રીજેશની સફરથી મળતા 7 જરૂરી ફાઈનાન્સિયલ લેસન...

1. સૌથી પહેલું અને મોટું ઈન્વેસ્ટમેન્ટ તમારું કરિયર છે

ગ્રીજેશ રાજસ્થાનના સલુમ્બરમાં એક સામાન્ય મધ્યમવર્ગીય પરિવારમાં ઉછર્યા. તેમણે બી.ફાર્મા અને એમબીએ કર્યા પછી ફાર્મા સેલ્સમાં પહેલી નોકરી કરી. 2004માં અમદાવાદ આવ્યા પછી તેમને બિઝનેસ અને ઈક્વિટી માર્કેટની સમજ મળી. 2009માં એરિસ લાઈફસાયન્સિસ જોઈન કર્યા પછી તેમનું વાર્ષિક પેકેજ 6 લાખ થયું, જે પછીથી વધીને 9 લાખ, 15 લાખ અને 21 લાખ સુધી પહોંચ્યું.

ગ્રીજેશની સંપત્તિ એટલા માટે ન બની કે શરૂઆતમાં પગાર વધારે હતો, પરંતુ એટલા માટે બની કારણ કે કારકિર્દી સાથે તેમની કમાણી વધી અને તેમણે તે કમાણીને સતત રોકાણમાં બદલી.

2. વહેલી શરૂઆત જરૂરી, પરંતુ પ્લાનનું ટકાવું હોવું તેનાથી પણ વધારે

2006માં 15,000નો પગાર હોવા છતાં ગ્રીજેશે 20,000નું લમ્પસમ અને 7,000ની માસિક SIP શરૂ કરી. આ તેમની સેલરીનો 47% હિસ્સો હતો. પરંતુ તે સમયે તેમના પર હોમ લોન, કાર લોન અને પરિવારની જવાબદારી હતી. 2008ની મંદીમાં જ્યારે પોર્ટફોલિયો 70% તૂટ્યો, ત્યારે દબાણને કારણે તેમને SIP બંધ કરવી પડી. આના પરથી શીખ મળે છે કે માત્ર વહેલું રોકાણ શરૂ કરવું પૂરતું નથી, મુશ્કેલ સમયમાં ટકી રહેવા માટે નાણાકીય આધાર પણ મજબૂત હોવો જોઈએ.

3. દેવું ચૂકવો અને EMIના પૈસા સંપત્તિ નિર્માણમાં લગાવો

ગ્રીજેશએ પહેલા પોતાની હોમ લોન પૂરી કરવા પર ધ્યાન આપ્યું. ઓક્ટોબર 2010માં પહેલી હોમ લોન ચૂકવ્યા પછી ડિસેમ્બર 2011માં તેમણે ફરીથી 7,000ની SIP શરૂ કરી. 2020માં કોવિડના સમયે તેમણે 20 લાખની બીજી હોમ લોન પણ ચૂકવી દીધી. લોન પૂરી થવાથી જે પૈસા EMIમાં જઈ રહ્યા હતા, તેનો ઉપયોગ તેમણે પોતાની SIP વધારવામાં કર્યો. દેવામાંથી મુક્ત થવું એ અંતિમ લક્ષ્ય નહોતું, અસલી ફાયદો તે મુક્ત થયેલા કેશ ફ્લોને આગલા ધ્યેયમાં લગાવવાનો હતો.


4. પગાર વધારાને SIP વધારવાની તક બનાવો

ગ્રીજેશએ પોતાની SIPને ક્યારેય એક જગ્યાએ રોકાવા દીધી નહીં. પગાર વધવાની સાથે તેમની SIP 7,000થી વધીને 15,000, પછી 30,000, 50,000 અને અંતે 57,000 સુધી પહોંચી.

# 'લોહિયા એક પ્રામાણિક જીવની' : લાહોર કિલ્લાની જેલ યાતનાથી લઈને સંસદમાં કોંગ્રેસને પડકાર ફેંકવાની રોચક સફર

**નવી દિલ્હી, તા.12**

ભારતની રાજનીતિમાં કેટલાક નેતાઓ એવા રહ્યા છે, જેમને તેમના સમય કરતાં ઘણી પાછળની પેઢીઓએ સમજવાનો પ્રયાસ કર્યો. ડૉ. રામમનોહર લોહિયા તેમાંથી એક છે. તેઓ ભારતીય રાજનીતિ, સમાજ અને લોકશાહીને પોતાના અલગ દૃષ્ટિકોણથી જોનારા વિચારક હતા. લેખક ઓમકાર શરદનું પુસ્તક 'લોહિયા એક પ્રમાણિક જીવની' તેમના વ્યક્તિત્વ અને વિચારધારાને સમજાવવાનો પ્રયાસ કરે છે.



ઓમકાર શરદનું પુસ્તક લોહિયાના બાળપણથી શરૂ થઈને તેમના શિક્ષણ, ગાંધી સાથેના સંબંધો, સ્વતંત્રતા આંદોલન, જેલ-યાત્રા, સમાજવાદી રાજનીતિ, જાતિ-વિરોધી વિચારો, બિન-કોંગ્રેસવાદ અને તેમના અંતિમ સમય સુધી જાય છે.

પુસ્તકની વિશેષતા

પુસ્તકની વિશેષતા એ છે કે તેમાં લોહિયાના મોટા રાજકીય વિચારોની સાથે તેમના અંગત સ્વભાવ અને જીવનના નાના-નાના પ્રસંગો પણ છે. જેમ કે- બાળપણમાં તેમનો સ્વભાવ, અભ્યાસ પ્રત્યે તેમનો દૃષ્ટિકોણ, વિદેશમાં બનેલા અંગ્રેજ મિત્રો સાથેના સંબંધો, જેલમાં યાતના અને અંતિમ દિવસોની બેચેની.

ઓમકારે ડૉ. લોહિયાના જીવનને નજીકથી જોયું છે. તેઓ તેમના સહયોગી પણ રહ્યા છે. તેમણે પુસ્તકમાં લોહિયાના જીવનના અલગ-અલગ તબક્કાઓને અલગ-અલગ અધ્યાયોમાં ક્રમબદ્ધ કર્યા છે-

લોહિયા સામાન્ય પરિવારમાંથી હતા. પરંતુ બાળપણથી જ તેમના વ્યક્તિત્વમાં અસાધારણ જીદ અને સંવેદનશીલતા દેખાવા લાગી હતી. પુસ્તકમાં તેમના બાળપણના ઘણા પ્રસંગો આવે છે, જેના પરથી ખબર પડે છે કે તેઓ અન્યાયને ચૂપચાપ સ્વીકાર કરનારાઓમાં નહોતા.

બાળપણમાં જ તેઓ નબળા પર થતા અત્યાચારને લઈને બેચેન થઈ જતા હતા. શાળાના દિવસોમાં પણ તેમનો વ્યવહાર બીજા બાળકોથી અલગ હતો. રમત, તોફાન અને અભ્યાસની વચ્ચે તેમનું વ્યક્તિત્વ ધીમે ધીમે તર્ક, પ્રશ્ન અને વિરોધ તરફ આગળ વધી રહ્યું હતું.

# મુખ્યમંત્રી તરીકે શ્રી ભૂપેન્દ્ર પટેલના પાંચ વર્ષ પૂર્ણ, છેવાડાના માનવી સુધી પહોંચ્યો વણથંભ્યો વિકાસ

ગાંધીનગર, તા.12

13 સપ્ટેમ્બર, 2026ના રોજ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના સુશાસનના પાંચ વર્ષ પૂર્ણ થયા છે. આ પાંચ વર્ષ દરમિયાન ગુજરાતે વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર વિકાસ પ્રાપ્ત કરીને નાગરિકોની સુખાકારીમાં વધારો કર્યો છે. રાજ્યના ઇતિહાસનું સૌથી મોટું 4.08 લાખ કરોડનું બજેટ, સેમિકન્ડક્ટર અને રિન્યુએબલ એનર્જી જેવા ભવિષ્યના ક્ષેત્રોમાં સક્રિય ભાગીદારી, આધુનિક શહેરી અને ઔદ્યોગિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર તેમજ વર્તમાન સમયની જરૂરિયાત પ્રમાણે વહીવટી સુધારાઓએ ગુજરાતની વિકાસયાત્રાને નવી દિશા આપી છે. આ પાંચ વર્ષની સફર માત્ર આંકડાકીય સિદ્ધિઓ પૂરતી સીમિત નથી, પરંતુ વિકસિત ગુજરાત અને વિકસિત ભારતના નિર્માણ માટેનો રોડમેપ બની છે.

19 નીતિઓથી ભવિષ્યના ક્ષેત્રો માટે મજબૂત પાયાનું નિર્માણ

રાજ્યના વિકાસને નવી ગતિ આપવા માટે છેલ્લા પાંચ વર્ષમાં 19 મહત્વપૂર્ણ નીતિઓ અમલમાં મૂકવામાં આવી છે. સેમિકન્ડક્ટર, રિન્યુએબલ એનર્જી, ગ્રીન હાઈડ્રોજન, ઈલેક્ટ્રોનિક્સ, સ્પેસટેક, ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સ, ડેટા સેન્ટર્સ, શિપબિલ્ડિંગ અને અદ્યતન મેન્યુફેક્ચરિંગ જેવા ક્ષેત્રોને પ્રોત્સાહન આપતી નીતિઓના કારણે ગુજરાતે ઉભરતા અને વ્યૂહાત્મક ક્ષેત્રોમાં રોકાણ માટે મજબૂત ઈકોસિસ્ટમ ઊભી કરી છે.

પ્રાદેશિક વિકાસને વેગ: VGRCમાં 17.4 લાખ કરોડના MoU

વૈશ્વિક રોકાણ અને ઔદ્યોગિક વિકાસને રાજ્યના વિવિધ ક્ષેત્રો સુધી પહોંચાડવાના ઉદ્દેશથી ચાર વાયબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સિંઝનું આયોજન કરવામાં આવ્યું. આ ચાર પરિષદોમાં કુલ 17.4 લાખ કરોડના રોકાણ માટે MoU થયા છે. પ્રાદેશિક સ્તરે રોકાણ અને રોજગારીની તકો વધારવા માટે ગુજરાતે કરેલી આ પહેલના પરિણામે રાજ્યના સર્વાંગી અને સંતુલિત વિકાસને વધુ મજબૂતી આપી છે.

સેમિકન્ડક્ટર ક્ષેત્રમાં ગુજરાતની મોટી સિદ્ધિ: 6 પ્લાન્ટ મંજૂર, 3 કાર્યરત

સેમિકન્ડક્ટર ક્ષેત્રે ગુજરાતે દેશના અગ્રણી રાજ્ય તરીકે પોતાની સ્થિતિ મજબૂત કરી છે. રાજ્યમાં કુલ 6 સેમિકન્ડક્ટર પ્લાન્ટ્સને મંજૂરી મળી છે, જેમાંથી ત્રણ પ્લાન્ટ વ્યવસાયિક ધોરણે કાર્યરત થઈ ચૂક્યા છે. સેમિકન્ડક્ટરથી લઈને AI અને અદ્યતન મેન્યુફેક્ચરિંગ સુધીના ક્ષેત્રોમાં ગુજરાત ભવિષ્યની ટેક્નોલોજી આધારિત અર્થવ્યવસ્થા માટે પોતાનું સ્થાન મજબૂત કરી રહ્યું છે.



UCCથી વહીવટી સુધારા સુધી: ગુજરાતમાં સુશાસન બન્યું મજબૂત

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતમાં સમાન નાગરિક સંહિતા (UCC) બિલ પસાર કરવામાં આવ્યું છે, જે સમાનતા, ન્યાય અને એકતાના સંકલ્પને વધુ મજબૂત બનાવે છે. સાથે જ નાગરિક સેવાઓને વધુ સરળ, ઝડપી અને પારદર્શક બનાવવા અનેક વહીવટી સુધારાઓ અમલમાં મૂકવામાં આવ્યા છે. 'સુગમ ડિજિટલ ગુજરાત'ના માધ્યમથી સરકારી સેવાઓને પેપરલેસ, કેશલેસ અને ફેસલેસ બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ પગલાં લેવાયા છે.

GRIT અને GARCથી ગવર્નન્સ 2.0 તરફ ગુજરાતની આગેકૂચ

નીતિ આયોગની પેટર્ન પર 'ગુજરાત રાજ્ય ઈન્સ્ટિટ્યૂટ ફોર ટ્રાન્સફોર્મેશન' (GRIT)ની રચના કરવામાં આવી છે. વહીવટી તંત્રની કાર્યક્ષમતા અને અસરકારકતા વધારવા ગુજરાત વહીવટી સુધારણા પંચ (GARC)ની પણ રચના કરવામાં આવી છે. આ વિકાસલક્ષી અને વિઝનરી પહેલો દ્વારા ડેટા આધારિત નીતિ નિર્માણ, કાર્યક્ષમ વહીવટ અને પરિણામલક્ષી શાસનને વધુ મજબૂત બનાવવાના પ્રયાસ થયા છે.

'વિકસિત ગુજરાત @2047'નો ગુજરાતનો રોડમેપ

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના 'વિકસિત ભારત @2047'ના વિઝનને અનુરૂપ 'વિકસિત ગુજરાત @2047'નો રોડમેપ તૈયાર કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે. લાંબા ગાળાના આ વિઝન દ્વારા ગુજરાતને આર્થિક રીતે સક્ષમ, ટેક્નોલોજીથી સજ્જ અને સર્વસમાવેશી વિકાસ સાથેના એક મજબૂત રાજ્ય તરીકે વિકસાવવાની દિશા નક્કી કરવામાં આવી છે.

શહેરી વિકાસને પ્રાથમિકતા: વર્ષ 2025ની 'શહેરી વિકાસ વર્ષ' તરીકે ઉજવણી

તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના શહેરી વિકાસના વિઝનને આગળ લઈ જતા વર્ષ 2025ને 'શહેરી વિકાસ વર્ષ' તરીકે જાહેર કરવામાં આવ્યું હતું. રાજ્યના શહેરોને ભવિષ્યની જરૂરિયાતોને અનુરૂપ બનાવવા આધુનિક અને વિશ્વસ્તરીય ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ભાર મૂકવામાં આવ્યો છે. શહેરી પરિવહન, સુવિધાઓ અને નાગરિક સેવાઓમાં સુધારા સાથે શહેરોમાં 'ઈઝ ઑફ લિવિંગ' વધારવાની દિશામાં કામગીરી કરવામાં આવી છે.

યુવા પેઢીના સર્વાંગી વિકાસ માટે કલ્યાણકારી યોજનાઓ

યુવા પેઢીના સર્વાંગી વિકાસ માટે અનેક કલ્યાણલકારી યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. રાજ્યની દીકરીઓ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ પૂર્ણ કરે તે માટે 'નમો લક્ષ્મી યોજના' શરૂ કરવામાં આવી છે. ધોરણ 11-12માં વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા 'નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના' અમલમાં છે. પ્રાથમિક શાળાના બાળકોને મધ્યાહન ભોજન ઉપરાંત પોષણયુક્ત અલ્પાહાર મળે તે માટે 'મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના' અને સગર્ભા માતાઓના આરોગ્ય તથા પોષણ માટે 'નમો શ્રી યોજના' અમલમાં મૂકવામાં આવી છે.

મહેસૂલી સુધારાથી નાગરિક સેવાઓ બની ઝડપી

નાગરિકોને સરકારી પ્રક્રિયાઓમાં સરળતા મળે અને સેવાઓ વધુ ઝડપી બને તે માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં મહત્વપૂર્ણ મહેસૂલી સુધારાઓ અમલમાં મૂકવામાં આવ્યા છે. ટેક્નોલોજીના ઉપયોગ અને પ્રક્રિયાઓને સરળ બનાવીને નાગરિક કેન્દ્રિત વહીવટને વધુ મજબૂત બનાવવામાં આવ્યો છે.

## સુશાસનના 5 વર્ષ : મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુણવત્તાસભર અને સુલભ આરોગ્ય સેવાઓ સુનિશ્ચિત થઇ

ગાંધીનગર, તા.12

13 સપ્ટેમ્બર, 2026ના રોજ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના સુશાસનના પાંચ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. આ પાંચ વર્ષોમાં જન આરોગ્ય ક્ષેત્રે ગુણવત્તાયુક્ત, સુલભ અને ટેક્નોલૉજી આધારિત સેવાઓના વિસ્તરણ માટે અનેક મહત્વપૂર્ણ પહેલો કરવામાં આવી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી તરીકે રાજ્યમાં આરોગ્ય ક્ષેત્રે અનેક પરિવર્તનકારી પહેલો હાથ ધરી હતી. આ પહેલોને આગળ વધારતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે આરોગ્યસેવાઓની પહોંચ વધારવાની સાથે રોગનિવારણ, સમયસર નિદાન અને અસરકારક સારવાર પર પણ ભાર મૂક્યો છે.

PMJAY-MA હેઠળ આરોગ્ય સુરક્ષાનું કવચ વધુ મજબૂત, વિદ્યાર્થીઓને ડિજિટલ હેલ્થ કાર્ડ પૂરું પાડનારું ગુજરાત દેશનું એકમાત્ર રાજ્ય

પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના-મુખ્યમંત્રી અમૃતમ (PMJAY-MA) હેઠળ ગુજરાતના નાગરિકોને મળતી આરોગ્ય સહાય 5 લાખથી વધારીને 10 લાખ કરવામાં આવી છે. રાજ્યમાં અત્યારસુધીમાં 2.92 કરોડથી વધુ નાગરિકોને આયુષ્માન કાર્ડ આપવામાં આવ્યા છે. આ ઉપરાંત, શાળાના વિદ્યાર્થીઓને ડિજિટલ હેલ્થ કાર્ડ પૂરું પાડનારું ગુજરાત દેશનું એકમાત્ર રાજ્ય બન્યું છે. અત્યારસુધીમાં 1.15 કરોડ ડિજિટલ હેલ્થ કાર્ડ જારી કરવામાં આવ્યા છે.

99.97% સંસ્થાકીય ડિલિવરી દર સાથે ગુજરાતે રાષ્ટ્રીય બેન્ચમાર્ક સ્થાપિત કર્યો

નમોશ્રી યોજના હેઠળ અત્યારસુધીમાં 8 લાખથી વધુ મહિલાઓને કુલ 540 કરોડની આર્થિક સહાય આપવામાં આવી છે. માતૃત્વ અને બાળ આરોગ્ય ક્ષેત્રે ગુજરાતે નોંધપાત્ર કામગીરી કરી છે. રાજ્યમાં 99.97% સંસ્થાકીય ડિલિવરી દર નોંધાયો છે, જેના પગલે ગુજરાતે રાષ્ટ્રીય બેન્ચમાર્ક સ્થાપિત કર્યો છે.

ગુજરાતમાં "સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતામુક્ત ગુજરાત" અભિયાનનો પ્રારંભ

"વર્લ્ડ ઓબેસિટી ડે"ના દિવસે ગુજરાતમાં "સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતામુક્ત ગુજરાત" અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત, પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારત અભિયાન અંતર્ગત 31,021 નિક્ષયમિત્રનું નિક્ષય પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું છે અને ટીબીના દર્દીઓને પોષણયુક્ત આહાર મળી રહે તે માટે 5,76,344 પોષણ કિટનું વિતરણ કરવામાં આવ્યું છે.

મિશન ઈન્દ્રધનુષના અત્યારસુધીના તમામ તબક્કાઓ હેઠળ રાજ્યમાં 9,95,395 બાળકો અને 2,25,960 સગર્ભા મહિલાઓનું રસીકરણ કરવામાં આવ્યું છે.

આધુનિક અને ટેક્નોલૉજી આધારિત આરોગ્યસેવાઓ સુનિશ્ચિત કરવામાં આવી

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે રાજકોટ AIIMSનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે, જેના પગલે રાજ્યમાં ઉચ્ચસ્તરીય આરોગ્યસેવાઓની સુવિધામાં વધારો થયો છે. સોલા સિવિલ હોસ્પિટલમાં દેશના પ્રથમ ટેલિ-રિહેબિલિટેશન સેન્ટરનો શુભારંભ કરવામાં આવ્યો છે. ગુજરાતના નાગરિકોને આરોગ્યલક્ષી સેવા-સુવિધાઓનું એક જ છત્ર હેઠળ મોનિટરિંગ અને સમીક્ષા મળી રહે તે માટે 'આરોગ્ય સમીક્ષા કેન્દ્ર'નું લોકાર્પણ કરવામાં આવ્યું છે. ઈમરજન્સી આરોગ્યસેવાને વધુ સક્ષમ બનાવવા 108 ઈમરજન્સી એમ્બ્યુલન્સ સર્વિસ હેઠળ 617 નવી તેમજ હોસ્પિટલો ખાતેની એમ્બ્યુલન્સને સંકલિત કરવામાં આવી છે, જેના પગલે રાજ્યમાં 108 એમ્બ્યુલન્સની કુલ સંખ્યા 1,455 થઈ છે.

## સુશાસનના 5 વર્ષ : મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં શિક્ષણ ક્ષેત્રે અગ્રેસર બન્યું ગુજરાત

### નમો લક્ષ્મી' યોજના હેઠળ 25 લાખથી વધુ વિદ્યાર્થીનીઓને ₹2,110 કરોડથી વધુની સહાય

ગાંધીનગર, તા.12

13 સપ્ટેમ્બર, 2026ના રોજ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના સુશાસનના પાંચ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. આ સમયગાળા દરમિયાન શિક્ષણ ક્ષેત્રે ગુણવત્તા, ટેક્નોલૉજી અને નવીનતા સાથે વિદ્યાર્થીઓને શિક્ષણની વધુ સારી તકો મળે તે માટે અનેક મહત્વપૂર્ણ પહેલો કરવામાં આવી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી તરીકે શિક્ષણ ક્ષેત્રે શરૂ કરેલી પહેલોને આગળ વધારતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ શાળાકીય અને ઉચ્ચ શિક્ષણ બંને ક્ષેત્રે સુવિધાઓ અને તકોનો વિસ્તાર કરવામાં આવ્યો છે.



'નમો લક્ષ્મી' યોજના હેઠળ 25 લાખથી વધુ વિદ્યાર્થીનીઓને 2,110 કરોડથી વધુની સહાય

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ વર્ષ 2024માં શરૂ કરાયેલી 'નમો લક્ષ્મી' યોજના હેઠળ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતી કન્યાઓને શિક્ષણ ચાલુ રાખવા માટે આર્થિક સહાય આપવામાં આવી રહી છે. યોજના શરૂ થયા બાદ અત્યારસુધીમાં 25 લાખથી વધુ વિદ્યાર્થીનીઓને 2,110 કરોડથી વધુની સહાય આપવામાં આવી છે. યોજનાના અમલીકરણ બાદ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતી કન્યાઓની સંખ્યામાં પણ નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે.

આ ઉપરાંત, નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના હેઠળ 2024-25થી અત્યારસુધીમાં 3.54 લાખથી વધુ વિદ્યાર્થીઓને 290 કરોડની સહાય, જ્યારે મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ યોજના હેઠળ 2023-24થી અત્યારસુધીમાં 176 કરોડથી વધુની સહાય આપવામાં આવી છે.

મિશન સ્કૂલ્સ ઑફ એક્સેલન્સ અંતર્ગત 13,353 નવા વર્ગખંડો બનાવવામાં આવ્યા

ગુજરાતમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020નું અસરકારક અમલીકરણ કરવામાં આવ્યું છે. 'મિશન સ્કૂલ્સ ઑફ એક્સેલન્સ' હેઠળ અત્યારસુધીમાં 13,353 નવા વર્ગખંડો, 21,000 નવી કમ્પ્યુટર લેબ્સ, 1,09,000 નવા સ્માર્ટ ક્લાસરૂમ્સ અને 5,000 નવી STEM લેબ્સનું કાર્ય પૂર્ણ કરવામાં આવ્યું છે. વર્ષ 2024ની ભરતીમાં સરકારી અને બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં 9,400 શિક્ષણ સહાયકો અને 470 આચાર્યોની ભરતી કરવામાં આવી છે. સાથે જ 2,230 જૂના શિક્ષકોની ભરતી/બદલી કરવામાં આવી છે. વર્ષ 2026-27માં 200 નવી કમ્પોઝિટ, 95 નવી સરકારી માધ્યમિક અને 3 નવી ઉચ્ચતર માધ્યમિક શાળાઓને મંજૂરી આપવામાં આવી છે. વર્ષ 2026માં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવની 24મી કડીનું આયોજન કરવામાં આવ્યું છે. રાજ્યની તમામ શાળાઓમાં 'નો ડિટેન્શન પૉલિસી' નાબૂદ કરવામાં આવી છે અને RTE હેઠળ ધોરણ-1માં પ્રવેશ માટેની આવક મર્યાદામાં વધારો કરવામાં આવ્યો છે.

ડ્રોપઆઉટ ઘટાડવાથી સર્વસમાવેશી શિક્ષણ સુધી

વર્ષ 2001-02માં ધોરણ 1થી 8નો ડ્રોપઆઉટ રેટ 37.22 ટકા હતો, જે 2024-25માં ઘટીને 2.35 ટકા થયો છે. સંભવિત ડ્રોપઆઉટની વહેલી ઓળખ માટે AI આધારિત અર્લી વોર્નિંગ સિસ્ટમ (EWS) અમલમાં મૂકવામાં આવી છે. તેના દ્વારા અત્યારસુધીમાં આશરે 1,68,000 વિદ્યાર્થીઓની ઓળખ કરી તેમને શિક્ષણ પૂર્ણ કરવા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું છે. સર્વસમાવેશી શિક્ષણ માટે રાજ્યમાં 37 નવા રિસોર્સ રૂમ તૈયાર કરવામાં આવ્યા છે, જેમાં થેરાપી સાધનો, ડિજિટલ પેનલ, રેમ્પ, રેલિંગ અને CwSN ટોઈલેટ જેવી સુવિધાઓ છે. સરકારી પ્રાથમિક શાળાઓમાં યોગ અને સ્વાસ્થ્ય શિક્ષણ માટે 1,141 શિક્ષકોની નવી જગ્યાઓ પણ ઊભી કરવામાં આવી છે.

ઉચ્ચ શિક્ષણ, સંશોધન અને સ્ટાર્ટઅપ્સને વેગ

વિદ્યાર્થીઓને પોતાના વતનની નજીક ઉચ્ચ શિક્ષણની તકો મળી રહે તે માટે છેલ્લા પાંચ વર્ષમાં બિન આદિજાતિ વિસ્તારોમાં 24 અને આદિજાતિ વિસ્તારોમાં 17 મળી કુલ 41 નવી સરકારી કોલેજો શરૂ કરવામાં આવી છે. આ ઉપરાંત 15 સરકારી કોલેજોમાં નવા પ્રવાહો શરૂ કરાયા છે. મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના હેઠળ છેલ્લા પાંચ વર્ષમાં 3,97,415 વિદ્યાર્થીઓને 2,068.67 કરોડ, જ્યારે મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ યોજના હેઠળ 24,802 વિદ્યાર્થીનીઓને 797.01 કરોડની સહાય આપવામાં આવી છે. પી.એચ.ડી.ના વિદ્યાર્થીઓ માટે SHODH યોજના હેઠળ છેલ્લા પાંચ વર્ષમાં 113.52 કરોડની સહાય આપવામાં આવી છે.

## સુશાસનના 5 વર્ષ : મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતમાં મહેસૂલી સુધારાથી રાજ્યના નાગરિકોને ઝડપી અને પારદર્શક સેવા સુનિશ્ચિત થઇ

ગાંધીનગર, તા.12

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકારે સુશાસનના સફળ 5 વર્ષ પૂર્ણ કર્યા છે. રાજ્યના નાગરિકો સુધી પ્રભાવી અને અસરકારક સેવા વિતરણ સુનિશ્ચિત કરવા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે જરૂરી મહેસૂલી સુધારા કરીને સુશાસનનું દૃષ્ટાંત રજૂ કર્યું છે. તેમનું નેતૃત્વ પારદર્શિતા, સરળતા અને ટેક્નોલોજી આધારિત વહીવટ માટે જાણીતું છે. તેથી જ ગુજરાત સરકારે અમલમાં મૂકેલા વ્યાપક સુધારાઓ આજે રાજ્યના ખેડૂતો, ઉદ્યોગો અને વિકાસ પ્રોજેક્ટ્સ માટે આશીર્વાદરૂપ સાબિત થયા છે. જમીન નોંધણીથી લઈને બિનખેતીની મંજૂરી સુધીની પ્રક્રિયાઓને સરળ, પારદર્શક અને ડિજિટલ બનાવવાથી ગુજરાત સુશાસનનું રોલ મૉડેલ બન્યું છે. આ સુધારાઓને લીધે રાજ્યના વિકાસને નવી ગતિ મળી છે, જે "ઈઝ ઑફ ડૂઈંગ બિઝનેસ" અને "ઈઝ ઑફ લિવિંગ"ને મજબૂતી આપે છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ મહેસૂલ વિભાગે એન્ડ-ટુ-એન્ડ ડિજિટલ ગવર્નન્સને નવી ગતિ આપી છે. ઇ-ધરા જેવી પ્રણાલીઓને વધુ મજબૂત બનાવવામાં આવી છે, જેના લીધે ખરાઈ સાથેના જમીન રેકોર્ડ સુરક્ષિત અને ઝડપથી નાગરિકોને ઉપલબ્ધ કરવામાં આવી રહ્યા છે. પરિણામે જમીન સંબંધિત વિવાદોમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. કાયદાકીય સુરક્ષા જાળવીને પ્રક્રિયાને સરળ બનાવવા માટે બિનખેતી (NA) મંજૂરી પ્રક્રિયા સંપૂર્ણપણે ઓનલાઈન બનાવવામાં આવી છે. તેમાં સમયસર મંજૂરી મળવાથી સમય અને ખર્ચમાં ઘટાડો થયો છે અને ઉદ્યોગોને ફાયદો થવાની સાથે ખેડૂતોના હિતનું પણ ધ્યાન રાખવામાં આવ્યું છે. સાથો સાથ, ડિજિટલ ઈન્ડિયા લેન્ડ રેકોર્ડ્સ મોડર્નાઈઝેશન પ્રોગ્રામ હેઠળ 34 જિલ્લાઓમાં જમીન માપણી અને રીસર્વેની કામગીરી ના કારણે જેના કારણે જમીન વિવાદોમાં ઘટાડો થયો છે અને ખેડૂતોને લોન, પાક વીમા અને સરકારી સહાય સરળતાથી મળી રહી છે.

આઝાદી પછી પ્રથમવાર 75 વર્ષ જૂના 'ટુકડા ધારા-1947'માં મહત્વપૂર્ણ સુધારા

આ સુધારા વિધેયકમાં 1947 થી અત્યાર સુધી થયેલા તમામ ટુકડા ધારાના ભંગ કોઈપણ પ્રકારના દંડ વિના નિયમબદ્ધ-વિનિયમિત કરવામાં આવશે. આ વિધેયકમાં ઉમેરવામાં આવેલી નવી કલમ-5(4)નો ઉપયોગ કરી રાજ્ય સરકાર દ્વારા તમામ લોકલ એરીયામાં એક સમાન ક્ષેત્રફળ 10 ગુંઠા (1012 ચો.મી) નક્કી કરેલ છે. આ સુધારાથી જમીન લે-વેચમાં સ્થાનિક ગૂંચવાડા દૂર થશે. શહેરી વિસ્તારો ટુકડા ધારાની અસરમાંથી સંપૂર્ણ મુક્ત થશે અને સમગ્ર રાજ્યના સર્વાંગી વિકાસને ગતિ મળશે

સેવાઓમાં ડિજિટલાઈઝેશન અને ટેક્નોલોજીકલ સુધારા

મહેસૂલી સેવાઓમાં ડિજિટલ ટેક્નોલોજીને સામેલ કરવાથી કામગીરી વધુ સરળ, પારદર્ષક અને ઝડપી બની છે. ગરવી 2.0 પોર્ટલના રાજ્યવ્યાપી અમલીકરણ દ્વારા દસ્તાવેજ નોંધણી પ્રક્રિયા ઓનલાઇન અને ફેસલેસ બનાવવામાં આવી છે.


ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599



